


# સદ્ગુરુ
# શ્રીગોપાળાનંદસ્વામીની
# વિશેષતા (ભાગ-૨)

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પેપર સ્ટાઈલ | ૩ |
| ❋ ખાલી જગ્યા પૂરો. (વિકલ્પો સહિત) | ૪ |
| ❋ ખાલી જગ્યા પૂરો. (વિકલ્પ રહિત) | ૪૨ |
| ❋ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? | ૫૭ |
| ❋ એક વાક્યમાં ઉત્તર આપો. | ૬૬ |
| ❋ બે થી ત્રણ વાક્યમાં જવાબ લખો. | ૧૦૪ |
| ❋ નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. | ૧૧૭ |

# પેપર સ્ટાઈલ

પ્રશ્ન-૧ : આપેલા વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધી તેની સામે દર્શાવેલ કૌંસમાં તેનો નંબર લખો. (૫૦ માર્ક)

પ્રશ્ન-૨ : નીચે આપેલી ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૧૦ માર્ક)

પ્રશ્ન-૩ (અ) : નીચેના વાક્યો કોણ બોલે છે ? (૫ માર્ક)

પ્રશ્ન-૩ (બ) : નીચે આપેલા પ્રશ્નોના તેની સામે જવાબ લખો. (૫ માર્ક)

**નોંધ : પ્રશ્ન-૩ (બ)ના પ્રશ્નો આપેલ કોર્ષમાંથી ગમે ત્યાંથી, ગમે તે પ્રશ્ન પૂછાશે.**

પ્રશ્ન-૪ : નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૧૦ માર્ક)

પ્રશ્ન-૫ (અ) : નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેક પ્રશ્ન ૨ માર્ક) (કુલ ૧૦ માર્ક)

પ્રશ્ન-૫ (બ) : નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (પ્રત્યેક ૫ માર્ક) (કુલ ૧૦ માર્ક)

**ખાસ નોંધ : આ ગોપાળાનંદસ્વામીની વિશેષતા (ભાગ-૨) પરીક્ષાની સાથે જ જ્ઞાનદીપના ૧ થી ૫ ભાગની પણ પરીક્ષા લેવાશે જેની સર્વે ભક્તોએ નોંધ લેવી.**

॥ શ્રીહરિજી ॥

સદ્‌ગુરુશ્રી

# ગોપાળાનંદસ્વામીની વિશેષતા

## (ભાગ-૨)

## ❋ ખાલી જગ્યા પૂરો. (વિકલ્પો સહિત)

૧. મહારાજે છેલ્લો રંગોત્સવ....ધામમાં કર્યો હતો. (૧) વડતાલ (૨) **ગઢડા**

૨. ભગવાન સ્વામિનારાયણ નીલકંઠવર્ણીરૂપે રામાનંદ સ્વામીને પ્રથમ પીપલાણામાં .............. તિથિએ મળ્યા હતા. **(૧) જેઠ વદ બારસ** (૨) જેઠ સુદ બારસ

૩. શ્રીહરિની .................ના બળ વિના કોઈ કામ સિદ્ધ થાય નહીં. **(૧) ઉપાસના** (૨) ભક્તિ

૪. ..................... સ્વામી સમાધિ કરી, ધામમાં જઈને મહારાજને પૂછીને ગોપાળાનંદ સ્વામીને સમાચાર આપતા. (૧) બાલમુકુંદ સ્વામી **(૨)કેશવપ્રસાદ સ્વામી**

૫. ભગવાન સ્વામિનારાયણે .................ની આરતી ઉતારી. (૧) ગોપાળાનંદ સ્વામી **(૨) પરમ ચૈતન્યાનંદ સ્વામી**

૬. પરમ ચૈતન્યાનંદ સ્વામીને મહારાજે .......... જોડ ચરણારવિંદ આપ્યાં હતાં. **(૧) ૬૦** (૨) ૨૦

૭. પરમ ચૈતન્યાનંદ સ્વામી ............ગામથી અક્ષરવાસી થયા હતા. **(૧) ગઢપુર** (૨) પીપલાણા

૮. સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ગોંડલનું શિખરબદ્ધ મંદિર બાંધનાર સ્વામી ...........હતા. **(૧) કૃષ્ણસેવાદાસજી** (૨) ભગવાનદાસ સ્વામી

૯. કૃષ્ણસેવાદાસ સ્વામીને મંડળધારીની પદવી ........... સ્વામીએ આપી હતી. (૧) ગોપાળાનંદ સ્વામી (૨) **ગુણાતીતાનંદ સ્વામી**

૧૦. ભગવાનને રાજી કર્યાનું સૌથી મોટું સાધન ભગવાનમાં ............ રાખવી એ છે. (૧) આસક્તિ (૨) **અખંડવૃત્તિ**

૧૧. વૃત્તિઓ .............. કરવી એ કામ ખૂબ જ કઠીન છે. **(૧) એકાગ્ર** (૨) સંકેલવી

૧૨. પ્રેમનું મૂળ ........... છે. **(૧) મહિમા** (૨) સેવા

૧૩. આપણે જે કાંઈ કરવું એ ભગવાનની ........... અર્થે કરવું. (૧) સેવાને **(૨) પ્રસન્નતાને**

૧૪. સંસારમાં સંપત્તિ અગત્યની છે અને સત્સંગમાં ................ અગત્યની છે. (૧) માન-પ્રતિષ્ઠા **(૨) મોટાની પ્રસન્નતા**

૧૫. રાજીપો વાવવાથી ........ અને વાપરવાથી રાજીપો .......... છે. **(૧) વધે-ઘટે** (૨) ઘટે-વધે

૧૬. કૃષ્ણાનંદ સ્વામીએ ...............ગ્રંથમાં શામળિયા ચૈતન્યાનંદ સ્વામીની વિશેષતા વર્ણવી છે. **(૧) હરિચરિત્રામૃત** (૨) શ્રીજીની લીલા

૧૭. વિશ્વમાં ........ નું તેજ પાડવા શ્રીજીમહારાજે બાર સદ્‌ગુરુઓ સ્થાપ્યા હતા. (૧) ભક્તિ **(૨) જ્ઞાન**

૧૮. "મૂર્તિ લાગત પ્યારી" પદની રચના ........... સ્વામીએ કરી છે. **(૧) ધર્માનંદ સ્વામી** (૨) જ્ઞાનાનંદ સ્વામી

૧૯. "મુક્તાનંદ સ્વામી આદિક સાધુનાં જે કાવ્ય અને કીર્તન તે ગાવવાં અને સાંભળવાં" એમ મહારાજે ............. વચનામૃતમાં કહ્યું છે. (૧) ગ.મ. ૩૭ **(૨) ગ.મ. ૩૫**

૨૦. રાગ, દ્વેષ અને ....... એ આપણને બધાને અંદરો-અંદર લડાવ્યા અથડાવ્યા છે. **(૧) ઈર્ષા** (૨) માન

૨૧. શામળિયા ચૈતન્યાનંદ સ્વામી અંતિમ અવસ્થામાં વાતો કરતા હતા તે ....................... સ્વામીએ લખી લીધી હતી. **(૧) ધર્મવલ્લભદાસજી સ્વામી** (૨) ધર્માનંદ સ્વામી

૨૨. ................. સ્વામી ગઢપુર - વડતાલ ધર્મશાળામાંથી ચરણરજ ભેગી કરી પલાળતા. પછી આખા શરીરે ચોપડતા હતા. (૧) નાના ચૈતન્યાનંદ સ્વામી (૨) **શામળિયા ચૈતન્યાનંદ સ્વામી**

૨૩. વિધાત્રાનંદ સ્વામીએ ............ ગ્રંથ લખ્યો છે. (૧) **પુરુષોત્તમ પત્રી** (૨) પુરુષોત્તમપ્રકાશ

૨૪. સહજાનંદ અર્થદીપિકા ગ્રંથ .............. સ્વામીએ રચ્યો હતો. (૧) ગોપાળાનંદ સ્વામી (૨) **વિધાત્રાનંદ સ્વામી**

૨૫. સહજાનંદ અર્થદીપિકા ગ્રંથમાં “સહજાનંદ”ના કુલ .............. અર્થ સમજાવાયા છે. (૧) **૨૩૦** (૨) ૩૨૦

૨૬. વિધાત્રાનંદ સ્વામી ............ થકી સ્થિતિ પામ્યા હતા. (૧) ગુણાતીતાનંદ સ્વામી (૨) **ગોપાળાનંદ સ્વામી**

૨૭. સ્થિતિ પામેલા સિદ્ધાનંદ સ્વામીના ગુરુનું નામ ................. છે. (૧) **સચ્ચિદાનંદ સ્વામી** (૨) ગોપાળાનંદ સ્વામી

૨૮. ધ્યાનની સિદ્ધિ માટે ................ આવશ્યક છે. (૧) **સતત અભ્યાસ** (૨) બ્રહ્મચર્ય

૨૯. ......... માંથી નીકળતું ધર્મભૂત જ્ઞાન = વૃત્તિ. (૧) પરમાત્મા (૨) **આત્મા**

૩૦. પાંચ ઈન્દ્રિયોને ખોરાક આપતી વખતે ..............મુ વચનામૃત ધ્યાનમાં લેવું જોઈએ. (૧) **ગ. પ્ર.૧૮** (૨) ગ.પ્ર. ૮

૩૧. ઈન્દ્રિયો અંતઃકરણને કારસો દીધા વિના નિરંતર ............ ન થાય. (૧) અખંડવૃત્તિ (૨) **ધ્યાન**

૩૨. ગોપાળાનંદ સ્વામીએ ..............ને ધ્યાનની કળા શીખવી હતી. (૧) **સિદ્ધાનંદ સ્વામી** (૨) શતાનંદ સ્વામી

૩૩. આપણે ......... કરી હોય તેનો પણ અંતઃકરણમાં કેફ ચઢે છે, એવું ગોપાળાનંદ સ્વામી કહેતા. (૧) મદદ (૨) **સેવા**

૩૪. સિદ્ધાનંદ સ્વામી અને સચ્ચિદાનંદ સ્વામી ગુરુશિષ્ય ગઢપુરમાં .......... રહી સેવા કરી પ્રભુને રાજી કરતા. (૧) **રાધાવાવે** (૨) લક્ષ્મીવાડી

૩૫. ગોપાળાનંદ સ્વામીએ સિદ્ધાનંદ સ્વામીને .......... ના પાદરમાં ધ્યાનની કળા શીખવી હતી. (૧) **વેળાવદર** (૨) જુનાગઢ

૩૬. આપણી પાસે .................. મણિ હોવો આવશ્યક છે. (૧) **મુમુક્ષુતારૂપી** (૨) નિશ્ચયરૂપી

૩૭. ગોપાળાનંદ સ્વામીએ સિદ્ધાનંદ સ્વામીને ........... આજ્ઞા કરી હતી. (૧) **મંદિરો બાંધવાની** (૨)અખંડવૃત્તિ રાખવાની

૩૮. સિદ્ધાનંદ સ્વામીએ સૌ પ્રથમ મંદિર .................. બાંધ્યું હતું. (૧) ઉમરેઠ (૨) **ઉગામેડી**

૩૯. સિદ્ધાનંદ સ્વામીએ કરેલાં મંદિરોમાં પધરાવેલ પ્રથમ એક ચક્ષુની મહારાજની મૂર્તિ ............. બનાવતા હતા. (૧) **નારણજી સુતાર** (૨) સુંદરજી સુતાર

૪૦. સિદ્ધાનંદ સ્વામીએ ............... તિથિએ દેહ મૂક્યો. (૧) **માગશર વદ નોમ** (૨) માગશર સુદ ચોથ

૪૧. સચ્ચિદાનંદ સ્વામી ..............નો અવતાર હતા. (૧) **નીલકંઠ મહાદેવ** (૨) દત્તાત્રેય

૪૨. જેતપુરમાં ........... નદી વહે છે. (૧) **ભાદર** (૨) મહી

૪૩. અગત્રાઈમાં મહારાજે .............ના ઘરે ઉતારો કર્યો. (૧) દાદા ખાચર (૨) **પર્વતભાઈ**

૪૪. નંદમાલા ગ્રંથની રચના .............એ કરી છે. (૧) **મંજુકેશાનંદ સ્વામી** (૨)બાલમુકુંદદાસ સ્વામી

૪૫. સં. ૧૯૩૦ ભક્તિવલ્લભદાસજી સ્વામીએ પોતાના ઉત્તરાધિકારી તરીકે ગઢપુરનો વહીવટ ......ને સોંપ્યો હતો. (૧) **ભીમજીભાઈ** (૨) પૂજાશેઠ

૪૬. હરિલીલામૃત ગ્રંથના રચયિતા ................ છે. (૧) આચાર્ય રઘુવીરજીમહારાજ (૨) **આચાર્ય વિહારીલાલજીમહારાજ**

૪૭. ................ નો નાશ થાય ત્યારે બ્રહ્મશરીર, ભાગવતી તનુ પ્રાપ્ત થાય છે. (૧) અજ્ઞાન (૨) **ત્રણ ગુણ**

૪૮. ................ ને તાળા સોતાં કમાડ ને ભીંત નડ્યાં નહીં. આકાશ માર્ગે ગોલોકમાં વિરજા નદીનું જળ પીને પરત આવ્યા. (૧) **વિજ્ઞાનદાસજી** (૨) સંતદાસજી

૪૯. ................ ના વિશ્વાસનો ત્યાગ કરવો. (૧) બુદ્ધિ (૨) **મન**

૫૦. ભગવાનના ............ વિના દાસ થવાય નહીં. (૧) ઐશ્વર્ય (૨) **માહાત્મ્ય**

૫૧. જીવને સૌથી મોટો ભય ............. નો છે. (૧) કુસંગ (૨) **મૃત્યુ**

૫૨. જીવ મોતથી ન ડરે ત્યારે ............... થાય છે. (૧) શૂરવીર (૨) **નિર્ભય**

૫૩. સાધુમાં સ્વધર્મ, આત્મનિષ્ઠા, નિશ્ચય અખંડ રહે છે, પણ .......... આવે ને જાય છે. (૧) **માહાત્મ્ય** (૨) વૈરાગ્ય

૫૪. ......... પોતાના દેહને ચંદનની જેમ ઘસી નાંખે છે. (૧) સેવક (૨) **દાસ**

૫૫. બગડ મંદિરમાં રામચરણ અને ઉત્તમચરણ સ્વામીને લાકડાં વહેરતી વખતે ઉનાળામાં પરસેવો ખૂબ થતાં ........... એમને પવન નાખતા હતા. (૧) ગુરુ સિદ્ધાનંદ સ્વામી (૨) **શ્રીજી મહારાજ**

૫૬. દેહમાં રહેવું ગમે છે તેને ............. સત્સંગ કહેવાય છે. (૧) પક્વ (૨) **અપક્વ**

૫૭. જીવ .......... વાસનાને કારણે દેહમાં ફસાયેલો છે. (૧) શુભ (૨) **અશુભ**

૫૮. .............. સત્સંગની "મા" તરીકે ઓળખાય છે. (૧) ગોપાળાનંદ સ્વામી (૨) **મુક્તાનંદ સ્વામી**

૫૯. .......... દેશના હરિભક્તની પ્રાર્થનાથી મહારાજે સદ્.ગુણાતીતાનંદ સ્વામીની આયુષ્ય વધારી હતી. (૧) **સોરઠ** (૨) કચ્છ

૬૦. ભગવાન કે ભગવાનના સત્પુરુષ સાથે ............ રાખવું નહીં. (૧) માન (૨) **કપટ**

૬૧. ભગવાનના સાધુ કે હરિભક્ત સાથે ............. રાખવું નહીં. (૧) **બરોબરિયાપણું** (૨) સ્વભાવ

૬૨. પુરુષોત્તમનારાયણ ............. હેતુ લઈને આ લોકમાં આવ્યા હતા. (૧) ૧૧ (૨) ૬

૬૩. અલૈયા-મોડાના રાજકુમાર રણમલજીએ કયા ગામમાં સાધુ થવાની મહારાજ આગળ માંગણી મૂકી હતી ? (૧) **બોચાસણમાં** (૨) કારિયાણીમાં

૬૪. રાજકુમાર રણમલજીમાં ........... જબરું અંગ હતું. (૧) ધ્યાનનું (૨) **સેવાનું**

૬૫. રાજકુમાર રણમલજીને દિક્ષા ............ ગામમાં અપાઈ. (૧) બોચાસણ (૨) **કાલાવડ**

૬૬. .................. ધરમપુરમાં કુશળકુંવરબાઈનું કલ્યાણ કરવા ગયા હતા. (૧) **પરમ ચૈતન્યાનંદ સ્વામી** (૨) અક્ષરાનંદ સ્વામી

૬૭. શ્રીજી મહારાજ કુશળકુંવરબાઈને મળવા ગયા ત્યારે તેમની ઉંમર ........... હતી. (૧) ૮૨ વર્ષની (૨) **૮૦ વર્ષની**

૬૮. મહારાજ ધરમપુરથી નીકળ્યા પછી કુશળકુંવરબાઈ ............... દિવસે દેહ છોડી ધામમાં ગયાં. (૧) **૧૪મા** (૨) ૧૨મા

૬૯. સદ્.અક્ષરાનંદ સ્વામી .............ના શિષ્ય હતા. (૧) સદ્. શ્રીગુણાતીતાનંદ સ્વામીના (૨) **સદ્. શ્રીગોપાળાનંદ સ્વામી**

૭૦. મહારાજના સ્વધામ ગમનનો પત્ર ગોપાળાનંદ સ્વામીએ વડતાલમાં ...... ઉપર લખ્યો હતો. (૧) સદ્. બ્રહ્માનંદ સ્વામી (૨) **સદ્.અક્ષરાનંદ સ્વામી**

૭૧. અમદાવાદ દેશમાં ...........ના વહીવટની સેવાથી બધા સંતો-ભક્તો દુઃખાયા હતા. (૧) **ગોપી ભટ્ટ** (૨) અક્ષરાનંદ સ્વામી

૭૨. વડતાલ મંદિરના પ્રથમ મહંત તરીકે ..........એ સેવા સંભાળી હતી. (૧) સદ્.શ્રીઅક્ષરાનંદ સ્વામી (૨) **સદ્.શ્રીબ્રહ્માનંદ સ્વામી**

૭૩. ગઢપુરના આદિ મહંત તરીકે ............... નિમાયા હતા. (૧) **સદ્. વિરક્તાનંદ સ્વામી** (૨) સદ્. નિર્વિકલ્પાનંદ સ્વામી

૭૪. સદ્.ગોપાળાનંદ સ્વામીએ વાતો કરીને અક્ષરાનંદ સ્વામીનો ......... ટાળી નાખ્યો. (૧) અહં (૨) **મોહ**

૭૫. સદ્.ગોપાળાનંદ સ્વામીએ ત્યાગીના ધર્મની વાતો કરી અક્ષરાનંદ સ્વામીને ............. કરી મૂક્યા. (૧) **પરમ એકાંતિક** (૨) પરમ ભાગવત્

૭૬. ............ વગર સમજણ મળે નહીં. (૧) **મોટા મળ્યા** (૨) સંત મળ્યા

૭૭. અક્ષરાનંદ સ્વામીને ધામમાં લઈ જવાની વાત મહારાજે ................ ને કરી હતી. (૧) સદ્.ગોપાળાનંદ સ્વામી (૨) **રઘુવીરજી મહારાજ**

૭૮. ગોમતી (વડતાલમાં) ..........એ બંધાવી છે. (૧) આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ (૨) **આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ**

૭૯. .............. માણસને શોભાડે છે. (૧) **સરળતા** (૨) સમજણ

૮૦. સ્વામિનારાયણ ભગવાન અને ગોપાળાનંદ સ્વામી ................ છે. (૧) મહાન (૨) **ત્રિકાળ જ્ઞાની**

૮૧. દુનિયા જેને સદ્‌ગુણ કહે છે, તે ક્યારેક ............. નું કામ કરે છે. (૧) **દુર્ગુણ** (૨) નુકશાની

૮૨. જેને પોતાનો સ્વભાવ ટાળવો છે તેને .............. ન કરવી. (૧) **ઉતાવળ** (૨) કાયરતા

૮૩. મહારાજે કુલ ................ રંગોત્સવ કર્યા હતા. (૧) **૩૧** (૨) ૩૦

૮૪. દયાનંદ સ્વામીનું બીજું નામ ...............હતું. (૧) **ઉત્તમાનંદ સ્વામી** (૨) હરિહરિયાનંદ સ્વામી

૮૫. વાસુદેવ ચરણ સ્વામી એટલે........ (૧) રત્ના ભગત (૨) **ગુમાન ભગત**

૮૬. શ્રીજી મહારાજે ................માં જીવનું સ્વરૂપ કહ્યું હતું. (૧) વેરાવડ (૨) **માનકૂવા**

૮૭. શ્રીજી મહારાજે કલ્યાણદાસને કેટલો ધર્માદો આપવા કહ્યું. (૧) રૂપિયો (૨) **આઠ આના**

૮૮. દેહ હોય ત્યાં પ્રારબ્ધ હોય અને પ્રારબ્ધ હોય ત્યાં ........... (૧) **દુઃખ** (૨) મુશ્કેલી

૮૯. ............ જેવી કોઈ મૂડી નથી. (૧) **પ્રસન્નતા** (૨) મહિમા

૯૦. શ્રીધરાનંદ સ્વામીએ ......... વચનામૃતની પારાયણ કરેલી. (૧) **૧૦૮** (૨) ૧૧૨

૯૧. વડતાલની ધર્મશાળામાં ............વાર મહારાજે પંક્તિ કરી સંતોને જમાડ્યા હતા. **(૧) ૪૯૬** (૨) ૩૯૪

૯૨. ............ ના શેઠ વાણિયા જેમને બધા ગાંડા માનતા. **(૧) માંગરોળ** (૨) જેતપુર

૯૩. ભગવાનમાં સાચો ........... હોય તો ભગવાનના જ વિચારો આવે. (૧) વિશ્વાસ **(૨) પ્રેમ**

૯૪. પરમેશ્વરના સ્વરૂપમાં જોડાવામાં ................. નડે છે. **(૧) પોતાના સ્વભાવ** (૨) અભાવ

૯૫. ભગવાનના સંતો અને ભક્તો કંઈક કહે તો .......... લેવું જોઈએ. (૧) અવળું **(૨) સવળું**

૯૬. અયોગ્ય સ્વભાવમાં ........... ભૂંડું થાય છે. (૧) સત્સંગનું **(૨) જીવનું**

૯૭. મનમાં રાગ વર્તે ત્યારે ........... કરવું. (૧) સેવા **(૨) ભજન**

૯૮. મન ઈન્દ્રિયોની ક્રિયામાં વર્તે ત્યારે ............... કરાય. **(૧) સેવા** (૨) ભજન

૯૯. મનમાં ઉદાસી વર્તે ત્યારે ......ના વિચાર કરવા. **(૧) વૈરાગ્ય** (૨) જ્ઞાન

૧૦૦. શિષ્ય જતો રહેશે એની બીકમાં ને બીકમાં એને દુઃખ લાગે નહિ એમ રાખે તેને ....... રાખ્યો કહેવાય. **(૧) પંપાળીને** (૨)બળજબરી

૧૦૧. .......... અને.......... હોય તે સંતો પાસે નિષ્કપટ રહે છે અને સમાગમ કરે છે. **(૧) હિંમતવાળો-શૂરવીર** (૨) મહિમાવાળો-નિષ્ઠાવાન

૧૦૨. જીવાત્મા સાથે એકરસ થઈ ગયેલાં જે કર્મ તેને .......... કહેવાય. **(૧) સ્વભાવ** (૨) પ્રારબ્ધ

૧૦૩. .......... મોક્ષ થાવો તે બહુ કઠણ છે. **(૧) નિર્વિઘ્ન** (૨) વિશેષ

૧૦૪. ........... જોતું હોય તો માન મૂકવું જ પડશે. (૧) આબરૂ **(૨) કલ્યાણ**

૧૦૫............ભૂલીને ભગવાનનું ધ્યાન, ભજન-કીર્તન કરવું તો તેમાં બહુ મોટો લાભ થાય. **(૧) દેહ** (૨) આસક્તિ

૧૦૬............વાળો માણસ ક્યારેય ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહેવાય નહીં. (૧) આત્મભાવ **(૨) દેહભાવ**

૧૦૭.કલ્યાણના ભેદ .............ના આધારે છે. **(૧) નિશ્ચય** (૨) ઉપાસના

૧૦૮.જેને ભગવાનનું માહાત્મ્ય જાણ્યામાં કસર છે તેને ભગવાનના સ્વરૂપના ..........માં પણ તેટલી કસર છે. **(૧) નિશ્ચય** (૨) ઉપાસના

૧૦૯.અરુચિ, અણગમો તે............... છે. **(૧) અભાવ** (૨) સ્વભાવ

૧૧૦..............નો હંમેશાં સવળો ઉપયોગ થવો જોઈએ. **(૧) પ્રભુની કૃપા** (૨) સંપત્તિ

૧૧૧.ખોપાળાના ...............એ મહારાજને બળદ આપ્યા. **(૧) જેઠા માણિયા** (૨) રવજી સુતાર

૧૧૨.સ્વેચ્છા પ્રમાણે જીવાય એટલે ............. (૧) મુક્તતા **(૨) બદ્ધતા**

૧૧૩.જેટલી ........ નથી રહેતી એટલી બદ્ધતા છે. (૧) સ્મૃતિ **(૨) અનુવૃત્તિ**

૧૧૪.આ જીવે ........... માં સુખ માન્યું છે. **(૧) વિષય** (૨) દેહ

૧૧૫.શુદ્ધ થઈને ........... માં સદાને માટે જોડાઈ જવું એ કામ છોકરાના ખેલ નથી. **(૧) પરમેશ્વર** (૨) સેવા

૧૧૬.રાજીપાની .............. મળે તો ચૂકવી નહીં, ઝડપી લેવી. **(૧) તક** (૨) ઇચ્છા

૧૧૭.અનંતાનંદ સ્વામી ..........ના અવતાર હતા. **(૧) યોગેશ્વર** (૨) બ્રહ્મા

૧૧૮.શ્રીજી મહારાજે વિ.સં. ૧૮૭૫માં કુલ .............. સદ્ગુરુઓ કર્યા હતા. (૧) દસ **(૨) બાર**

૧૧૯............. બહુ મોટો દોષ છે. (૧) કામ **(૨) ઈર્ષા**

૧૨૦.સિદ્ધાનંદ સ્વામીને મહારાજનું “ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો” - આ વચન પાળતા પાળતા......... લાગી ગયા. **(૧ ) સાત** (૨) પાંચ

૧૨૧............ ટળે નહિ તો પૂરેપૂરું દાસપણું આવે નહીં. (૧) અભિમાન (૨) **પોતાપણું**

૧૨૨............ગામના મંદિરના બાંધકામ વખતે સ્વયં શ્રીજી મહારાજ સંતોને પવન નાખવા દિવ્યરૂપે આવ્યા હતા. (૧) **બગડ** (૨) ગઢડા

૧૨૩.ગોપાળાનંદ સ્વામી ........... પાસે પત્રો લખાવતા. (૧) નિત્યાનંદ સ્વામી (૨) **શુકાનંદ સ્વામી**

૧૨૪.......... ચીકણી લાળ જેવું છે. (૧) વાસના (૨) **અજ્ઞાન**

૧૨૫...........આવ્યા વગર મોહ ટળે નહીં. (૧) જ્ઞાન (૨) **સમજણ**

૧૨૬.મહતપુરુષનો આશ્રય ..........સહિત કરવો. (૧) **હિંમત** (૨) શ્રધ્ધા

૧૨૭...........મૂકે છે તે જ મુક્ત થાય છે. (૧) માન (૨) **મનધાર્યું**

૧૨૮........... કલ્યાણનું દ્વાર છે. (૧)સત્પુરુષો (૨)**સંત**

૧૨૯.શુકાનંદ સ્વામી મૂળ ..........ગામના હતા. (૧)ફરેણી (૨) **ડભાણ**

૧૩૦.આપણને આપણી ખોટ ઓળખાય એ ભગવાનની .......... છે. (૧)કરુણા (૨) **કૃપા**

૧૩૧.હરિકૃપા તબ જાનિયે, જબ ..........અપના દોષ. (૧)દેખત (૨)**સુજત**

૧૩૨.મૂર્તિ દેખાય કે ન દેખાય પણ ધ્યાનનો ..........મૂકવો નહીં. (૧) **આગ્રહ** (૨)અભ્યાસ

૧૩૩.આપણા જીવનમાં બધાં દુઃખો .......... લઈને આવે છે. (૧) આજ્ઞાલોપ (૨)**અજ્ઞાન**

૧૩૪........... હોય ત્યાં ભગવાન ન આવે. (૧)અભિમાન (૨) **માયા**

૧૩૫........... માં બહુ આનંદ છે. (૧)દાસભાવ (૨) **ત્યાગ**

૧૩૬.કૃષ્ણારામ શાસ્ત્રીને ..........નું અંગ હતું. (૧)પ્રેમ (૨) **વિશ્વાસ**

૧૩૭.જરાય ભગવાનમાં હેત ન થવા દે તેવી બલા ..........છે. (૧)માયા (૨) **રસાસ્વાદ**

૧૩૮........... સમજે તેને જ અખંડ સ્મરણ થાય. (૧)કૃપા (૨)**મહિમા**

૧૩૯.આપણે આપણી શુદ્ધિ કરીને .......તીવ્ર કરવી. (૧)**ઉપાસના** (૨)ભક્તિ

૧૪૦.રહસ્યની વાતો તો ..........પાસેથી શીખવા મળે છે. (૧)શાસ્ત્રો (૨)**સંતો**

૧૪૧...........નું સુખ પણ માણસ એકાગ્રતા વગર લઈ શકતો નથી. (૧) ભગવાન (૨)**પંચવિષય**

૧૪૨........થઈને શ્રીહરિનું ધ્યાન ભજન કરવું. (૧)અસત્તારૂપ (૨)**સત્તારૂપ**

૧૪૩.ભગવાન સંબંધી કંઈક ઈચ્છા હોય તો ............. વધે છે. (૧)ગરજ (૨)**ભગવદ્‌સ્મરણ**

૧૪૪.ભગવાનની ........... હોય તો આપણને ભગવાન વધારે સાંભરે છે. (૧)**લાલચ** (૨)ગરજ

૧૪૫.ભગવાનને .......... માણસ ગમતા નથી. (૧)રજોગુણી (૨)**તમોગુણી**

૧૪૬...........એ માણસને વિરૂપ કરી નાંખે છે. (૧)કામ (૨)**ક્રોધ**

૧૪૭.વ્યવાહારિક સત્યને ..........થી લેવું. (૧)**વિવેક** (૨)સમજણ

૧૪૮........... ધર્મ પાળવો તે લૌકીક ધર્મ છે. (૧)એકાંતિક (૨) **વર્ણાશ્રમનો**

૧૪૯.એકાંતિક ધર્મ અને ભક્તિ બન્ને ........... છે. (૧)**એક** (૨)જુદા-જુદા

૧૫૦.મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની શુદ્ધિ તે .......... શૌચ છે. (૧) દેહનું (૨) **અંતઃકરણનું**

૧૫૧...........ધ્યાનથી સૂક્ષ્મ દેહ ટળે છે. (૧)સલીલ (૨)**સપાર્ષદ**

૧૫૨...........ધ્યાન એ સૌથી કઠણ ધ્યાન છે. (૧)**સાંગ** (૨)સલીલ

૧૫૩.અનેકવિધ જ્ઞાનનો ખજાનો એટલે ........... (૧)શિક્ષાપત્રી (૨) **ગોપાળાનંદસ્વામી**

૧૫૪...........વિના કર્તૃત્વ હોય નહીં. (૧)**મૂર્તિ** (૨) મહારાજ

૧૫૫...........નો મહિમા સમજવાથી બધાનો મહિમા સમજાય છે. (૧) **ભગવાન** (૨)સત્તપુરુષ

૧૫૬...........ને પણ પ્રેમ જોઈએ. (૧)પાપી (૨)**જ્ઞાની**

## ગોપાળાનંદસ્વામીની વિશેષતા (ભાગ-૨)

૧૫૭.વચનામૃત લોયાનું ..........મું રુચિનું છે. (૧)૧૨ (૨)**૧૪**

૧૫૮...........સમજણને ઢાંકી દે છે. (૧)**માન** (૨)ક્રોધ

૧૫૯.ભગવાનને ..........સંતો-ભક્તો, આચાર્યો બહુ ગમે છે. (૧)સ્વધર્મમાં રહેનારા (૨)**ખરા ખપવાળા**

૧૬૦.સાચી સમજણ માણસને ચોવીસે કલાક અખંડ ..........રાખે છે. (૧) મહારાજમાં (૨)**આનંદમાં**

૧૬૧...........જેવી સમજણવાળાને કામાદિક શત્રુ પરાભવ કરી શકે જ નહીં. (૧)ભરતજી (૨)**જનક રાજા**

૧૬૨.ભગવાનના ભક્તને વિષયસુખ ભોગવવાનો હેતુ ..........છે. (૧) બંધન છોડાવવાનો (૨) **દેહ ટકાવવાનો**

૧૬૩.મોટા પુરુષના ..........સામી દૃષ્ટિ હોય તો અભાવ ન આવે. (૧)કૃપા (૨)**ઠરાવ**

૧૬૪.જેવી સોબત કરે તેવું જ માણસનું અંતઃકરણ થાય છે. તેવી વાત મહારાજે પ્રથમના ..........મા વચનામૃતમાં કહી છે. (૧)**૧૮** (૨)૧૯

૧૬૫...........નું સુખ લેશું તો જગદીશનું સુખ નથી જ આવવાનું. (૧)**જીભ** (૨)રૂપ

૧૬૬.પરમેશ્વરની નજીક બેસવું તેને ........કહેવાય. (૧)ભક્તિ (૨) **ઉપાસના**

૧૬૭...........થી જીવમાં બળ આવે છે. (૧)ત્યાગ (૨)**નિયમ**

૧૬૮.ગોપાળાનંદ સ્વામીની સર્વોપરીપણાની વાતો સાંભળી..........ને ઝાડા થઈ ગયા. (૧) સિદ્ધાનંદ સ્વામી (૨) **અખંડાનંદસ્વામી**

૧૬૯.ગોપાળાનંદ સ્વામીએ દેહ છોડવા ..........ઉપવાસ કર્યા હતા. (૧)૨૧ (૨)**૨૮**

૧૭૦.સ્વામિનારાયણ મંત્ર ..........માં સૌ પ્રથમ પ્રગટ કર્યો હતો. (૧) **ફરેણી** (૨)પીપલાણા

૧૭૧.સ્વામિનારાયણ મંત્રમાં.....ઠાંસી ઠાંસીને ભર્યું છે. (૧)**ઐશ્વર્ય** (૨) મહિમા

૧૭૨. સ્વામિનારાયણ નામનું સ્મરણ, શ્રવણ કરનાર સ્વપચ પણ યજ્ઞ કરાવે એવો ..........થઈ જાય છે. (૧) **પવિત્ર** (૨) દોષરહિત

૧૭૩. ગોપાળાનંદ સ્વામીએ.......અટકાવી દીધું. (૧)સૂર્યગ્રહણ **(૨) ચંદ્રગ્રહણ**

૧૭૪. ઋષભદેવ ભગવાને ..........ગ્રહણ કરી નહીં. (૧)પ્રસિદ્ધિ **(૨) સિદ્ધિ**

૧૭૫. ............... ને દાદા ખાચરનો મહિમા મર્યા ત્યાં સુધી ન થયો. (**જીવા ખાચર**, માચા ખાચર)

૧૭૬. કોઈ કહેનારો હોય, આપણને ખપ હોય ને ટોક્યા કરે ને આપણે રાજી થયા કરીએ અને વઢે ને આપણે આનંદ થાય તો ......... વર્ષે સ્વભાવ ટળે. (૮,૨૦)

૧૭૭. ભગવાનની સર્વે ક્રિયા જીવાત્માના ભલા માટે છે, એવું .............. સમજતા નથી. (**અજ્ઞાની જીવ**, કુસંગી)

૧૭૮. શિક્ષાપત્રીમાં મહારાજના મતે યુદ્ધમાં ધીરજતા અને શૂરવીતા એ ............... ધર્મ છે. (**ક્ષત્રીયનો**, રાજાનો)

૧૭૯. નિશ્ચયના ભેદનું કારણ ..............નો ભેદ છે. (**સમજણ**, જ્ઞાન)

૧૮૦. ભગવાનની સાચી કૃપા છે -.............. (**આત્મામાં મહારાજની અખંડવૃત્તિ દેખાય**, આત્મામાં મહારાજ દેખાય)

૧૮૧. ભગવાન હંમેશાં............ કામ કરે છે. (**જીવને પોતાનામાં જોડવાનું**, જીવના કલ્યાણ કરવાનું)

૧૮૨. ગોપાળાનંદ સ્વામીએ..........દેહ છોડ્યો હતો. (**સં. ૧૯૦૮ વૈશાખ વદ-૫**, સં. ૧૯૦૮ વૈશાખ સુદ-૫)

૧૮૩. મહારાજ અને ગોપાળાનંદ સ્વામી આપણને ..........બનાવવા માંગે છે. (**અક્ષરધામના મુક્ત**, મુક્ત)

૧૮૪. "ગઢપુરની લીલા" નામનો ગ્રંથ ..........એ લખ્યો છે. (**પરમ ચૈતન્યાનંદ સ્વામી**, સિદ્ધાનંદ સ્વામી)

૧૮૫. .............વાતો સાંભળતા પરમ ચૈતન્યાનંદ સ્વામીને અપાર શાંતિનો અનુભવ થતો. (**સદ્.ગોપાળાનંદ સ્વામીની**, સદ્.મુક્તાનંદ સ્વામીની)

૧૮૬.શ્રીજીમહારાજે જૂનાગઢ મંદિરમાં ..........માટે શિવજી પધરાવવાની વાત કરી છે. (**નાગરો**, હરિભક્તો)

૧૮૭.........ને નીલકંઠ મહાદેવનાં દર્શન કરવાનો નિયમ હતો. (**એભલ દરબાર**, નાથભક્ત)

૧૮૮.શ્રીજી મહારાજે જૂનાગઢના હરિભક્તને આજ્ઞા કરી, “સર્વે ડુંગરે ચઢો અને..........ના પગલાનાં દર્શન કરી આવો.” (**દત્તાત્રેય**, શિવજી)

૧૮૯.ધોલેરા મંદિરમાં .............એ મોનજી ભગતને શામળિયા ચૈતન્યાનંદ સ્વામીની વાતો કરી હતી. (**વિજ્ઞાનદાસજી સ્વામી**, નિષ્કુળાનંદ સ્વામી)

૧૯૦...........જોઈને અભાવ આવે છે. (**સ્વભાવ**, સંગ)

૧૯૧.મહત્ પુરુષનો આશ્રય ........... રાખવો. (**હિંમતભેર**, દઢપણે)

૧૯૨.સંપ્રદાયની અભિવૃદ્ધિ માટે, સંચાલન માટે, જાળવણી માટે અનેક જીવોનાં આત્યંતિક કલ્યાણ નિર્માણ કરવા માટે ...........ની સ્થાપના કરી હતી. (**સદ્ગુરુઓ**,મંદિરો)

૧૯૩.સ્વામિનારાયણ સંપ્રદાય ...........ને લઈને મહાભાગ્યશાળી છે. (**સાહિત્ય**,સદ્ગુરુઓ)

૧૯૪.શામળિયા ચૈતન્યાનંદ સ્વામીની વાતો ........નામે પ્રકાશિત કરેલ છે. (**શ્રીજીની લીલા**, શ્રીજીનાં ચરિત્ર)

૧૯૫.શામળિયા ચૈતન્યાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીને કથા સાંભળવા પ્રેર્યા ત્યારથી .........ની પ્રથા શરૂ થઈ. (ત્રણ વાર કથા, **પાંચ વાર કથા**)

૧૯૬.આપણે આત્માઓ, વસ્તુતઃ શુદ્ધ હોવા છતાં ન કરવાનાં કામો........ કારણે કરીએ છીએ. (**આપણામાં દોષો પ્રવેશવાના**, પૂર્વ જન્મની વાસનાને)

૧૯૭.ગોપાળાનંદ સ્વામીની કૃપાથી સિદ્ધાનંદ સ્વામીને..........એવી સ્થિતિ થઈ હતી. (**અખંડ આત્મામાં પરમાત્મા દેખાતા**, તે જે સંકલ્પ કરે તે સિદ્ધ થતા)

૧૯૮.સં. ૧૮૯૩માં રઘુવીરજી મહારાજ........થી........ સત્સંગ વિચરણ માટે નીકળ્યા હતા. (**ગઢડાથી ઉના**, વડતાલથી ગઢડા)

૧૯૯. મુસાફરી દરમિયાન મુમુક્ષુએ પરસ્પર............વાતો કરવી જોઈએ. (**ભગવાન અને સત્સંગ સંબંધી**, આલોક સંબંધી)

૨૦૦. મુમુક્ષુએ................બીક રાખવી જોઈએ. (**ખરાબ દેશકાળ સેવાઈ ન જાય તેની,** કુસંગનો સંગ ન થાય તેની)

૨૦૧. ખરાબ/સારા દેશકાળમાં મુમુક્ષુએ............અનુસંધાન નિરંતર રાખવું જોઈએ. (**મૂર્તિના સ્મરણનું**,મહારાજની મરજીનું)

૨૦૨. બાહ્ય વિષય અને માન-સન્માનનું સુખ ભોગવ્યા પછી મુમુક્ષુને .......... એ નુકશાન જાય છે. (**મૂર્તિનું સુખ અનુભવાતું નથી**, ઘાટ-સંકલ્પનું જોર સમતું નથી)

૨૦૩. શ્રીજી મહારાજે ભડલીવાળા ભાણ ખાચર સાથે યુદ્ધ કરવા માટે કાઠી દરબારોને જોમ ચડાવા........ને સિંધૂડા ગાવાની આજ્ઞા કરી હતી. (**સદ્ શ્રી.નિષ્કુળાનંદ**, સદ્.ગોપાળાનંદસ્વામી)

૨૦૪. કારિયાણી મંદિર બાંધતી વખતે - ગુરુ સિદ્ધાનંદ સ્વામીની આજ્ઞાથી જોરદાર સેવા કરનાર શિષ્ય.........ને કારિયાણીમાં મહારાજ રાતે ભેટ્યા હતા(**રામચરણસ્વામી**, વિધાત્રાનંદસ્વામી)

૨૦૫. સદ્.ગોપાળાનંદ સ્વામી જેવા સંતની વાતો, એમનું જીવન, એમની વિશેષતા વિચારવી તે..........માટે અતિ આવશ્યક છે. (**શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા**, શ્રીહરિના મહિમા)

૨૦૬. મોટા નૃસિંહાનંદ સ્વામીને .......સંકલ્પ હતો. (**શ્રીજી મહારાજને સાત ૭ વખત તેડવાનો**, શ્રીજી મહારાજને ૫ વખત તેડવાનો)

૨૦૭. સદ્.આનંદાનંદ સ્વામી.......ના અને........હતા. (**ભરતપુરના - મહારાજા નવલસિંહજી**, ભરતપુરના શ્રીમંત શેઠ)

૨૦૮. ...........પ્રેમથી, ખુમારી સાથે, હોમાઈ જવાની તૈયારી સાથે કરવો. (**સત્સંગ**, વ્યવહાર)

૨૦૯. રાજકુમાર રણમલજીને એકમાત્ર............ એ જ આશા હતી. (**ભગવાન અને સંતને અર્થે “આયખું ઘસી નાખવું છે**, સત્સંગની સેવા અર્થે આયખું ઘસી નાખવું તે)

૨૧૦.શ્રીહરિ સાથે અક્ષરાનંદ સ્વામી સત્સંગમાં.......વર્ષ ફર્યા. (૧૩, ૧૨)

૨૧૧.વ્રત, ચાંદ્રાયણાદિકે ન બળે એવી કામવાસના.......... બળી જાય. (મૂર્તિના ધ્યાનથી, **તકની સેવાના રાજીપાના કણિકાથી**)

૨૧૨.ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણ પ્રકારે કરીને જે ભગવાનને યથાર્થપણે જાણે તેવા જ્ઞાનીને ભગવાને ........માં શ્રેષ્ઠ કહ્યો છે. (**ગીતા**, વચનામૃત)

૨૧૩............થશે તો આપોઆપ એની મેળે ધ્યાન થશે. (મરજી ઓળખાશે, **સમજણ**)

૨૧૪.કલ્યાણ એટલે............ (**દાસ થવું**, મોક્ષ પામવું)

૨૧૫.અકલ્યાણ એટલે............. (વાસના રહી જવી, **મનધાર્યું કરવું**)

૨૧૬............તે મહારાજની મૂર્તિનો મહાઆનંદ ભોગવી શકે છે. (જે **મનધાર્યું મૂકી શકે**, મહારાજમાં લાગી શકે)

૨૧૭.........નું મૂળ નામ કાવ્યમાં બંધ ન બેસતું હોવાથી બદલીને દયાનંદ સ્વામી રાખ્યું. (**ઉત્તમાનંદ સ્વામી,** ઉત્તરાનંદ સ્વામી)

૨૧૮.રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી... એ પદના રચયિતા .......... છે. (**દયાનંદ સ્વામી**, બ્રહ્માનંદ સ્વામી)

૨૧૯.નાજા જોગિયા સાધુ થયા પછી............નામ પાડ્યું હતું. (**ઘનશ્યામજીવન સ્વામી**, વાસુદેવચરણ સ્વામી)

૨૨૦.ગુમાન ભગત સાધુ થયા પછી...........નામ પાડ્યું હતું. (ઘનશ્યામજીવનસ્વામી, **વાસુદેવચરણસ્વામી**)

૨૨૧.આત્મા બહુ મોટો છે એ વાત સમજાવવા શ્રીજી મહારાજે.........નું ઉદાહરણ આપ્યું છે. (**પાઘડી**, બ્રહ્માંડ)

૨૨૨.ભગવાને આપણને ...........ની અમૂલ્ય ગિફ્ટ આપી છે. (**મહાન સંતોભક્તો**, સત્સંગ)

૨૨૩.દયાનંદ સ્વામીએ.............ગ્રંથ લખ્યો છે. (**શ્રીહરિચરિત્રચિંતામણી**, હરિલીલામૃત સાગર)

૨૨૪. શૌનક ઋષિનો અવતાર ..........હતા. (**શ્રીધરાનંદ સ્વામી,** હરિહરિયાનંદ સ્વામી)

૨૨૫. માયા તો છાતી કૂટે છે કે આ જીવ મારા હાથમાંથી ગયો, એવું...........કહે છે. (**ગુણાતીતાનંદ સ્વામી**, દયાનંદ સ્વામી)

૨૨૬. શ્રીજી મહારાજ..............ઠરાવ કરવાનું કહેતા. (**અક્ષરધામમાં પોગવું છે અને મુક્તની પંક્તિમાં બેસવું છે,** ભગવાનમાં અખંડવૃત્તિનો)

૨૨૭. જેમને ભગવાન પામવાની મુમુક્ષુતા, ખપ, ઈચ્છા, ઈશક છે એને......... વંદન કરે છે. (**દેવતાઓ,** અવતારો)

૨૨૮. શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગ રહીએ રે, એ મહિમા મુક્તાનંદ સ્વામીને......... પ્રગટ્યો. (**રામમહોલમાં રહી આવ્યા પછી**, મહારાજ ધામમાં ગયા પછી)

૨૨૯. આપણી કોઈ ભૂલ બતાવે અને આપણે એની ભૂલ ગોતવા માંડીએ તો સમજી લેવાનું કે આપણી બહુ જ.........થનારી છે. (**મોટી કઠણાઈ,** મોટું નુકશાન)

૨૩૦. દામોદર ભક્તને થોડીક કસર રહી ગઈ હતી તેનું કારણ........... (તે વ્યવહાર પ્રધાન રાખીને પ્રભુને ભજતા હતા, **તે બાહ્યવૃત્તિથી પ્રભુને ભજતા હતા.**)

૨૩૧. દામોદર ભક્તને નિખાલસપણે ગોપાળાનંદ સ્વામીએ ...........વાત કરી. (**વાસના ટાળવાની**, મન જીતવાની)

૨૩૨. આપણને સારા અને ખરાબ બનાવવામાં..........નો બહુ મોટો ફાળો છે. (સંગ, **દેશકાળાદિક**)

૨૩૩. આઠ દેશકાળાદિકનો ગ્રંથ શુકાનંદ સ્વામીએ લખેલો છે અને તે ગ્રંથનું નામ.........છે અને એની કથા પૂ.ગુરુજીએ અમેરિકામાં કરેલી છે. (**બુદ્ધિપ્રકાશ**, સત્સંગીજીવન)

૨૩૪. પ્રશંસક માણસોના વખાણમાંથી આપણને....મળે છે. (**અભિમાન**, રાજીપો)

૨૩૫. આપણને સદ્‌રસ્તે લઈ જાય એ કરુણા........છે. (**ભગવાનની**, સંતોની)

૨૩૬. નરશીભાઈના માતાનું નામ .........હતું. (**પાનબાઈ**, જીજીબાઈ)

૨૩૭. ..........ને ગોપાળાનંદ સ્વામીએ આશીર્વાદ આપ્યો કે આજથી આ થાંભલીને વિકાર થાય તો તને વિકાર થશે જા. (હેમાભાઈ, **નરશીભાઈ**)

૨૩૮. ભગવાનનો નિશ્ચય કરાવનાર..........છે. (સંતો-શાસ્ત્રો, **ભગવાન પોતે**)

૨૩૯. જ્યારે ભક્ત ભૌતિક પ્રસિદ્ધિથી ખુશ ન થાય ત્યારે સંત તેને ......... આપે છે. (અલૌકિક સુખ, **ભગવાન**)

૨૪૦. જેને સદ્‌ગુરુમાં અતૂટ ........... હોય તેની ભગવાન સહાય કરે જ છે. (**શ્રદ્ધા**, હેત)

૨૪૧. ગોપાળાનંદ સ્વામીએ લક્ષ્મીરામભાઈને ત્યાં મંદિરમાં પધરાવવા ગઢપુરમાં .....ની મૂર્તિ હતી તે રાજી થઈને આપી. (**હરિકૃષ્ણ મહારાજ**, સૂર્યનારાયણ)

૨૪૨. મુક્તાનંદ સ્વામીએ...........ને કારણે દેહ ટકાવી રાખ્યો હતો. (મહારાજની ઈચ્છા, **શુભ સંકલ્પ**)

૨૪૩. ધામમાં જવાનું મન થાય/ ઈચ્છા થાય તેને.........સત્સંગ કહેવાય. (**પક્વ**, અલૌકિક)

૨૪૪. આ પૃથ્વીને વિશે ............ બે રૂપે ભગવાનના અવતાર થાય છે. (**રાજા અને સાધુ**, સત્પુરુષ અને બ્રાહ્મણ)

૨૪૫. રાજારૂપે ભગવાન અવતાર લે ત્યારે .........લક્ષણે યુક્ત હોય છે અને જ્યારે સાધુરૂપે ભગવાન અવતાર લે છે ત્યારે ......લક્ષણે યુક્ત હોય છે. (૩૦-૩૯, **૩૯ -૩૦**)

૨૪૬. ઝવેરબાએ........નિયમ લીધું હતું. (**પરપુરુષને નહિ અડવાનું**, દરરોજ ૧૦૦ માળા કરવાનું)

૨૪૭. આ દુનિયામાં જેટલું કાંઈ .......... તે મારું છે તે મારા માટે છે. (**સારું છે**, દેહનું છે)

૨૪૮. ભગવાન પામવામાં ..............જેવું મોટું કોઈ અજ્ઞાન નથી. (**અહંતા-મમતા**, સગા સંબંધીમાં પોતાપણું)

૨૪૯............ભૂલીને ભગવાન માટે જેટલું અહં-મમત્વ રાખીએ એ કલ્યાણકારી છે. (**આપણને**, જગતને)

૨૫૦.ધામમાં મૂર્તિ છે એ જ અહીં મને દેખાય છે, મારી પૂજામાં, મારા ઘરે એ જ મૂર્તિ છે, આવી ભાવના સત્સંગીએ કેળવવી પડે આ .......ની ચાવી છે. (નિષ્ઠા, **કલ્યાણ**)

૨૫૧.મદદ ગમે તેની કરીએ, સેવા ગમે તેની કરીએ, પણ હૃદયમાં એક જ ભાવ રાખીએ કે........થાય. (**મારો મહારાજ રાજી**, એને સુખ થાય)

૨૫૨.ગુણગાન ગાઈએ તો ગુણો આવે, આવું .........કહેતા હતા. (ગુણાતીતાનંદ સ્વામી, **ગોપાળાનંદ સ્વામી**)

૨૫૩.ભગવાન અને ભગવાનના મોટા સંતની વાત મનાઈ જાય તો તેના સુખનું વર્ણન.........ન કરી શકે. (**બ્રહ્માજી-સરસ્વતીજી-ગણેશજી**, વેદો-પુરાણો)

૨૫૪.તપ, નિવૃત્તિ ધર્મ, વૈરાગ્ય આ ત્રણ સાધનો અવશ્ય કરવાં પડશે, આવી વાત ગોપાળાનંદ સ્વામીએ....................ને કરી હતી. (**ગંગાશંકર**, નરશીભાઈ)

૨૫૫..........જ્યારે વડતાલ સેવા કરવા આવતા ત્યારે ડોડી, કોઠા અને આંબલી ખાઈને રહેતા હતા. (**ભગુભાઈ**, ગંગાશંકર)

૨૫૬.કારણ શરીર તોડ્યાનાં ........ અને ........ બે સાધનો છે. (**ધ્યાન-વચન**, મૂર્તિ-નિષ્કટપણું)

૨૫૭.આપણામાં જેમ જેમ મહારાજની કૃપા ઊતરે તેમ આપણને .......... દેખાય છે. (**બીજાના ગુણો**, પોતાના દોષો)

૨૫૮.ભગવાનની લીલા, ચરિત્રો, પરચાઓને યાદ કરીને કરાતા ધ્યાનને .......ધ્યાન કહેવાય. (**સલીલ**, ઉપાંગ)

૨૫૯.શ્રીહરિને માત્ર ધોતી કે કોપીન પહેરાવી અને ભગવાન શ્રીહરિના અંગોઅંગનું, તિલ-ચિહ્નનું અતિ સ્નેહથી મૂર્તિનો ખૂબ જ મહિમા વિચારીને .........ધ્યાન કરાય છે. (ઉપાંગ, **સાંગ**)

૨૬૦. જેમાં આળસ, નિદ્રા વગેરે થાય ત્યારે .........વર્તે છે એમ કહેવાય. (**તમોગુણ,** રજાગુણ)

૨૬૧. આપણને ........હેરાન કરે છે. (અંતઃશત્રુ, **કર્તૃત્વનું માન**)

૨૬૨. આપણને ભગવાન પાસે ..........જવા દેતો નથી. (અંતઃશત્રુ,**અહંકાર**)

૨૬૩. આધ્યાત્મિક માર્ગમાં મોટી મુશ્કેલી ............ત્યારે આવે છે. (જ્યારે સંતો-ભક્તોનો અભાવ આવે, **જ્યારે પોતાને પોતાનો મહિમા થઈ જાય**)

૨૬૪. શ્રવણ ભક્તિનું અંગ હોય તેમાં સર્વે ગુણો આવે છે, એવું મહારાજે .....વચનામૃતમાં વાત કરી છે. (ગઢડા અંત્યના ૨૩, **ગઢડા અંત્યના ૨૪**)

૨૬૫. ............. ત્યારે નિર્ણય ન લેવા. (**આપણું મન-મગજ વિચલીત હોય**, આપણે ક્રોધને વશ હોઈએ.)

૨૬૬. દીનાનાથ ભટ્ટ આમોદવાળાએ વાસુદેવ માહાત્મ્યમાં ..........ની ટીકા રચી હતી. (**વૈષ્ણવ વલ્લભ,** ભાગવત્)

૨૬૭. મહારાજે રાજી થઈને દીનાનાથ ભટ્ટને ભેટમાં.........આપી હતી. (**મોરલીમનોહર દેવની મૂર્તિ સિંહાસન સહિત**, મોરલી મનોહર મૂર્તિ)

૨૬૮. ..........પિંડ-બ્રહ્માંડને ખોટા બનાવે અને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે. (આત્માનો સંબંધ, **મોટાનો સંબંધ**)

૨૬૯. દેહથી યુક્તપણું..........યુક્તપણું થવા દેતું નથી. (**મૂર્તિથી**, આત્માથી)

૨૭૦. આપણા ...........ને કંટ્રોલ કરીને જીવીએ એમાં શાંતિ ને સુખ છે. (મનધાર્યું અને વાસના, **ઈન્દ્રિયો અને અંતઃકરણ**)

૨૭૧. સ્વામીત્વ કરવું એટલે કોઈ પણ ચીજને .......... (**પોતાની માની લેવી**, બીજાને આપી દેવી)

૨૭૨. જેને ભગવાનની જ જરૂર નથી ને ભગવાનમાં જ આસક્તિ નથી ......... (**તેને સંતો-ભક્તોનું દાસપણું થતું નથી**, તે સંતો-ભક્તો આગળ કપટ રાખે છે.)

૨૭૩. ..........દોષે કરીને જીવનું સૌથી વધારે બગડે છે. (**માન**, સ્વાદ)

૨૭૪.જગતમાં વૈરાગ્ય અને ભગવાનમાં પ્રેમ થાય તે..............નું ફળ છે. (સાધન, **કથા-વાર્તા**)

૨૭૫.વચનામૃત લોયાના છઠ્ઠા મુજબ દુર્લભમાં દુર્લભ વસ્તુ ......... તે છે. (**એકાંતિકપણું આવવું**, દાસપણું આવવું)

૨૭૬.ભગવાનને સાકાર માનીને તેનું ધ્યાન કરવું, મૂર્તિનું ધ્યાન કરવું, અખંડવૃત્તિ રાખવી - આ રીતે ભગવાનની નજીક રહેવું એટલે...... (**ઉપાસના**, નિશ્ચય)

૨૭૭.ભગવાનનો અને ભગવાનના સંતનો જેને માહાત્મ્યજ્ઞાને યુક્ત નિશ્ચય હોય તેથી ભગવાન માટે અને સંતને અર્થે શું ન થાય . આ વાત મહારાજે ........વચનામૃતમાં કહી છે. (**લોયાના ત્રીજા**, વડતાલના બીજા)

૨૭૮.સમગ્ર પૃથ્વી જેવડી ઝાલર હોય અને મેરુ પર્વત જેવડો ડંકો હોય, વૈરાટ નારાયણ જેવા અનંત વગાડનારા હોય અને એનો જેવો શબ્દ થાય એવો સ્વામિનારાયણના .........ના અંગુઠામાંથી પ્રણવ નીસરે છે. (ડાબા ચરણ,**જમણા ચરણ**)

૨૭૯.સર્વે સત્પુરુષ અને સર્વે સત્શાસ્ત્રનો પરમ રહસ્ય અભિપ્રાય .......... છે. (**ભગવાનને સર્વોપરી માનવા તે**, ભગવાનને આત્મામાં માનવા તે)

૨૮૦.પ્રધાનપુરુષ .........ધ્યાન કરે ત્યારે તે અનંતકોટી બ્રહ્માંડને સર્જવાને સમર્થ થાય છે. ( **મહાપુરુષનું**, બ્રહ્મા)

૨૮૧.જેને સ્વામિનારાયણ સર્વોપરી છે એમ મનાય છે એને ........... સર્વોપરી મનાય છે. ( **સ્વામિનારાયણની આજ્ઞા**, ભગવાનના સંતો-ભક્તો)

૨૮૨.છ મહિના સુધી ગ્રહોનો ઘૂઘરો બનાવીને .........રમ્યા હતા. (**બ્રહ્માનંદ સ્વામી**, નિત્યાનંદસ્વામી)

૨૮૩.થડને બાથ લીધી તો હવે ડાળોએ બાથ ભરવાની જરૂર નથી, એવી સમજણ..........ની હતી. (**પર્વતભાઈ**, દાદા ખાચર)

૨૮૪.આપણે .........વાતાવરણ બનાવી રાખવું જોઈએ. (**ભગવાનના મહિમાવાળું**, ભગવાનની ભક્તિવાળું)

૨૮૫........... સાથે સંબંધ રાખવાથી આપણી કિંમત વધી જાય છે. (**મોટા સંતો-ભક્તો**, ભગવાન)

૨૮૬.સત્તારૂપ થઈને અનેક જન્મ સુધી ધ્યાન-ભજન કર્યા કરે ત્યારે ........ નાશ પામે છે. (**કારણ શરીર**, લિંગદેહ)

૨૮૭.ગોપાળાનંદ સ્વામીની મોટામાં મોટી ભગવાન શ્રીહરિને પણ વશ કરવાની સામર્થી ..........છે. (**ગોલાપણું**, નિસ્પૃહીપણું)

૨૮૮.વલ્લભભાઈ .......... તે ઈચ્છાને કારણે પૂનમ ભરવા જતા હતા. (**રણછોડજી એમની સાથે બોલે**, આલોકે સુખી થાય)

૨૮૯.સૌથી કઠણ ધ્યાન ........ છે. ( **પ્રતિલોમ ધ્યાન**, ઉપશમધ્યાન)

૨૯૦.પાંચેય શાલીગ્રામમાંથી એક શાલીગ્રામ ઉછળીને .........ના ખોળામાં પડ્યા. ( **સિદ્ધાનંદ બ્રહ્મચારી**, મૂળજી બ્રહ્મચારી)

૨૯૧.અણિમા સિદ્ધિ સુંદરલાલમાં પ્રવેશ કરતાં સુંદરલાલ ........પહોંચી ગયા. (**સાતમા પાતાળમાં**, પાંચમા પાતાળમાં)

૨૯૨....... બે દેવને પ્રાર્થના કરવાથી મરકીનો રોગ મટી ગયો. (હનુમાનજી અને ગણપતિ, **હનુમાનજી અને લક્ષ્મીનારાયણ દેવ**)

૨૯૩.....રૂપે ભગવાનનું ધ્યાન કરીએ તો માયાનો ત્યાગ થાય. (**આત્મા**, આકાર)

૨૯૪.માણસને સુખ થાય એવી નહિ, પણ .......દયા કરવી જોઈએ. (**તેનું હિત થાય તેવી**, તેને લૌકિક આનંદ થાય તેવી)

૨૯૫.આધ્યાત્મિક માર્ગમાં ઈન્દ્રિયો-અંત:કરણને જીતી, વિષયનો ત્યાગ કરીને પરમેશ્વરમાં જોડાવા માટે.......બળહીન કરવો જરૂરી છે. ( વિષય, **દેહ**)

૨૯૬.સાચી નિવૃત્તિ .......છે. (**ભગવાનને અર્થે પ્રવૃત્તિ કરવી એ જ**, ભગવાન કહે તેમ કરવું એ જ)

૨૯૭.ભગવાનના ભક્ત પાસે તો હારીને જ રાજી થવું, પણ..........કરીને જીતીને રાજી ન થવું. (**વાદ-વિવાદે**, દાસપણે)

૨૯૮.લીલા કહેવી કાં તો લીલા ગાવી અને સાંભળવી અને ઈન્દ્રિયો દ્વારા જે ભગવાનનું ચિંતવન કરીએ તે ........ કર્યું કહેવાય. (**બાહ્ય લીલા ચિંતવન**, પ્રત્યક્ષ ધ્યાન )

૨૯૯.મહારાજની હૃદયસ્ત ભાવના ......... એ જ છે. (**જીવાત્માનું આત્યંતિક કલ્યાણ કરવું**, જીવાત્માને ધામનું સુખ આપવું )

૩૦૦...... અને ...... સત્ય છે. (દેહ-દેહના સંબંધી, **આત્મા - પરમાત્મા**)

૩૦૧.પોતાને બ્રહ્મ માનીએ અને પુરુષોત્તમની ઉપાસના કરીએ ત્યારે નિર્વિકલ્પ ....... કહેવાય. (**મધ્યમ નિશ્ચય**, ઉત્તમ નિશ્ચય)

૩૦૨.ધર્મ, જ્ઞાન, ....... એ ૩ સાંગ ભક્તિનાં અંગો છે. (**વૈરાગ્ય**, ભક્તિ)

૩૦૩.ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિ કરવી એ ....... લક્ષણ છે. (**ઉદ્ધવ સંપ્રદાયનું**, સ્વામિનારાયણનું)

૩૦૪.પદાર્થમાત્રને વિશે જે દોષદૃષ્ટિ છે તે .......નો હેતુ / કારણ છે. (જ્ઞાન, **વૈરાગ્ય**)

૩૦૫.વિષયનો ત્યાગ કર્યો હોય ને વળી તે વિષય મળે તો ભોગવ્યાને વિશે રાંકપણું થાય નહિ તેને..........ફળ કહ્યું છે. (**વૈરાગ્યનું**, જ્ઞાનનું)

૩૦૬.ધર્મ ઉપજ્યાનું કારણ તો ધર્મશાસ્ત્રનું અતિ આદરપૂર્વક જે ....... કરવું તે છે. (**શ્રવણ**, અનુસરણ)

૩૦૭. ધર્મનું સ્વરૂપ .......... છે. (દાસપણું, **નિયમ**)

૩૦૮.જેને ભગવાનના સ્વરૂપમાં ............રહે છે તેનું આત્યંતિક કલ્યાણ થાય છે. (**અખંડવૃત્તિ**, નિષ્ઠા)

૩૦૯.જેમ ખાંડાની ધાર પર ચાલવું કઠણ છે તેમ જ જીવને ..........પર ચાલવું કઠણ છે. (**મોક્ષના માર્ગ**, કસોટીના)

૩૧૦.જ્યાં સુધી .......... થાય નહીં ત્યાં સુધી જીવ સુખિયો થાય નહીં. (કૃપા, **ચોખ્ખી સમજણ**)

૩૧૧.કોઈ પણ પ્રકારની અતિ સુખદ પ્રાપ્તિ, યા તો કોઈ પણ પ્રકારની અતિ દુ:ખદ પ્રાપ્તિ તે વેળાએ જે માણસ સ્થિર રહી શકે અને જે પરિણામ આવે તેને ગળે લગાવી શકે તેને ........ કહેવાય. (ક્ષમાવાળો, **ધીરજવાળો**)

૩૧૨........ મનુષ્યના સંગે કરીને ઇન્દ્રિયોને વિશે ને અંતઃકરણને વિશે રજ-તમના વેગ લાગે છે. (**ડોળીયા**, કુસંગી)

૩૧૩.જે આપણને આપણો .........મદદ કરે તેને સાચો પરોપકારી કહેવાય છે. (**સ્વભાવ ટાળવામાં**, દેહભાવ ટાળવામાં)

૩૧૪.સંતોના ગોલા થવું, ભક્તોના દાસ થવું એટલે ......... ઉપરી થવું. (**કાળ, કર્મ અને માયાના**, અંતઃશત્રુના)

૩૧૫.પુરુષને માટે સ્ત્રી અને સ્ત્રી માટે પુરુષ, ............આ ત્રણ ચીજ દુનિયામાં ખતરનાક છે. (**ધન અને માન**, ધન અને સગા-સંબંધી )

૩૧૬.ગોપાળાનંદ સ્વામી સ્ત્રી, ધન, માન અને ......આ ચારથી બીવાનું કહે છે. (સ્વભાવ, **સ્વાદ**)

૩૧૭.ભગવાનનો ભક્ત રજોગુણમાં આસક્ત હોય તો ......... જેવો થાય. (**અનિરુદ્ધ ને બ્રહ્મા**, ઈન્દ્ર અને બ્રહ્મા)

૩૧૮.ભક્ત તમોગુણમાં આસક્ત હોય તો ........જેવો થાય. ( **સંકર્ષણ ને શિવજી**, પરશુરામ અને શિવજી )

૩૧૯.પોતાને પાપી, અધમ માને પણ પોતાને ....... ન માને તે ભગવાનને નથી ગમતું. (અપૂર્ણ, **બ્રહ્મ**)

૩૨૦.એક લાખ સ્ત્રી-ધનના ત્યાગી પરમહંસોને પોતાના આંગણે ....... વર્ષ સુધી જમાડે અને તેનું જે ફળ થાય તે ફળ એક એકાદશી કરે તેને થાય. (૮૦ હજાર, **૬૦ હજાર**)

૩૨૧.સત્સંગમાં આવ્યા પછી પહેલો આંકડો..........નો ઘૂંટવો. (નિર્માનીપણા, **દાસત્વ**)

૩૨૨.આત્મજ્ઞાન અને માહાત્મ્યજ્ઞાન હોય ત્યારે ...... રહેવાય. (દાસ, **નિર્ભય**)

૩૨૩.દેહ ત્યજી આત્માને પામો અને આત્માને ત્યજી પરમાત્માને પામો આ જ ....... છે. (**સાધના**, કલ્યાણનું રહસ્ય)

૩૨૪..........રોજ મૃત્યુનો અભ્યાસ કરતા હતા. (નવાગામવાળા દિનેશભાઈ, **ઝીંઝાવદરવાળા રમેશભાઈ**)

૩૨૫.દુનિયાની તેજી ........... છે અને આપણી તેજી મહારાજ, સંતો-ભક્તોનો રાજીપો રળવાની છે. (સન્માન રળવાની, **રૂપિયા રળવાની**)

૩૨૬.કોઈના બળે નહિ, ભગવાનના બળે દાસ થાય તેને ....... દાસત્વ આવે. (**નક્કર**, સંપૂર્ણ)

૩૨૭.પૂ.ગોપાળાનંદ સ્વામીની વાતો અને પૂ.ગુણાતીતાનંદ સ્વામીની વાતો આ સત્સંગમાં ન હોય તો સત્સંગમાં ......આવી જાય. (ખોટ, **ઝાંખપ**)

૩૨૮.સત્સંગ થયા પછી ........કરવાથી તે સત્સંગ જીવમાં પ્રવેશે છે. (**નિજદર્શન**, સંતસમાગમ)

૩૨૯......... ચોવીસે કલાક સુખ-સુખ જ અનુભવી શકે છે. (આત્મારૂપી સમાધિવાળો, **સમજણરૂપી સમાધિવાળો**)

૩૩૦.ત્યાગી થાવું, સાધુ થાવું, ધર્માચાર્ય થાવું, પણ .......... માટે થાવું. (**કેવળ ભગવાનમાં જોડાવા**, લોક કલ્યાણ)

૩૩૧.સમજણ ટકાવી રાખવાની એક જ શરત છે કે .......ને વિષયમાં ન જાવા દેવી. (મન, **ઈન્દ્રિયો**)

૩૩૨.ભગવાનનો ભક્ત ભગવાન ભૂલીને આડે રસ્તે જાય એટલે મહારાજ એને અંતરમાં .......મૂકે છે. (**ઉદ્વેગ**, દોષો)

૩૩૩.પોતાના હૃદયને સુખી રાખવા માટે ........(**નિયમમાં રહેવું**,ધ્યાન કરવું)

૩૩૪.બુદ્ધિમાં સ્થિરતા ન હોય તો .........નો વિવેક ન રહે. (મોક્ષ, **કાર્ય-અકાર્ય**)

૩૩૫.ભગવાન અને ભગવાનના સંતનો માહાત્મ્ય જ્ઞાને યુક્ત નિશ્ચય રાખવો, એવું મહારાજ .........માં કહે છે. (**વચનામૃત**, શિક્ષાપત્રી)

૩૩૬.કામના, લોભના, સ્વાદના, ઈર્ષ્યાના, રાગના, દ્વેષના, કાંઈ મેળવવાના, માન વધારવાના સંકલ્પો ........વર્તે ત્યારે થાય છે. (**રજોગુણ**, તમોગુણ)

૩૩૭.જે સમયે જે કરવાનું હોય તે ન કરીએ અને બીજું કરીએ તેને .......કહેવાય. (આળસ, **પ્રમાદ**)

૩૩૮.આ કરાય, આ ન કરાય; આ બોલાય, આ ન બોલાય એવું જ્ઞાન ન રહેવું અને મગજમાં ભ્રમ પેદા થવો તેને ......કહેવાય. (**મોહ**, પ્રમાદ)

૩૩૯.કોઈ પણ કામ હોય તો કહે કે કરાય છે શાંતિથી, હમણાં જવાય છે આ ........નાં લક્ષણ છે. (પ્રમાદી, **આળસુ**)

૩૪૦.જ્યારે આળસ, પ્રમાદ, મોહ અને નિદ્રાને જીતે એટલે.......જીતાય છે. (રજોગુણ, **તમોગુણ**)

૩૪૧.વિષયથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય ........ છે. (**નિયમ**, મૂર્તિ)

૩૪૨.એક કોળીયો પણ વધારે ખવાય તો પ્રમાદ થયા વગર રહેતો નથી. આ વાક્ય.......બોલે છે. ( પૂ.ગુણાતીતાનંદ સ્વામી, **પૂ. ગોપાળાનંદ સ્વામી** )

૩૪૩.સંસારમાં રહીને પણ..........રાખે તો વિષય જીતાય. (**નિયમ**, મહારાજની નિષ્ઠા)

૩૪૪.વિષયમાં અખંડ દુઃખ જ રહ્યું છે એવું ........ કહે છે. (**પૂ.ગોપાળાનંદ સ્વામી**, પૂ. ગુરુજી )

૩૪૫.શ્રીજી મહારાજે સાળંગપુરના પ્રથમ વચનામૃતમાં .......... કહ્યું છે. (વિષય તો જીવને અધોગતિ પમાડનારા છે, **વિષય તો નરકનાં કુંડ જેવા છે**)

૩૪૬.જેને સારું કે નરસું કાંઈ કરવું ગમે નહીં. તેને.....કહેવાય. (**આળસ**, પ્રમાદ)

૩૪૭.પોતાના બરોબરીયાની ઉત્કૃષ્ટતા જણાય તેને.......કહેવાય. (**ઈર્ષા**, માન)

૩૪૮.ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ત્યાગ લોકોને દેખાડવા માટે કરીએ તેને....... કહેવાય. (**દંભ**, અહં)

૩૪૯............. આ ઉદા. દ્વારા ગોપાળાનંદ સ્વામીએ મોહને સ્પષ્ટ કર્યો હતો. (હોય લાકડું અને દેખાય લોખંડ, **હોય દોરડું અને દેખાય સર્પ**)

૩૫૦.......... વિશે દૃઢપણે વર્તતો હોય તેનો પાયો સત્સંગને વિશે અચળ રહે છે. (**ધર્મને**, ભક્તિને)

૩૫૧.શ્રીજી મહારાજે ભક્તને વિશે અવતારો લીન કર્યા આ લીલા ..........ગ્રંથમાં આવે છે. (સત્સંગીજીવન, **લોજપુરલીલા**)

૩૫૨.શ્રીજી મહારાજ ...........શુભ સંકલ્પ ધારી પ્રગટ થયા હતા. (**અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરવાનો**, અસુરોનો નાશ કરવાનો)

૩૫૩.ગુણાતીતાનંદ સ્વામી દરબાર અભેસિંહજી અને .............ને ધ્યાની કહેતા હતા. (**કૃષ્ણસેવાદાસજી સ્વામી**, ગોપાળાનંદસ્વામી)

૩૫૪.શ્રીજી મહારાજને કોઈ ..........ને ગ્રહણ ન કરે તેવો ત્યાગ ગમતો હતો. (માન,**સિદ્ધિઓ**)

૩૫૫.૧૦૦૦ વિઘા જમીનનો વહીવટ હાથમાં હોવા છતાં મોનજી ભગત ..........માં નિમગ્ન રહેતા. (**ધ્યાન-ભજન**, આજ્ઞા)

૩૫૬..........જાણ્યા વિના બીજા કોટી સાધન કરે પણ સર્વ ક્રિયાને વિશે અખંડ નામરટણ ન થઈ શકે. (શ્રીહરિની મૂર્તિ, **શ્રીહરિનું સમગ્રપણે માહાત્મ્ય**)

૩૫૭.સૌથી વધારે વજન ભગવાનનો મહિમા સમજવાની અને .......... વાત ઉપર આપવું જોઈએ. (**દાસ થવાની,** આજ્ઞાની)

૩૫૮.પંચવિષય પ્રત્યે આપણું જે ખેંચાણ છે એને .........કહેવાય છે. (સ્વભાવ, **વાસના**)

૩૫૯.જ્યાં સુધી વ્યક્તિને બીજી કોઇ વાત કે વસ્તુનો મહિમા છે ત્યાં સુધી તેને ........સમજાણા નથી. (**મહારાજ**, સત્પુરુષ)

૩૬૦.ભગવાનના ભજનમાં નિદ્રા આવે ભજનમાં વિક્ષેપ પડે નડે તેને......... કહેવાય. (આળસ, **લય**)

૩૬૧.ભગવાનનું ભજન કરતા હોય અને બીજા ઘાટ થાય તેને ........કહેવાય. (અરુચિ, **વિક્ષેપ**)

૩૬૨.પૂર્વના અવતારને પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કરી દેખાડે અને પોતાના સ્વરૂપમાં પાછા લીન કરે તે અક્ષરધામના અધિપતિનું .........લક્ષણ છે. (**અસાધારણ**, સાધારણ)

૩૬૩..........નિશ્ચયવાળાને ભગવાન ગમે તેવું આચરણ કરે તો પણ ડગમગાટ થાય નહીં. (પ્રેમેયુક્ત, **ઉત્તમ સવિકલ્પ**)

૩૬૪.જ્યારે વાતના કરનારા સાધુ પોતાના ઉપર વાત કરે ત્યારે તે સવળી નહિ લેતા અવળી લેવાય છે અને વાતના કરનારાનો અભાવ આવે છે એ પાપે કરીને સત્સંગમાં જોઈએ એવી .........થતી નથી. (**ગાઢ પ્રીતિ**, રુચિ)

૩૬૫.નિશ્ચયના ભેદની વાત ..........વચનામૃતમાં છે. (કા.૧૧, **લો.૧૨**)

૩૬૬..........ની જેવું સેવાનુ અંગ હોય તેને ગમે તેવી મલિન વાસના હોય તે પણ બળીને ખાખ થઇ જશે. (**ઉકાખાચર**, દાદાખાચર)

૩૬૭.મહારાજની તેલધારાવત ઉપાસના અને ભગવદ્સ્વરૂપમાં પ્રેમમયવૃત્તિ એ જીવને ........... રૂપ કરી દે છે. (**પુરુષોત્તમ**, બ્રહ્મ)

૩૬૮.........સદા શ્રીજીની મૂર્તિ ધારીને વર્તતા તેથી તેઓ જ્યારે વાત કરતા ત્યારે જે દૈવી જીવો હોય તે ત્યાંથી ઊઠી શકતા નહીં. (**હરિહરિયાનંદ સ્વામી**, મુક્તાનંદસ્વામી)

૩૬૯.બગીચાની આજુબાજુ રહેતા લોકો અને તેની વાડીની રક્ષા કરવા ભગવાનદાસસ્વામીએ ........પધરાવ્યા હતા. (ગણપતિ, **હનુમાનજી**)

૩૭૦.વર્તમાન કાળમાં ભૂલ કરી હોય તે અવિવેકના દંડ સ્વરૂપે જે દુઃખ આવે તેને.........કહેવાય. (**ક્રિયમાણ દુઃખ**, પ્રારબ્ધ)

૩૭૧.કારખાને ગળે ઝાલ્યા છે, તે બે વચનામૃત વાંચવા નવરા પડતા નથી, આવું..........બોલે છે. (**સદ્. ગુણાતીતાનંદસ્વામી**, સદ્.ગોપાળાનંદસ્વામી)

૩૭૨.જે જીવને પોતાની ખબર નથી કે તે કેવો છે અને મહારાજના સંતોભક્તોને વિશે.........એ જીવ ક્યારેય સુખી થતો નથી. (**અવગુણને દેખે છે**, દ્રોહ કરે છે)

૩૭૩.જેને .......... હોય એના જીવમાં બહુ બળ હોય. (**મહિમા**, નિષ્ઠા)

૩૭૪.............માં અખંડ દુઃખ જ રહ્યું છે. (**વિષય**, સ્વભાવ)

૩૭૫.કેવા સાધુનો સંગ કરવો અને કેવા સાધુનો સંગ ન કરવો એ વાત વચનામૃત ........ કરી છે. (પંચાળા ૨માં, **લોયા ૬માં**)

૩૭૬...........ને વિશે સર્વે દોષ રહ્યા છે. (**દેહાભિમાન**, કર્તાપણા)

૩૭૭.વિષયનો યોગ રાખીને પોતાનું કલ્યાણ ઇચ્છે છે તે ........... છે. (વિષયી, **મૂર્ખ**)

૩૭૮.જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે .......... માં ન લેવાય. (મોટપ, **વિષય**)

૩૭૯.મહારાજને સર્વોપરી ન જાણીએ તો ખામી ન ભાંગે તે ............ માં વચનામૃતમાં વાત છે. (**ગ.મ. ૯**, ગ.અ.૯)

૩૮૦............ વગરની કોઈપણ વાત કરીએ તેમાં સફળતા મળે જ નહીં. (પ્લાનિંગ, **લાભ**)

૩૮૧......... ગૃહસ્થના વૈભવ-સંપત્તિમાં બંધાય નહીં. (ભગવાન, **સાચા સંત**)

૩૮૨.ભગવાનના નિશ્ચય માટે ભગવાનના ............ બળ રાખવું. (**આશરાનું**, ભજનનું)

૩૮૩.ભગવાનના સુખને પામવા........... છોડવા જ પડે. (દેહ, **માયિક સુખ**)

૩૮૪.ત્યાગી માટે વધારેમાં વધારે નડતરરૂપ યોગ એટલે......... (**સ્વાદ**, માન)

૩૮૫............. આપણને મુક્ત થવા દેતા નથી. (**પંચવિષય**, અહં)

૩૮૬.કાર્ય-અકાર્યનો વિવેક ન રહે તો ........... દોષ વર્તે, જે રજ-તમમાં રહેલ છે. (**પ્રમાદ**, આળસ)

૩૮૭.મહારાજના ધામમાં ગયા પછી ............ની હાજરીથી મહારાજની ખોટ ન વર્તાય તેવું વાતાવરણ જળવાઈ રહ્યું હતું. (રઘુવીરજી મહારાજ, **ગોપાળાનંદ સ્વામી**)

૩૮૮.દેશકાળાદિક આઠમાં ...........બળવાન છે. (**સંગ**, ક્રિયા)

૩૮૯.આધ્યાત્મિક માર્ગમાં જેની.............મોટી તે મોટો. (ભક્તિ, **સમજણ**)

૩૯૦............માં જોડાયા વિના સુખીયા થવાનો બીજો કોઈ માર્ગ નથી. (બ્રહ્મ, **પરબ્રહ્મ**)

૩૯૧.મોટાપુરુષો .......... બુદ્ધિવાળા હોય છે. (**સૂક્ષ્મ**, સજાગ)

૩૯૨.શ્રીહરિની કથાવાર્તા આદિના શ્રવણ, મનન ને નિધિધ્યાસ વિશે ત્વરા વર્તે તે .......... અવધિ છે. (**શ્રદ્ધાનો**, ભજનનો)

૩૯૩.દુનિયાના મોટા ભાગના માણસો જે કાંઈ કામ કરે છે, તેમાં ........... થતા જ નથી. (સફળ, **એકરસ**)

૩૯૪.ૠષભદેવ ભગવાનને ............ ભગવાન સાથે એકાત્મપણું હતું. (**વાસુદેવ**, ગોપીનાથજી)

૩૯૫.એકાંતિકના સંગે કરીને ભગવત્ ભક્ત થાય છે તે તો............. કહેવાય છે. (એકાંતિક, **નિર્ગુણ**)

૩૯૬.................... ની વાતોમાં ઝાઝી વાતો સંતોના મહિમા વિશે છે. (**ગુણાતીતાનંદ સ્વામી**, ભાયાત્માનંદ સ્વામી)

૩૯૭.........એ ભગવાન પામવા માટે પાયાની વસ્તુ છે. (**મહિમા**, રાજીપો)

૩૯૮....................ના દિવસે બ્રહ્માનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી એ બે સંતોનો જન્મ થયો હતો. (**વસંતપંચમી**, જન્માષ્ટમી)

૩૯૯.આપણે ભગવાનને રાજી ન રાખીએ તો આપણને ..............નું સુખ મળતું નથી. (**ભગવાન**, સત્સંગ)

૪૦૦......નો આનંદ ભોગવનાર કોઈ ભગવદાકાર થતા નથી. (**અહંકાર**, માયા)

૪૦૧............ બહુ જ ચીકણી લાળ છે. (દેહભાવ, **વાસના**)

૪૦૨.....બાળ્યા વિના અક્ષરધામમાં જવાતું નથી. (સ્થૂળ શરીર, **કારણ શરીર**)

૪૦૩..........માં ભૂંડા ઘાટ થાય છે તે મન મેલું છે તેની સાબિતી છે. (**મન**, હૃદય)

૪૦૪...........એટલે ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી. (**સૂક્ષ્મ તપ**, ધ્યાન)

૪૦૫..........ના પતિ પુરુષોત્તમ છે. (**યશ**, કાળ - માયા)

૪૦૬.............. ગોપાળાનંદ સ્વામીની કૃપાથી આત્મામાં પરમાત્માને સાક્ષાત્કાર પામેલા વિજ્ઞાની સંત બન્યા હતા. (**અનુભવાનંદ સ્વામી**, આત્મારામ સ્વામી)

૪૦૭.માયા અને માયા સંબંધી જેટલી બાબત છે તે .............. કરનારી છે. (**બંધન**, મોહ)

૪૦૮.દેહમાં રહેવું ગમે છે તેને ...... સત્સંગ કહેવાય છે. (**અપક્વ**, દેહાકાર)

૪૦૯."પુરુષોત્તમ નિરૂપણ" ગ્રંથના રચયિતા.............. છે. (**વિધાત્રાનંદ સ્વામી**, અનુભવાનંદ સ્વામી)

૪૧૦.............કરવાથી આપણામાં કળિયુગનો વાસ થાય છે અને ભગવાનનો વાસ થતો નથી. (**પ્રજ્ઞાચોરી**, કપટ)

૪૧૧. મહારાજે ધામમાં જતા પહેલા સિદ્ધાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાની ભલામણ કરી હતી. આ વાત................ ગ્રંથમાં પ્રકાશિત છે. (**અક્ષરાનંદ સ્વામીની વાતો**, ગુણાતીતાનંદ સ્વામીની વાતો)

૪૧૨. પૂ. ભજન સ્વામીનો .............. પાકી ગયો હતો. (આત્મા, **સત્સંગ**)

૪૧૩. ................એ પરાકાષ્ઠાનું દાસપણું સિદ્ધ કર્યું હતું. (**રાજકુમાર રણમલજી**, મહારાજા વિરસિંહજી)

૪૧૪. પંચવિષય ...........થી જ જીતાય છે. (**નિયમ**, દાસપણા)

૪૧૫. ................ની તારતમ્યતાએ કરીને સવિકલ્પ નિશ્ચયમાં ત્રણ પ્રકારના ભેદ કહ્યા છે. (**દેહાભિમાન**, આત્મા)

૪૧૬. ............. થવા કરતાં ભગવાનની ચરણરજ થાય તેની પાછળ પાછળ ભગવાન ફરે છે. (**જ્ઞાની**, પ્રેમી)

૪૧૭. ...............ના પ્રસંગે કરીને સાચો થઈને જો સ્વભાવને ટાળે તો અલ્પ કાળમાં ટળી જાય. (**સત્પુરુષ**, ભગવાન)

૪૧૮. મહારાજે કહ્યું છે કે પ્રથમના ૧૮માં મુજબ ન વર્તે તો .................... જેવા હોય તેનું પણ ઠેકાણું ન રહે. (જય - વિજય, **નારદ-સનકાદિક**)

૪૧૯. પરમાત્માના સુખ આગળ સ્વર્ગાદિકના સુખ......જેવા છે. (**નરક**, વિષ્ટા)

૪૨૦. હૃદયને વિશે પુરુષોત્તમનારાયણનો ............ ન થાય ત્યાં સુધી ખરા સત્સંગી નથી થયા. (**સાક્ષાત્કાર**, સ્વીકાર)

૪૨૧. શ્રીજી મહારાજનાં ચરણકમળ વિના બીજે ક્યાંય પ્રીતિ ન રહે તે જ ...........ની અવધિ છે. (**વૈરાગ્ય**, ભક્તિ)

૪૨૨. સ્વામિનારાયણ મંત્ર ...........થી ભર્યો છે. (**મહિમા**, ઐશ્વર્ય)

૪૨૩. સત્પુરુષના શરીર છે તે તો ............. છે. (**નિર્ગુણ**, માયાથી પર)

૪૨૪. ભગવાન રાજી થાય ત્યારે પોતાના ભક્તને .......... પ્રેરે છે. (**ભક્તિ**, બુદ્ધિ)

૪૨૫. મહારાજ પ્રગટ ન હોય તો ભક્તોની ઇચ્છા ...............માં રહીને સ્વીકારે છે. (**સંતો-ભક્તો**, મૂર્તિ)

૪૨૬............... માણસોથી પ્રગટનો સ્વીકાર સહેલાઈથી થતો નથી. (અહંકારી, **દેહાભિમાની**)

૪૨૭.પાસ થાવું હોય તો ............ થવું જ પડે. (**દાસ**, આત્મા)

૪૨૮.ગોપાળાનંદ સ્વામીની વાતો ખરી માતાના દૂધ કરતાં પણ વધારે ......... છે. (**પુષ્ટિદાયક**, ગુણકારી)

૪૨૯.ભગવાનની નિરંતર ............. તે બહુ કઠણ છે. (**સ્મૃતિ રાખવી**, આજ્ઞા માનવી)

૪૩૦.........ને મોક્ષના માર્ગે ચાલવામાં હજારો વિઘ્ન છે. (સંતો, **જીવ**)

૪૩૧.દુનિયામાં ઝાઝા માણસો .......... ઓછી હોવાથી દુ:ખી છે, અને થોડા માણસો ......... વધી ગઈ હોવાથી દુ:ખી છે. (**બુદ્ધિ**, સંપત્તિ)

૪૩૨.મહારાજે ગામડે ગામડે મંદિર કરીને તેમાં તેમનાં સ્વરૂપ તરીકે ......... પધરાવીને તેની આરતી પૂજા કરવાનું કહ્યું છે. (**શિક્ષાપત્રી**, વચનામૃત)

૪૩૩............ પદાર્થ અનેકવિધ આકાર લઈ શકે છે. (**માયિક**, ચેતન)

૪૩૪.આપણા સંપ્રદાયમાં .........ને બહુ પ્રાધાન્યતા આપી છે. (કાર્ય, **સંગ**)

૪૩૫.............ની ગતિ બ્રહ્માંડ બહાર જતી નથી. (**ધર્મ**, ભક્તિ)

૪૩૬..............થી જીવ અક્ષરધામને પામે છે. (સંતો, **એકાંતિક ધર્મ**)

૪૩૭............. લોપનારને કોઈ દિવસ શાંતિ મળે નહી. (**આજ્ઞા**, ધર્મ)

૪૩૮.આપણે મહારાજની ઉપાસના જેટલી સતત ને તીવ્ર કરીશું એટલા ............. બનીશું. (**દિવ્ય**, દેહથી પર)

૪૩૯........ ક્રોધ તો જરાક પણ ન થવો જોઈએ. (**ધર્મ સંબંધી**, ભક્તિસંબંધી)

૪૪૦................છે એ આપણા સંપ્રદાયના વેદ અને ઉપનિષદ્ છે. (**વચનામૃત**, શિક્ષાપત્રી)

૪૪૧............ગામે શામળાજીનું ઝાંઝર પડી ગયેલું. (**ટોડલા**, ઈડર)

૪૪૨.ગોપાળાનંદ સ્વામી ગાડામાં જતા હતા ત્યારે તેમના દર્શને ................. આવ્યા હતા. (**શેષનાગ**, દેવતાઓ)

૪૪૩................. ભગવાનના જમણા હાથ સમાન હતા. (આધારાનંદ સ્વામી, **શુકાનંદ સ્વામી**)

૪૪૪..............ને શિવજીએ પરમ કલ્યાણ માટે ગોપાળાનંદ સ્વામીની પાસે મોકલ્યા. (જેઠાભાઈ, **ખોડાભાઈ**)

૪૪૫............. શીખીએ તો બહુ રૂડા લાગીએ. (**વિવેક**, જ્ઞાન)

૪૪૬.......શ્રીજીમહારાજના હજુરી પાર્ષદ હતા. (**મોનાભગત**, મોનજીભગત)

૪૪૭........પ્રમાણે જીવીએ તો ખૂબ જ સુખી થઈએ. (વચનામૃત, **શિક્ષાપત્રી**)

૪૪૮.ભગવાનનું ધ્યાન કરીને ..........ને વશ કરવું. (**મન**, જીવ)

૪૪૯.મારે માનસીપૂજા કેમ કરવી, શું જમાડવું એ પ્રશ્ન ગોપાળાનંદ સ્વામીને ..............એ કરેલો. (**સર્વનિવાસાનંદ સ્વામી**, વિધાત્રાનંદ સ્વામી)

૪૫૦.મૂર્તિને આત્મામાં જોયા કરે તો......નાશ પામે. (વિકાર માત્ર, **કારણ શરીર**)

૪૫૧.સત્સંગના ભીડાનો અણગમો રાખવો નહીં, પણ પોતાના ............. નો અણગમો રાખવો. (દેહ, **સ્વભાવ**)

૪૫૨.ભક્તિ કર્યાનું, સેવા કર્યાનું, ભગવત્‌ચરિત્ર સાંભળ્યાનું તાન આપણે .........માંથી શીખ્યા જેવું છે. (ગોપાળાનંદ સ્વામી, **અક્ષરાનંદ સ્વામી**)

૪૫૩.જે માણસને પોતાનું વર્તન બહુ જ સારું લાગતું હોય તેને બીજાનો મહિમા રાખવો તે ............... કામ છે. (**અઘરું**, સહેલું)

૪૫૪.અડધોઅડધ સાધુનો સમાગમ રાખશે ત્યારે સરખું રહેશે, એવું ....... કહે છે. (મુક્તાનંદ સ્વામી, **ગુણાતીતાનંદ સ્વામી**)

૪૫૫.આપણે જેવા હોઈએ તેવા આબેહૂબ દેખાઈએ તે ............... નો મોટો લાભ છે. (**કથા-વાર્તા**, નિજશંસોધન)

૪૫૬...........એ ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરી કે મારી વાસના નિર્મૂળ થઈ જાય એવી કૃપા કરો. (**નરશીભાઈ**, લક્ષ્મીરામ)

૪૫૭.......... મહારાજના મહિમા વિશે કહેતા કે જીભ ઝાલીને બોલીએ છીએ; જેવો છે એવો મહિમા બોલીએ તો ગાંડા થઈ જવાય. (**ગુણાતીતાનંદ સ્વામી**, ગોપાળાનંદ સ્વામી)

૪૫૮. મારે અહીં માંડવીમાં સ્વામિનારાયણ ભગવાનનું હવેલી ઘાટનું મંદિર કરાવવાની ઈચ્છા છે, એવું ..............એ ગોપાળાનંદસ્વામીને કહ્યું. (**લક્ષ્મીરામભાઈ**, નરશીભાઈ)

૪૫૯. ભગવાનના સંતો-ભક્તોની સભામાં ભગવાન બેઠા છે, સભાએ સહિત શ્રીજીમહારાજની મૂર્તિ ચિંતવવી, તેમાં બધામાં ગુણો જોવાં, દર્શન કરવાં તેને.................. કહેવાય. (**સપાર્ષદ ધ્યાન**, સલીલ ધ્યાન)

૪૬૦. આત્યંતિક કલ્યાણને ................ પામે છે. (**જે ભગવાનને આધીન હોય છે તે**, જે દાસાનુદાસ હોય તે)

૪૬૧. ભગવાનમાં તેલધારાવત વૃત્તિ રાખવી તેને .............. કહે છે. (**ઉપાસના**, અખંડવૃત્તિ)

૪૬૨. પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો માહાત્મ્યે જ્ઞાને યુક્ત ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય ...............નું મુખ્ય કારણ છે. (**કલ્યાણ**, ઉપાસના)

૪૬૩. જ્ઞાન થાય તો મહિમા થાય ને મહિમા થાય તો .............. થાય. (**ધ્યાન**, નિષ્ઠા)

૪૬૪. ભગવાન જેમ છે તેમ યથાર્થ જાણવા તેને.......કહેવાય. (**જ્ઞાન**, નિશ્ચય)

૪૬૫. લક્ષ્મીરામ પ્રસિદ્ધિના આશીર્વાદથી રાજી ન થયા એટલે ગોપાળાનંદ સ્વામીએ તેમને ............ આપ્યા. (**પોતાની પૂજાના ઠાકોરજી**, મહારાજના ચરણારવિંદ)

૪૬૬. જેમાં નર્યા ઘાટ-સંકલ્પ જ થાય, જે પ્રવૃત્તિ કરી હોય તે સાંભર્યા જ કરે તેને............ કહેવાય. (**રજોગુણ**, તમોગુણ)

૪૬૭. આપણે આપણા દોષો ટાળવા હોય તો ..............નું શરણું લેવું જોઈએ. (**ભગવાન અને ભગવાનના મોટા સંતોનું**, મોટેરા અને મુક્તનું)

૪૬૮. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત પરમેશ્વરની જે ભક્તિ પોતામાં આવે તે .............. છે. (**એકાંતિકપણું**, નિશ્ચય)

૪૬૯. ભગવાનની ઈચ્છા એ જ મારું જીવન એનું નામ.............. છે. (**દાસત્વ**, વિશ્વાસ)

૪૭૦.જે પોતાનું તમામ પોતાના ગુરુને આપી દે, જેને કાંઈ જ રાખવું નથી, તેને ............... કહેવાય. (**શિષ્ય**, દાસ)

૪૭૧.ભગવાનના વખાણ કરવા એને ............. કહેવાય. (**સ્તુતિ**, પ્રાર્થના)

૪૭૨.આલોકમાં પોતાનું અને પારકું હિત થાય તેવું બોલવું તેને ............. સત્ય કહેવાય. (**વ્યવહારિક**, પરમાર્થિક)

૪૭૩.ભગવાન, ભગવાનનું ધામ અને ભગવાનના મુક્તોને સત્ય માનવા એ સિવાયનું બધું જ અસત્ય છે, એમ સમજવું એ ............ સત્ય છે. (પરમાર્થિક, **અલૌકિક**)

૪૭૪.પ્રવૃત્તિ કે નિવૃત્તિ ધર્મ ભગવાનના સંબંધે સહિત હોય તો તેને ............કહેવાય. (મહિમા, **ભક્તિ**)

૪૭૫.જીવની વાસ્તવિકતા પ્રગટ કરનારો શ્લોક .............. છે. (**બ્રહ્માહં કૃષ્ણદાસોસ્મિ**, શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ)

૪૭૬.સાકાર શ્રીહરિજી મારામાં બેઠા છે એ કર્તા છે, હું તો અકર્તા અને નિર્દોષ છું એમ માને તે ......... છે. (**જ્ઞાની**, વિશ્વાસી)

૪૭૭.હે મહારાજ ! આ તો જેવું સ્થૂળ દેહ છે તેવું સૂક્ષ્મદેહ છે, ત્યારે જેમ સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેમ જ સૂક્ષ્મદેહમાં લાગે છે કે કાંઈ ફેર છે ? આ પ્રશ્ન ............મા વચનામૃતમાં પુછાયેલો છે. (**સારંગપુરના ૧૪**, સારંગપુરના ૧૮)

૪૭૮.વિષયમાત્રને ત્યાગ કરવાની ઈચ્છા તે.............નું સ્વરૂપ છે. (**વૈરાગ્ય**, જ્ઞાન)

૪૭૯.શ્રીજીને વિશે જે માહાત્મ્યે સહિત પ્રીતિ છે તેને..........નું ફળ કહે છે. (પ્રેમ, **જ્ઞાન**)

૪૮૦.જ્ઞાન, વૈરાગ્યાદિકને ધારી રહે તે ............નું ફળ છે. (**ધર્મ**, ભક્તિ)

૪૮૧.ભક્ત સત્વગુણમાં આસક્ત હોય તો ............ જેવો થાય. (**પ્રધ્યુમ્ન અને વિષ્ણુ**, સંકર્ષણ અને અનિરુદ્ધ)

૪૮૨.ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય .......... ગુણને લઈને આવે છે. (**મહિમા**, નિષ્ઠા)

૪૮૩.ભાગવતની ............... કથા માનવીને નિષ્કામી બનાવે અને કૂતરા જેવો કામી પણ બનાવી દે, તેવી છે. (**રાસપંચાધ્યાયીની**, પંચમસ્કંધની)

૪૮૪."વિષયને માર્ગે બહેરા થાવું, આંધળા થાવું" આ વાત ............ એ કહી છે. (**પૂ.ગુણાતીતાનંદ સ્વામી**, પૂ.ગોપાળાનંદ સ્વામી)

૪૮૫.........નું બળ રાખીને જીવવું તો દુ:ખ આવશે નહીં. (**સત્સંગ**, ભગવાન)

૪૮૬.હું જ અક્ષરધામ છું, એમ વૃત્તિ મૂર્તિમાં જોડીને ........... કરવી એ શ્રેષ્ઠ છે. (ભક્તિ, **ઉપાસના**)

૪૮૭............. કરતાં પણ સમજણ જ શ્રેષ્ઠ છે. (**સમાધિ**, ધ્યાન)

૪૮૮............. હોય એને રુંવાડે-રુંવાડે "ભગવાન સિર્ફ તું હી તું" એવી લઢણ લાગી જાય છે. (ભક્ત, **વિરલા**)

૪૮૯.આપણે સહુમાં............રાખી શકતા નથી. (દિવ્યભાવ, **ભગવદ્ભાવ**)

૪૯૦..........ને વશ થઈ જીવાત્મા કાળનો માર ખાય છે. (દેહ, **કર્મ**)

૪૯૧.બાળકો ..............ના પાઠ ભણવા કુંડળની પાઠશાળામાં આવે છે. (આત્મનિષ્ઠા, **બ્રહ્મવિદ્યા**)

૪૯૨.સત્સંગમાં આવ્યા પછી સૌથી પહેલા .............. દૃઢ કરવું. (નિષ્કામપણું, **નિર્માનીપણું**)

૪૯૩.આપણું સ્વરૂપ ............ છે. (**જ્ઞાનરૂપ**, આત્મારૂપ)

૪૯૪...............ના વચનમાં જેને વિશ્વાસ હોય એના જેવો ભાગ્યશાળી કોઈ નથી. (**ભગવાન**, સત્પુરુષ)

૪૯૫.કોઈ વાતે આપણે આપણો........ માનવા, સ્વીકારવા તૈયાર હોતા નથી. (વાંક, **સ્વભાવ**)

૪૯૬.ભગવાનના ......... વિના ભગવાન આપણને મૂર્તિમાં પ્રેમ થવા દે નહીં. (મહિમા, **રાજીપા**)

૪૯૭.એક......... આવી જાય તો બધું જ કામ થઈ જાય. (**દાસપણું**, મહિમા)

૪૯૮...........ને ન જાણે તે શ્રીહરિને શું જાણે. (**સ્વ**, સત્પુરુષ)

૪૯૯.......... વિના કાર્ય કદી સંભવે નહીં. (**કારણ**, ભગવાન)

૫૦૦.......વાળાથી ભગવાનને ટચ પણ ન કરી શકાય. (**દેહભાવ**, અહંભાવ)

૫૦૧.ભગવાનને સંભારી દે એ જ આપણો સાચામાં સાચો ............... છે. (મિત્ર, **હિતકારી**)

૫૦૨.ભગવાનને અર્થે જે પ્રવૃત્તિ કરવી એ જ સાચી ............... છે. (ભક્તિ, **નિવૃત્તિ**)

૫૦૩.બીજાનો ધર્મ આપણા માટે ...........ને નોતરનારો છે. (**ભય**, દુઃખ)

૫૦૪...................ને શ્રીજીમહારાજ ગમે ત્યારે વઢી શકતા હતા. (જીવુબા, **કુશળકુંવરબાઈ**)

૫૦૫.ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા સંતોની વાતો ................ જેવી છે. (ઉપનીષદ, **સ્મૃત્તિગ્રંથ**)

૫૦૬.ભગવાનના રક્ષણ તળે જાવ છું એને ............... થયા કહેવાઈએ. (**શરણે**, દાસ)

૫૦૭.મહારાજની મૂર્તિમાં ........... થયા વગર મહારાજની મૂર્તિનું સુખ આવે નહીં. (**એકરસ**, પ્રેમ)

૫૦૮................. થાય એ જ નારાયણને પામે. (દાસ, **નાનો**)

૫૦૯............ની વાત શાસ્ત્ર ભણવાથી આવડી જતી નથી. (જ્ઞાન, **સ્થિતિ**)

૫૧૦.બ્રહ્મા ............નું ધ્યાન કરે ત્યારે સૃષ્ટિ સર્જવાને સમર્થ થાય છે. (ભગવાન, **વિરાટ**)

૫૧૧.આપણે વહાલા મહારાજને......કરવાની ભાવના રાખવી. (**ખુશ**, રાજી)

૫૧૨.આત્મામાંથી .......... બહાર કાઢશું તો આપણામાં પુરુષોત્તમનારાયણ પ્રગટશે. (**દેહ**, વાસના)

૫૧૩.આપણામાં ..........હોય તો મોટાને આપણું કામ કરવાનું મન થાય. (**નિષ્ઠા**, વિશ્વાસ)

૫૧૪.દેહભાવ છૂટયા વગર .............. છૂટે નહીં. (પંચવિષય, **અહંકાર**)

૫૧૫.વડતાલનો વિશાળ સભામંડપ .................એ બનાવરાવ્યો છે. (**પવિત્રાનંદ સ્વામી**, અક્ષરાનંદ સ્વામી)

૫૧૬........... જીતવાથી ધ્યાન એની મેળે જ થાય છે. (**આસન**, મન)

૫૧૭.આપણે જેટલો અહંકાર ઉતારીશું, એટલી ........ ઊતરશે. (દયા, **કૃપા**)

૫૧૮.ગોપાળાનંદ સ્વામી ..................ની વાતો કરતા. (અનુલોમ ધ્યાન, **પ્રતિલોમ ધ્યાન**)

૫૧૯.મહારાજની આજ્ઞા પાળે એમાં મહારાજનો .............. હોય છે. (**વાસ**, રાજીપો)

૫૨૦."દિન ધન્ય ધન્ય આજ" એ કીર્તન ...............એ લખ્યું છે. (મુક્તાનંદ સ્વામી, **પ્રેમાનંદ સ્વામી**)

૫૨૧.આપણે અને આપણા મહારાજ એ બેય ............. છે. (**સત્**, સાકાર)

૫૨૨.આ જીવમાં રહેલ ..............ને સત્પુરુષો જ ઉપદેશ વાક્યો વડે છેદી નાંખે છે. (સ્વાભાવ, **વાસના**)

૫૨૩.મહારાજમાં તેમજ..............માં બંધાવું. (**મોટાની આજ્ઞા**, સત્પુરુષ)

૫૨૪.આપણે......... સ્વામિનારાયણમાં જોડાવાનું છે. (દિવ્યભાવે, **સર્વ ભાવે**)

૫૨૫.મોટા નૃસિંહાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ................... હતું. (મહારાજા ઉદયસિંહજી, **મહારાજા વિરસિંહજી**)

૫૨૬.આવો અવસર પછી ફરી નહિ આવે; ............... તાલી દઈને ગાવે રાજ. (બ્રહ્માનંદ, **પ્રેમાનંદ**)

૫૨૭.પૂરેપૂરું દાસપણું આવે નહિ તો જીવમાં .................. પ્રગટે નહીં. (મહિમા, **પુરુષોત્તમ**)

૫૨૮..........આપણને ભગવાનને મળવા યોગ્ય બનાવે છે. (**સંત**, સદ્‌ગુરુ)

૫૨૯.શામળિયા ચૈતન્યાનંદ સ્વામીએ ................ના કહેવાથી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કર્યો હતો. (**બાલમુકુંદ સ્વામી,** પુરુષાનંદ સ્વામી)

૫૩૦.સહજાનંદ ચરણ સુખકારી, પદની રચના ................એ કરી છે. (યોગાનંદ સ્વામી, **ધર્માનંદ સ્વામી**)

## ❋ ખાલી જગ્યા પૂરો. (વિકલ્પ રહિત)

૧. સદ્.ગોપાળાનંદ સ્વામીની કૃપાથી, સમાગમથી કેટલાક સંતો-ભક્તોને ખૂબ લાભ થયેલો.

૨. પરમચૈતન્યાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ભાયાત અજીતસિંહ હતું.

૩. માયા પર જે આત્મા તેને વિષે મૂર્તિ દેખાય, ત્યારે તેનું સુખ જાય નહીં.

૪. ગુણાતીતાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજ બેઠા અને કોઈકે આવી પગે લાગી ચંપાનાં ત્રણ ફૂલ મૂક્યાં.

૫. દત્તાત્રેયે સંસ્કૃત વિદ્યાનો ખૂબ જ સારો અભ્યાસ કર્યો હતો.

૬. કૃષ્ણાનંદ સ્વામીએ હરિચરિત્રામૃત પોતે લખ્યું છે.

૭. રૂડું સ્વામિનારાયણ નામ નિત્ય સંભારીએ રે... આ પદના રચયિતા ઝમરાળાના મૂળજીભાઈ છે.

૮. ઈર્ષા માનમાંથી જન્મે છે.

૯. જીવ અશુભ વાસનાને કારણે દેહમાં ફસાયેલો છે.

૧૦. મુક્તાનંદ સ્વામી સત્સંગની “મા” તરીકે ઓળખાય છે.

૧૧. કોઈની સાંભળેલી/લખેલી વાતને પોતાના નામથી પ્રકાશિત કરવી તેને પ્રજ્ઞાચોરી કહેવાય.

૧૨. વસ્તુતઃ આપણે સર્વે આત્માઓ શુદ્ધ જ છીએ.

૧૩. સિદ્ધાનંદ સ્વામીના ગુરુ સચ્ચિદાનંદ સ્વામી મહા પ્રેમી હતા.

૧૪. આપણે માયા કે મહારાજ બેમાંથી એક મૂકવું જ પડશે.

૧૫. ભગવાનને જ જો પામવું હોય તો ૧૦૦ જન્મેય આપણે આપણું મારાપણું મૂકવું જ પડશે.

૧૬. આપણી માન્યતા/બીબાં(સ્વભાવ) કરતાં ભગવાન અને ભગવાનના સંતો અનેક ગણા મહાન છે.

૧૭. આનંદાનંદ બ્રહ્મચારીની સાથે મળી સિદ્ધાનંદ સ્વામીએ ઉમરાળા અને ભેંસજાળ ગામમાં મંદિરો બાંધ્યાં.

૧૮. મોટા નરસિંહાનંદ સ્વામી ગોંડા પ્રાંતના હતા.

૧૯. ગોપાળાનંદ સ્વામીના સમાગમથી અક્ષરાનંદ સ્વામીને શુદ્ધ ઉપાસના દૃઢ થઈ.

૨૦. ગઢપુરના આદિ મહંત વિરક્તાનંદ સ્વામી નિમાયા હતા.

૨૧. સદ્. ગોપાળાનંદ સ્વામીએ ત્યાગીના ધર્મની વાતો કરી અક્ષરાનંદ સ્વામીને પરમ એકાંતિક કરી મૂક્યા.

૨૨. મહારાજનો આશરો અને વિશ્વાસ રાખીએ તો તેઓ ખૂબ ખૂબ રાજી થાય.

૨૩. અક્ષરાનંદ સ્વામીને ધામમાં લઈ જવાની વાત મહારાજે રઘુવીરજી મહારાજને કરી.

૨૪. રઘુવીરજી મહારાજને અક્ષરધામમાં જવાની ખૂબ તાલાવેલી હતી.

૨૫. વડતાલમાં ગોમતી આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે બંધાવી હતી.

૨૬. ગોપાળાનંદ સ્વામી અનંતકોટી બ્રહ્માંડના જીવોને જેમ ફાનસમાં દીવો દેખાય તેમ દેખે છે.

૨૭. ગોપાળાનંદ સ્વામી કહે, આજ મને જેવું જ્ઞાન છે તેવું ને તેવું અમે ૧ માસના હતા ત્યારે પણ હતું.

૨૮. હું મહારાજના એક રૂંવાડા જેવોય નથી, એના જેવા અક્ષરપર્યંત કોઈ નથી.

૨૯. લાખણકાના નાજા જોગીયા એટલે ઘનશ્યામદાસ સ્વામી.

30. ગોપાળાનંદ સ્વામી સત્સંગના વડા હતા.

૩૧. સંત સમાગમથી સત્સંગ પરિપક્વ થાય છે.

૩૨. ઉત્તમ નિશ્ચય વિના ઉત્તમ મુક્તિ મળતી નથી.

૩૩. વાતના કરનારાનો અભાવ આવે તે વજ્રલેપ થાય છે.

૩૪. શ્રીજી મહારાજ વાતની વાતમાં ભક્તોની કસોટી કરી લેતા.

૩૫. શ્રીજી મહારાજ જે આપીને ગયા એનો ઉપયોગ કરીએ તો કરોડ બ્રહ્માંડનાં કલ્યાણ થઈ જાય.

૩૬. વડતાલમાં બ્રહ્માનંદ સ્વામીની જગ્યાએ અક્ષરાનંદ સ્વામીને મહંત તરીકે મૂક્યા.

૩૭. અક્ષરાનંદ સ્વામીની દીક્ષા વિધિ જાદવજી ખત્રીને ઘેર થઈ હતી.

૩૮. અવતારો પણ આપણને અક્ષરધામને પમાડી શકતા નથી.

૩૯. સુખમાં સાંભરે સુંદરી, ને દુઃખમાં સાંભરે રામ.

૪૦. આલોક ગુંદરિયો લોક અને મુક્તબંધન લોક કહેવાય છે.

૪૧. અક્ષરાનંદ સ્વામી શ્રીજી મહારાજની અતિ માહાત્મ્ય જાણી સેવા કરતા.

૪૨. આપણને થોડી પણ માન અને સત્તાની અસર થયા વગર રહેતી જ નથી.

૪૩. સત્તા મળતા આપણું ચિત્ત ભગવત્ સ્વરૂપમાંથી ચળે અને વખાણ સન્માનમાં ભળે છે.

૪૪. મહારાજને ઓળખ્યા હોય છતાં વચન પાળી નથી શકતા.

૪૫. આપણું સાહિત્ય આપણને જગાડી દે એવું છે, જો જાગવું હોય તો.

૪૬. ગઢપુરનું મંદિર વિરક્તાનંદ સ્વામીએ બાંધ્યું હતું.

૪૭. આજ્ઞા પાલનમાં યુક્તિ-પ્રયુક્તિ ના કરવી.

૪૮. મોટાપુરુષનું વર્તન તો પરલોકને અર્થે હોય છે.

૪૯. પૂર્ણ પુરુષોત્તમમાં પાગલ થવા માટે પરમેશ્વરની કૃપા ખૂબ જ જરૂરી છે.

૫૦. જે દાસ થાય છે તે જ પાસ થાય છે.

૫૧. જેને મનધાર્યું ન મુકાણું એ બદ્ધ થાય છે.

૫૨. મનુષ્ય જન્મ મળ્યા પછી આપણે માત્ર મહારાજ મેળવવાના છે.

૫૩. આત્મામાંથી અહંતા હટાવી નિજ સ્વરૂપમાં કરવી.

૫૪. ઉત્તમાનંદ સ્વામી અષ્ટકવિ પૈકીના એક કવિ હતા.

૫૫. પ્રેમની પરાકાષ્ઠાના પદોનો મહિમા સમજી, ભાવથી લાભ લેવાથી જીવનાં પાપ બળી જાય છે.

૫૬. મનધાર્યું મૂકવું અને અનુવૃત્તિમાં રહેવું એ દુનિયાની કઠણમાં કઠણ બાબત છે. એવું સદ્. શ્રીગુણાતીતાનંદ સ્વામી કહેતા.

૫૭. પ્રભુની કૃપાનો હંમેશા સવળો ઉપયોગ થવો જોઈએ.

૫૮. સ્મૃતિ એ જ પ્રાપ્તિ છે, વિસ્મૃતિ એ જ નાશ છે.

૫૯. નિર્ગુણદાસજી સ્વામી ઔદિચ્ય બ્રાહ્મણ કુળના અને ચુડા ગામના હતા.

૬૦. ભગવાનદાસ સ્વામીને બ્રહ્માજી સફેદ હંસ પર બેસાડીને હાટીના માળીયાની વાડીએથી જુનાગઢ લઈ ગયા.

૬૧. જેને ભગવાનનો પુરેપુરો નિશ્ચય હોય તેનામાં ભગવાન જેવા ગુણો આવે છે.

૬૨. જેને અલૌકિક મતિ હોય તેને અલૌકિક ગતિ સમજાય.

૬૩. ભગવાનનો મહિમા હોય તો જ ભગવાનના સંતો-ભક્તોનો મહિમા થાય.

૬૪. ત્યાગી ગૃહીનો કોઈ મેળ નહીં, જેની સમજણ મોટી તે મોટો.

૬૫. સૌના માટે સૌ-સૌના ગુરુ શ્રેષ્ઠ છે, ગુરુનિષ્ઠા મહાન છે. ગુરુની આજ્ઞામાં રહેવું, બધાય ગુરુ-સંતો, સૌ સૌના શિષ્યો માટે ભગવદ્રૂપ જ છે.

૬૬. આત્મા-પરમાત્માની સિદ્ધિ ન થઈ હોય, ત્યાં સુધી ભગતને માથે વિઘ્ન છે.

૬૭. આપણે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી નહીંતો તે મરીને બ્રહ્મરાક્ષસ થાય છે.

૬૮. પંચવિષયનું સુખ બંધનકારી છે.

૬૯. ભગવાન પુરુષોત્તમનાં સુખને મેળવવામાં મોટામાં મોટું વિઘન પંચવિષયનું સુખ છે.

૭૦. ત્રાટક ધ્યાન કરવાથી મનને વશ કરી શકાય છે.

૭૧. ધ્યાન માટે સત્વ ગુણ ઉત્તમ છે.

૭૨. વિહારીલાલજી મહારાજની આજ્ઞા મુજબ પાર્ષદ મોનજી ભગતે અનુભવાત્મક વાતો લખી.

૭૩. પવિત્રાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ આણંદભાઈ હતું.

૭૪. ભુમાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ કહળાભાઈ હતું.

૭૫. હરિ કૃપા તબ જાનીએ, જબ સુજત અપના દોષ.

૭૬. ભગવાનની માયા એ પરમેશ્વરની શક્તિ છે.

૭૭. ભગવાન અને ભગવાનના સંતને રાજી કરવાથી જીવ બ્રહ્મરૂપ થાય છે.

૭૮. મહારાજનો જે છે એના કરતા થોડો વધુ મહિમા થઈ જાય તો માયા સાફ થઈ જાય.

૭૯. જેણે એકડો ઘૂંટ્યો છે એને મહિમા ઘૂંટતા આવડે.

૮૦. મહારાજનો મહિમા ઘૂંટીએ તો જીવનો ઉદ્ધાર થાય.

૮૧. સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીએ જેટલા લોકોને આત્મામાં પરમાત્મા પ્રગટ કરી દીધા એટલા બીજા કોઈએ કર્યા નથી.

૮૨. જેને શ્રવણ ભક્તિનું અંગ હોય તેમાં સર્વે ગુણો આવે છે.

૮૩. ભગવાન અને ભગવાનના સંત આપણાથી ઓળખાતા નથી.

૮૪. આપણું સંતોના હ્દયમાં સ્થાન થઈ જાય તો ભગવાન મળી જાય.

૮૫. ત્યાગ દુનિયાનો રાજા કહેવાય છે.

૮૬. મન કહે એના કરતા સંતો કહે તેમ કરવું શ્રેષ્ઠ છે.

૮૭. જેણે મોટાપુરુષની નિષ્ઠા જીતી હોય તો તે દુનિયામાં પણ જીતી જાય છે.

૮૮. વચનામૃત એ મહારાજની પરાવાણી છે.

૮૯. આશીર્વાદને ફળીભૂત કરવા પ્રમાણિક મહેનત કરવી પડે છે.

૯૦. મહારાજને ગ્રામ્યવાર્તા કરવી તે બિલકુલ ન ગમતું.

૯૧. ભગવાનને પામવું હોય તેને પોતાના આત્માને દેહથી અલગ માનવું જ રહ્યું.

૯૨. પુરુષોત્તમનારાયણની ભેળા રહેવામાં ખૂબ સુખ છે.

૯૩. સંતસભા છે તે ભગવાનનું હ્દય છે.

૯૪. વિષયનો રસ લે તેને મૂર્તિનો રસ ન આવે.

૯૫. સંતો કહે તેમ કરવામાં સુખ, સુખ ને સુખ જ છે.

૯૬. ભજનનો અખાડો જમાવાનો માસ એટલે ધનુર્માસ.

૯૭. જો ભગવાનનો મહિમા થાય તો જ ભગવાનમાં પ્રેમ થાય.

૯૮. જે દાસ થાય તેને જ શ્રીહરિનું ધ્યાન થાય.

૯૯. માની અને ઉપસવાની ઈચ્છાવાળાને ધ્યાન ન થાય.

૧૦૦. આત્મારૂપી ઘરમાં પુરુષોત્તમ બેઠા છે.

૧૦૧. ભગવાનમાં સ્મૃતિ રાખે તે બધો યોગ કહેવાય.

૧૦૨. ધનુર્માસમાં શ્રીકૃષ્ણ ભગવાન સાંદિપની ઋષિ પાસે ભણવા ગયા હતા.

૧૦૩. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં અમારા સત્સંગીઓએ દુષ્ટજનો સાથે વ્યવહાર ન કરવો એવું લખ્યુ છે.

૧૦૪. ઓળખાણ સોનાની ખાણ કરતાં પણ વધારે કિંમતી છે.

૧૦૫. જડતાનો ત્યાગ કરી સુજ્ઞતાને ધારણ કરવી.

૧૦૬. જેવો છે તેવો પુરુષોત્તમનો મહિમા થયો હોય તો અખંડ સ્મરણ થાય એમ ગોપાળાનંદ સ્વામીનું માનવું છે.

૧૦૭. મહારાજની ખુશી નહિ હોય તો આપણે દુઃખમાં પડવાના.

૧૦૮. મહારાજની ખુશીમાંથી આપણને ખુશી મળે છે.

૧૦૯. સ્વામિનારાયણ આપણા પતિ એટલે આપણા માટે હિતકર્તા, સુખકર્તા.

૧૧૦. આપણા માટે સ્વામિનારાયણ જ સર્વોપરી છે. આ વાત સમજી રાખવી.

૧૧૧. કોઈ દેવ દેવીની તુચ્છિત વાત ન કરવી.

૧૧૨. નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત.

૧૧૩. આપણે જ્યારે આપણા વખાણ કરીએ ત્યારે હળાહળ ઝેર આપણા મોઢામાંથી પેદા કરીએ છીએ.

૧૧૪. નાનામાં નાના જીવને ધ્યાનમાં રાખીને સદ્‌ગ્રંથોની રચના થતી હોય છે.

૧૧૫. વિરાટ પ્રધાનપુરુષનું ધ્યાન કરે છે ત્યારે બ્રહ્માંડ રચવાને સમર્થ થાય છે.

૧૧૬. જીવ અને વૈરાટ પુરુષમાં ભેદ છે એટલો ભેદ પ્રધાનપુરુષ અને વૈરાટ નારાયણમાં છે.

૧૧૭. કશ્યપ અને મરીચ્યાદિક પ્રજાપતિ બ્રહ્માનું ધ્યાન કરે ત્યારે પ્રજાને સર્જવાને સમર્થ થાય છે.

૧૧૮. ગોલોકમાં રાધાકૃષ્ણ સિંહાસન ઉપર બિરાજમાન છે.

૧૧૯. ધ્યાન તો પુરુષોત્તમનું જ થાય.

૧૨૦. મુળ સંપ્રદાય પહેલેથી જ ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન કરે છે.

INDEX



૧૨૧. ભગવાનના દર્શને કરીને પાંચેય વિષયનું સુખ એક સાથે પ્રાપ્ત થાય છે.

૧૨૨. ભગવાનના સંબંધમાં જે કોઈ આવે છે તેને બહુ મોટી પ્રાપ્તિ થાય છે.

૧૨૩. હરિભક્તની પણ એવી ક્રિયા હોવી જોઈએ કે એ જોઈને કુસંગી પણ સત્સંગી થાય.

૧૨૪. નજીવી વાતમાં આપણે વિવેક ચૂકી જઈએ તે સારું ન કહેવાય.

૧૨૫. માણસને માન-સન્માન ગાંડો કરી નાંખે છે.

૧૨૬. ભગવાન પકડવા હોય તો મોટા ન થાવું.

૧૨૭. માંગણ ભગવાનને પામતા નથી, દાતાર ભગવાનને પામે છે.

૧૨૮. ભગવાનનું સુખ જ સાચું છે.

૧૨૯. ગોપાળાનંદ સ્વામીની વિશેષતા એ હતી કે ભગવાનની ઈચ્છા હોય એમ જ એમને રહેવું ગમતું.

૧૩૦. શુકાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૮૫૫માં અને ડભાણ ગામમાં થયો હતો.

૧૩૧. શુકાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ જગન્નાથ વિપ્ર હતું.

૧૩૨. ગુણો ભગવાનને ગમે છે અને દુર્ગુણો ભગવાનને ગમતા નથી.

૧૩૩. આપણી સાચી સંપત્તિ સદ્‌ગુણો અને સારો સ્વભાવ છે.

૧૩૪. જેઠાભાઈને ડાકોરના રણછોડરાયજીએ દર્શન આપી પ્રગટ ભગવાન ગઢડા વિરાજે છે એવી ઓળખાણ કરાવી.

૧૩૫. જેટલો જેને ભગવાનનો મહિમા અને નિશ્ચય હોય એટલા એનામાં ગુણો આવે છે.

૧૩૬. જેને ભગવાન ઓળખાય અને ભગવાનનો નિશ્ચય થાય એ મુક્ત થઈ જાય છે.

૧૩૭. જ્યારે ખુશાલભટ્ટ શામળાજીના દર્શનાર્થે જતા ત્યારે શામળાજી સન્મુખ ચાલીને આવતા અને તેમને બાથમાં ઘાલીને ભેટતા. તે ગોપાળાનંદ સ્વામીની વિશેષતા અક્ષરાનંદ સ્વામીની વાતોમાં લખી છે.

૧૩૮. ખુશાલભટ્ટ રાધાકૃષ્ણ દેવની પૂજા કરતા ત્યારે દેવોની પ્રતિમા સામે આવીને બેસતી.

૧૩૯. રતિરામભાઈએ ગોપાળાનંદ સ્વામીને ભગવાન જેવા સંત સમજ્યા હતા.
૧૪૦. ભગવાનને પુરુષોત્તમનારાયણનું ભજન કરે તે બહુ ગમે છે.
૧૪૧. નાથભક્તના ઘરે ખુશાલભટ્ટનો ઉતારો હતો.
૧૪૨. અક્ષરધામમાં સિહાસનની બાજુમાં કોઈ બેઠું નથી.
૧૪૩. સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ તો એક ભગવાનની જ ઉપાસના કરવી.
૧૪૪. આપણે આ શરીર ભગવાનમાં જોડાવા માટે પ્રાપ્ત કર્યું છે.
૧૪૫. ચિદ્-અચિદ્‌ને પકડી રાખશું તો પુરુષોત્તમ પકડાવાના નથી.
૧૪૬. સાધુને લોઢું અને કંચન બધું સરખું હોય છે.
૧૪૭. પોતાની શુદ્ધિ થયા વગર પુરુષોત્તમમાં બુદ્ધિ રહે નહીં.
૧૪૮. થોડો ક્રોધ આવે તે પણ અતિશય નડતરરૂપ છે.
૧૪૯. હિતકર અને અહિતકર ક્રોધને વિશે જે સમાનપણું જાણે તે વિવેકરહિત છે.
૧૫૦. ધર્મમર્યાદા રખાવ્યાને અર્થે મોટાપુરુષો વઢે, ટોકે એ બાધરૂપ નથી.
૧૫૧. આપણે ભાવના રાખીએ તે તો ભગવાન પૂર્ણ કરે છે.
૧૫૨. આપણે જો આપણું ધાર્યું કરશું તો દુ:ખી થઈને મરશું.
૧૫૩. આપણે જો ભગવાનને પામવું હોય તો યશને અડવું ન જોઈએ. કારણ કે તેના ધણી એક ભગવાન છે.
૧૫૪. આલોકમાં પોતાનું અને પારકું હિત થાય તેવું બોલવું તેને અલૌકિક સત્ય કહેવાય.
૧૫૫. આપણે ભગવાનને યશ આપીએ તો એ આપણને તેની મૂર્તિ આપે.
૧૫૬. પોતાનું તથા પારકાનું અહિત થાય તેવુ સત્ય વચન પણ ન બોલવું.
૧૫૭. શરીર અને સંસાર નાશવંત છે, વિકારવાન છે અને કાળકૃત છે. તેમાં હંમેશા ફેરફાર ચાલે છે.
૧૫૮. ભગવાનનું અહં મમત્વ જીવનું કલ્યાણ કરનારું છે.
૧૫૯. માયાના અહંમમત્વએ જીવની કઠણાઈ કરી છે.

૧૬૦.મહારાજની મૂર્તિને પોતાનું સુખ માનો એટલે મોક્ષ.

૧૬૧.સ્વધર્મમાં આપણે મમતા રાખીએ તે મોક્ષદાયી છે.

૧૬૨.સ્વધર્મ પાળતા કદાચ મોત થઈ જાય તો પણ કલ્યાણ થાય.

૧૬૩.લૌકિક દયા સંસારી માણસમાં હોય અને અલૌકિક દયા મોટા એકાંતિક સાધુમાં હોય.

૧૬૪.સમયે સાવધાન રહેવું જોઈએ. વેળા વીતી ગયા પછી પાળ બાંધ્યાનો કોઈ અર્થ નથી.

૧૬૫.લૌકિક દયા દુઃખને આપનારી છે.

૧૬૬.સ્થૂળ તપ કર્યા વગર સૂક્ષ્મ તપ થઈ શકતું નથી.

૧૬૭.સ્થૂળ તપ એટલે દેહે કરીને ભૂખ, તરસ, તડકો, ટાઢ સહન કરવાં.

૧૬૮.ભગવાન એકાંતિક ધર્મના સ્થાપનને અર્થે ધરતી પર આવે છે.

૧૬૯.એકાંતિક ધર્મે કરીને જીવ ભગવાનના અક્ષરધામને પામે છે.

૧૭૦.ભાગવત ધર્મ, ભક્તિ અને એકાંતિક ધર્મ તે એક જ છે.

૧૭૧.પ્રવૃત્તિ કે નિવૃત્તિ સહિત ધર્મ ભગવાનને સંબંધે સહિત હોય તો તેને ભાગવત ધર્મ અથવા ભક્તિ કહેવાય છે.

૧૭૨.ભગવાનના ભક્તનું ઘસાતું બોલનાર ભગવાનને દીઠોય ગમતો નથી.

૧૭૩.સત્સંગ તો આત્મસત્તારૂપે રહીને અતિ દૃઢ કરવો.

૧૭૪.દેહ તથા દેહના સંબંધી સંગાથે હેત રહી જાય તેવો સત્સંગ કરવો નહીં.

૧૭૫.ભગવાન જેવા ભગવાન પોતાના દાસને આધીન વર્તે છે.

૧૭૬.જે દાસ થાય તેની મૂર્તિ ક્યારેય ટળે નહીં.

૧૭૭.ગોપાળાનંદ સ્વામીનું જ્ઞાન સ્વામિનારાયણ સંપ્રદાયમાં સર્વોપરી પુરુ-ષોત્તમનારાયણનું જ્ઞાન કહેવાય.

૧૭૮.ભગવાનનું ધ્યાન કરવાથી આત્મા પવિત્ર થાય છે.

૧૭૯.લીલા ચિંતવન કરી ભગવાનનું ધ્યાન કરે તે ધ્યાને કરીને સ્થૂળ દેહનો નાશ થાય છે.

૧૮૦. વસ્ત્ર-અલંકાર વગર દિગંબર સ્થિતિમાં ભગવાન હોય તેવું ધ્યાન કરવું તેને સાંગ ધ્યાન કહેવાય.

૧૮૧. ઉપાંગ ધ્યાન કારણ શરીરને ટાળે અને સાંગ ધ્યાન મહા કારણને ટાળે.

૧૮૨. વીર્યપાત ન થાય તેવા બ્રહ્મચર્યવ્રતવાળા તો ઉર્ધ્વરેતા બ્રહ્મચારી છે.

૧૮૩. બ્રહ્મચર્ય સિદ્ધ થયા વગર અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહેવાય નહીં.

૧૮૪. ઉત્તમ બ્રહ્મચર્ય પાળવું તે હઠયોગ વિના અતિ કઠણ છે.

૧૮૫. દેહભાવ ટાળીને ભક્તિભાવ જગાડીએ તો ભગવાન આપણને પણ દેખાય.

૧૮૬. ભગવાનની સ્મૃતિ ભગવાનના સાધુ કરાવડાવે.

૧૮૭. ભગવાનની સ્મૃતિ એ આત્માની ઉચ્ચત્તમ સ્થિતિ છે.

૧૮૮. અહંતા અને મમતા બહુ મોટો રોગ છે.

૧૮૯. કોઈ પણ પ્રકારે, કોઈ પણ વાતે ક્યારેય સંતો-ભક્તોને ગૌણ થવા દેવાય નહીં..

૧૯૦. અંતર કપટ છોડીએ ત્યારે સાચો સંગ થાય.

૧૯૧. હિંમત અને દ્રઢતા હોય તો તેની મદદે ભગવાન આવે છે.

૧૯૨. પોતાને કર્તા જ્યાં સુધી માનીશું ત્યાં સુધી માયિક સંબંધ મટવાનો નથી.

૧૯૩. જીવને સૌથી વધારે ન ગમતી વાત હોય તો તે દાસપણું છે.

૧૯૪. દેહભાવે પૂજા કરો એનો મતલબ, ઉકરડા ઉપર બેસીને પૂજા કરો છો.

૧૯૫. સત્યપ્રિય એવા સત્પુરુષ થાવું તો સત્યને સાંપડવામાં ઉત્સાહ રહે.

૧૯૬. આપણને ભગવાન અને મોટાપુરુષની વાતમાં વિશ્વાસ નથી.

૧૯૭. ભગવાન અને મોટાપુરુષનાં વચન આપણને સાચાં લાગતાં નથી.

૧૯૮. પોતાને અકર્તા માને ને પુરુષોત્તમનારાયણને સર્વકર્તા થકા અકર્તા જ માને એ વાત સર્વશ્રેષ્ઠ છે.

૧૯૯. ભગવાનને સર્વકર્તા માનશે તોપણ સવિકલ્પ નિશ્ચયમાં પણ ઉત્તમ નિશ્ચયવાળો ભક્ત ગણાશે.

૨૦૦. સાંગભક્તિ એ આત્માનું કલ્યાણ કરનારી છે.

૨૦૧.આપણે દેહાભિમાનનો પાર નથી, તેથી આસક્તિ પણ પાર વિનાની હોય છે.

૨૦૨.કોઈને જો સજાગતા પ્રાપ્ત થાય તો તે ગોપાળાનંદ સ્વામી જેવા થાય.

૨૦૩.શ્રીજી મહારાજ ત્રણ દેહ, ત્રણ ગુણને ઉકરડો કહેતા.

૨૦૪.ગોપાળાનંદ સ્વામીની વિચારવા જેવી ઉચ્ચતમ સ્થિતિ ભગવતકૃપાથી પ્રાપ્ત થાય છે.

૨૦૫.કુસંગી અને કૃતઘ્નીનો ત્યાગ કરવો.

૨૦૬.ગોપાળાનંદ સ્વામી અને સ્વામિનારાયણ ભગવાનનું જે જ્ઞાન છે તે પ્રેક્ટિકલ છે.

૨૦૭.જ્યાં સરળતા અને અક્કડતા વચ્ચેનું બેલેન્સ નથી ત્યાં નુકશાની છે.

૨૦૮.સમજણને વશ વર્તવું, સ્વભાવને વશ નહીં.

૨૦૯.પંચવિષયના સુખે કરીને જીવન મનાયું હોય ત્યાં સુધી ભગવાનની દિવ્યમૂર્તિનું સુખ માણી શકાતું નથી.

૨૧૦.ભગવાનના સુખમાં દૃષ્ટિ પહોંચાડવી.

૨૧૧.જો ભગવાનનું દાસત્વ હોય તો જ સંતો-ભક્તોના દાસ થવાય છે.

૨૧૨.અયોગ્ય સ્વભાવ સત્સંગમાં સુખ ન લેવા દે.

૨૧૩.પુરુષોત્તમ તો એક જ છે, બાકી આપણે બધા દાસ જ છીએ.

૨૧૪.સંતો આપણા સાચા મોક્ષદાતા અને જ્ઞાનદાતા છે.

૨૧૫.સત્પુરુષના આશ્રય તળે સ્વભાવ ટાળવા સહેલા છે.

૨૧૬.પ્રગટથી જે ફાયદો થાય તે પરોક્ષથી ન થાય.

૨૧૭.આત્મબુદ્ધિ થઈ જાય તો અભાવ ન આવે.

૨૧૮.સંકલ્પને ખોટા કરે અને અખંડ ભગવાનની મૂર્તિ સંભારે ત્યારે સંકલ્પનો ત્યાગ કર્યો કહેવાય.

૨૧૯.ભગવાનના વચનમાં દૃઢ વિશ્વાસ રાખે તો એ પરિપૂર્ણ જ્ઞાની છે.

૨૨૦.અગત્યમાં અગત્યની કોઈ વાત હોય તો તે પ્રભુમાં પ્રેમ છે.

૨૨૧.ભગવાનના ભક્ત તો બ્રહ્મની જ મૂર્તિ છે, તેમાં દેહભાવ ન પરઠવો.

૨૨૨.અખંડ ભગવાન સંભારતો નથી, અભ્યાસ કરતો નથી તે તો દિનકઢણી કરે છે.

૨૨૩.ભગવાનને ગમતું જીવવા માંડીએ, આજ્ઞામાં રહીએ એ સૌથી મોટું આત્મનિષ્ઠાપણું છે.

૨૨૪.જે દીનાધીન ને દાસ થાય તેના ઉપર પુરુષોત્તમ અતિશય રાજી થાય છે ને તેની કસર રહેવા દેતા નથી.

૨૨૫.જીવ અને માયાના નિયંતા પુરુષોત્તમનારાયણ છે.

૨૨૬.ભગવાન અને ભગવાનના ખરેખરા ભક્તમાં એવું હેત કરવું કે તેથી અધિક કોઈમાં હેત રહે નહીં.

૨૨૭.માન બે પ્રકારનું ૧. દેખીતું માન ૨. મને માન ગમે જ નહીં.

૨૨૮.ભગવાનમાં અભિનિવેશ સંતો કરાવે છે.

૨૨૯.આળસુ અને ગાફલ ગોથા ખાય છે.

૨૩૦.માંહી પડ્યા તે મહાસુખ પામે, દેખનહારા દાઝે રે જોને.

૨૩૧.હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.

૨૩૨.આપણે સત્સંગ કરવારૂપી કામ કરીએ છીએ.

૨૩૩.આપણે બીજાનું કામ સંભાળીએ ત્યારે તેના કામની કિંમત આપણને થાય.

૨૩૪.સત્સંગમાં ડૂબી જવામાં મજા છે, તરવામાં મજા નથી.

૨૩૫.ઉર્ધ્વરેતા થવાય તે બ્રહ્મચર્યનો અવધિ છે.

૨૩૬.જેને શ્રદ્ધા હોય તે પોતાની દૈહિક ક્રિયા જલ્દીથી પતાવે છે.

૨૩૭.ભગવાનની એક પણ આજ્ઞા ન લોપે તે ધર્મની અવધિ કહેવાય.

૨૩૮.સમગ્ર સંસાર કાળ અને કર્મથી પીડિત છે.

૨૩૯.માયામાં કાળકૃત વિકાર ચાલતો જ રહે છે.

૨૪૦.સાંસારિક વિટંબણાને વશ થઈ જીવ ભગવાનને ભૂલી જાય છે.

૨૪૧. શ્રીહરિ અને સંતોના ચરણમાં જ સાચું સુખ છે, એવી સમજણને કોટી-કોટી વંદન.

૨૪૨. આ શરીર જડ છે, પરંતુ આત્માને લઈને એ ચેતન લાગે છે.

૨૪૩. પોતાની વૃત્તિઓને આત્મા-પરમાત્માના સ્વરૂપમાં જ હોમ્યા કરીએ એ જ ધ્યાન યજ્ઞ.

૨૪૪. જ્યાં સુખ જ નથી ત્યાં જીવ સુખ માનીને સુખ શોધવા મથ્યા કરતો હોય છે.

૨૪૫. સુરપુર, નરપુર નાગપુર, ઈન તિનોમેં સુખ નાહી; કાં સુખ હરિકે ચરણમેં, કાં સંતનકે માંહી.

૨૪૬. સંતોએ પરમાર્થને કારણે જ દેહ ધર્યો હોય છે.

૨૪૭. પોતાના દેહને વિશે જેવી આત્મબુદ્ધિ છે તેવી, મૂર્તિ અને સાધુમાં થવી જોઈએ.

૨૪૮. મગનીરામ અને ભરતજી ભગવાન મેળવવાના માર્ગે ભૂલા પડ્યા હતા.

૨૪૯. ધર્મ ઉપયોગી અર્થનું ફળ ભોગવિલાસ નથી.

૨૫૦. ખાનપાન આદિક ભોગ દેહનિર્વાહ માટે છે.

૨૫૧. પરમાત્માને પામવું એ જ જીવતા રહેવાનું ફળ છે.

૨૫૨. જે અર્થ પરાયણ વર્તે છે તે મોક્ષના માર્ગને વિશે ધન વાપરે છે.

૨૫૩. ધર્મ-નિયમનું ફળ ધન-સંપતિ છે તેવું માને છે તે અજ્ઞાની છે.

૨૫૪. દુનિયા એક મોટું સમૂહજીવન છે.

૨૫૫. સત્પુરુષના સંગે દેશકાળાદિક રૂડા થઈ જાય છે.

૨૫૬. સ્વભાવ જોઈને અભાવ આવે છે.

૨૫૭. સુખનો સાગર મહારાજ છે.

૨૫૮. ભગવાનને જોઈ-જોઈને જીવીએ તો દુ:ખી ન થવાય.

૨૫૯. જેને પરમાત્મામાં લાગવું હોય તો તેને આત્માભિમાન છોડવું પડશે.

૨૬૦. ભગવાન અને ભગવાનના સંતોનો નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને યુક્ત રાખવો

જોઈએ.

૨૬૧. ગોપાળાનંદ સ્વામીની પાસે આવીને સંતો જ્ઞાન-વાર્તાની ચર્ચા કરતા હતા.

૨૬૨. આત્માને સહજાનંદ સાથે જોડાવાથી મહાઆનંદ મળે છે.

૨૬૩. સંગ, સ્થાન અને શ્રદ્ધા સારા હોય તો મુમુક્ષુને વિષય જીતવામાં દાખડો ન પડે.

૨૬૪. આપણને સૌથી મોટું બંધન એટલે પંચવિષય.

૨૬૫. ચૈતન્યમૂર્તિ શ્રીહરિ જ આપણું સુખ છે.

૨૬૬. ગોપાળાનંદ સ્વામી એવું કહેતા કે, “ગૃહસ્થને સ્ત્રીના યોગમાં રહીને એનાથી બચવું કઠણ છે, તેમ ત્યાગીને મંદિરમાં રહીને ખાન-પાનથી બચવું તે એવું જ કઠણ છે; અને એથી વધારે કહીએ તોપણ ચાલે.”

૨૬૭. જેટલું ભોજન સરસ એટલી ભક્તિ નીરસ.

૨૬૮. એક કોળીયો પણ વધારે ખવાય તો પ્રમાદ થયા વગર રહેતો નથી.

૨૬૯. યોગ થાય એટલે વિષય ભોગવાઈ જાય.

૨૭૦. ભગવાન વિના જેને બીજો ઘાટ જ ન થાય, સ્મૃતિ જ ન થાય એને જ ભગવાનમાં પ્રીતિ છે.

૨૭૧. ભીંતરી ભાવ પ્રમાણે ફળ મળે છે, પણ ઉપલી ક્રિયા પ્રમાણે ફળ મળતું નથી.

૨૭૨. ભગવાનની આજ્ઞામાં રહેવું તેના જેવું એક પણ જ્ઞાન નથી.

૨૭૩. આત્મા અને શરીર એક જ છે, પણ જુદા છે એ હકીકત છે.

૨૭૪. જ્યાં સુધી દેહાભિમાન હશે ત્યાં સુધી પંચવિષયની વાસના ટળશે નહીં.

૨૭૫. આત્માને કોઈ નાત-જાત હોતી જ નથી.

૨૭૬. દેહાભિમાનરૂપી એક જ દોષ ટાળવાથી સર્વે દોષો આપમેળે ટળી જાય છે.

૨૭૭. આત્મનિષ્ઠારૂપી એક જ ગુણ આવે તો સર્વે ગુણો આપમેળે આવી જાય છે.

૨૭૮. મહારાજ અને મોટાની આજ્ઞામાં રહીને જીવન જીવવું જોઈએ.

૨૭૯. જે માણસે આખી જીંદગી બહુ જ સહન કર્યું હોય તેને અંતકાળે સહન કરવાનું ન રહે.

૨૮૦.ગોપાળાનંદ સ્વામી સાધુઓના પરમ દાસ હતા.

૨૮૧.બધાને અનાદિ મુક્ત માને તો ભગવાન આપણાથી પ્રભાવિત થાય.

૨૮૨.આપણી સલાહ પ્રમાણે બીજા રહેતા હોય તો આપણને કેફ અને અભિમાન હોય છે.

૨૮૩.જીવને જેવો માનમાંથી સ્વાદ આવે છે તેવો કોઈ વાતમાંથી આવતો નથી.

૨૮૪.ભગવાનના નિશ્ચય માટે સાધનનું બળ ન રાખવું.

૨૮૫.ભગવાનને માયાથી પર સમજવા જોઈએ.

૨૮૬.પૂ.ગોપાળાનંદ સ્વામી ૧૯૦૮ સાલમાં ઉમરેઠ ગામે ભગવાનના સર્વોપરીપણાની વાતો કરતા હતા.

૨૮૭.જીભ બોલે એના કરતા જીવન બોલે એની અસર હજાર ગણી હોય છે.

૨૮૮.ભગવાનની મરજીમાં જીવવું એનુ જ નામ અનુવૃત્તિ.

## ✸ નીચેનાં વાક્યો કોણ બોલે છે ?

૧. અમે તો શાંત મૂર્તિ શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક છીએ. - **ભગવાન સ્વામિનારાયણ**

૨. અમને તમોગુણી માણસ ગમતા નથી, ક્રોધી સાથે અમારે બને નહીં. - **ભગવાન સ્વામિનારાયણ**

૩. ગોપાળાનંદસ્વામી અને અમે, અમારું પુરુષોત્તમપણું બ્રહ્માંડમાં પ્રવર્તાવવા આવ્યા છીએ. - **ભગવાન સ્વામિનારાયણ**

૪. ગોપાળાનંદ સ્વામી તમે અમારું પુરુષોત્તમપણું પૂરેપૂરું પ્રર્વતાવો. - **શ્રીજી મહારાજ**

૫. કેશવદાસ ધામમાં જા અને મહારાજને વાત કર. - **ગોપાળાનંદ સ્વામી**

૬. ઓલાને તો માનભાઈ લઈ જાય છે, પણ પાછળથી ૨૦ ઊભા થયા તે અમને પ્રગટ પુરુષોત્તમને છોડીને એ શું સમજીને હાલ્યા હશે ? - **શ્રીજી મહારાજ**

૭. હવે બધો ભાર અમારી માથે ક્યાં સુધી ? કોઈક આ સત્સંગને સંભાળો. - **શ્રીજી મહારાજ**

૮. બેટા, તું આવા વડીલ, સદ્‌ગુરુ પરમ ચૈતન્યાનંદ સ્વામીની સેવામાં રહે. - **ગોપાળાનંદ સ્વામી**

૯. તમારે અત્યારે પૂજા કરવાનું શું કામ છે ? - **ગોપાળાનંદ સ્વામી**

૧૦. હે સ્વામી ! કાલે મને પૂજા કરવાની ના પાડી એમાં મને કાંઈ દુ:ખ લાગ્યું નથી. - **પરમચૈતન્યાનંદ સ્વામી**

૧૧. હે ગોપાળાનંદ સ્વામી, જેમ તમે કહેશો તેમ મારે કરવું છે એમ મેં આંટી પાડી છે. - **પરમચૈતન્યાનંદ સ્વામી**

૧૨. સંકર્ષણ આદિક ઉપર કે બીજે ત્રીજે છે એમ ન સમજવું. એ બધાય અહીં સત્સંગમાં છે. - **ગોપાળાનંદ સ્વામી**

૧૩. સ્વામી, આપણે જૂનાગઢમાં મંદિર બાંધ્યું છે. એ આપણા મંદિરમાં આપણે શિવ પધરાવવા છે . તે તમે શું કહો છો ? - **શ્રીજી મહારાજ**

૧૪. હે મહારાજ ! ધાર્યું તો તમારું થશે. - **શામળિયા ચૈતન્યાનંદ સ્વામી**

૧૫. જેમ આકાશમાં પરમેશ્વરે બાર સૂર્યદેવ કર્યા છે, એમ સંપ્રદાયમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા અમે બાર સદ્‌ગુરુઓ કર્યા છે. - **શ્રીજી મહારાજ**

૧૬. સ્વામિનારાયણ સંપ્રદાયનું સાહિત્ય અનમોલ છે. માટે એની જાળવણી કરવી. - **પ.પૂ.ગુરુજી**

૧૭. આપણને ભગવાનમાં જે હેત છે એના કરતાં એક ટકો કોઈ વધારી આપે એને અબજો ડોલર આપો તોપણ ઓછા છે. - **પ.પૂ.ગુરુજી**

૧૮. ભાગવત શુદ્ધ હૈ, ઉસમેં કિસી ભી મસાલે ડાલનેકી જરૂરત નહીં હૈ. - **વૃંદાવનના પંડિત**

૧૯. જો ગોપાળાનંદ સ્વામીનો યોગ સમાગમ ન કર્યો હોત તો સત્સંગની પરિપક્વ સમજણ દૃઢ થયા વિના કાચા ને કાચા મરી જાત. - **શામળિયા ચૈતન્યાનંદ સ્વામી**

૨૦. જે લખ્યા હતા મારે હાથે, તોપણ વચનામૃત પૂરાં સમજાતાં ન હતાં; પણ ગોપાળાનંદ સ્વામીએ સમજાવ્યાં પછી સમજાણાં. - **શુકાનંદ સ્વામી**

૨૧. આજથી પાંચમા દિવસે હું ભગવાનના ધામમાં જઈશ. - **શામળીયા ચૈતન્યાનંદ સ્વામી**

૨૨. તું નિત્ય જે પરમાત્માને પામવાની ઈચ્છા રાખે છે, એ પરમાત્માની પ્રાપ્તિ કરાવે એવા સંત આજ ઉમરાળા ગામમાં આવ્યા છે. - **ભગવાન બાલમુકુંદજી**

૨૩. બાલમુકુંદદાસ સ્વામી બહુ જ પ્રવીણ હતા. એમનું મન ભગવાનમાં એકાકાર થઈ ગયુ હતુ. - **મંજુકેશાનંદ સ્વામી**

૨૪. ગોપાળાનંદ સ્વામીના મંડળના કોઈ સંત મારી મદદમાં રાખો તો હું અવશ્ય ગઢપુરનો વહીવટ સંભાળીશ. - **ભક્તિવલ્લભદાસજી સ્વામી**

૨૫. સંતો, આવો મારા બાપ, હું પાણી પાઉં. - **શ્રીજી મહારાજ**

૨૬. ભણનારા કરતાં ભણાવનારાને દાખડો વધારે પડે છે. - **ગુણાતીતાનંદ સ્વામી**

૨૭. અમારો દાખડો સફળ નહિ કરો તો તમારી મુક્તિ નહિ થાય. - **શ્રીજી મહારાજ**

૨૮. મારા શરીરે કળતર છે, તેથી નહિ ચલાય. - **પૂ. સિદ્ધાનંદ સ્વામી**

૨૯. તમારાથી નહિ ચલાય ? તો ગોપાળાનંદ સ્વામીની ગાડી ઉભી રખાવીએ ? - **પા. મોનજી ભગત**

૩૦. તમો ધ્યાન કેવી રીતે કરો છો ? - **પૂ. ગોપાળાનંદ સ્વામી**

૩૧. ભૂંડણ જેવી ડોશીમાં હેત થાય અને મુક્તાનંદ સ્વામી જેવા સાધુમાં હેત ન થાય. - **પૂ. ગુણાતીતાનંદ સ્વામી**

૩૨. સત્ત્વયદ્ બ્રહ્મ દર્શનમ્. - **પૂ. ગોપાળાનંદ સ્વામી**

૩૩. દેશકાળ તો ઘડી ઘડીમાં ફરી જાય. - **પૂ.સિદ્ધાનંદ સ્વામી**

૩૪. જાણી જોઈને અશુભ દેશકાળ સેવવા નહીં. - **પૂ. ગોપાળાનંદ સ્વામી**

૩૫. ધ્યાન કરીને થોડો હરું ફરું પછી સુખ થાય. - **પૂ.સિદ્ધાનંદ સ્વામી**

૩૬. ઈન્દ્રિય અંતઃકરણને કારસો (દંડ) દીધા વિના એવું ને એવું ધ્યાન ન થાય. - **પૂ. ગોપાળાનંદ સ્વામી**

૩૭. લાખ મુશ્કેલી હોય તો કરોડો ઉપાય હોય અને મિલિયન પ્રોબ્લેમ હોય તો બિલિયન સોલ્યુશન હોય. - **શ્રી નરેન્દ્ર મોદી**

૩૮. સિદ્ધાનંદ સ્વામી, તમે ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરજો. - **શ્રીજી મહારાજ**

૩૯. ઝાઝો અમારો મહિમા નહિ તો અમને અન્નદાતા તો જાણજો; તોય તમારે અમારે વિશે સૌથી વધુ હેત થઈ જશે. - **શ્રીજી મહારાજ**

૪૦. હા મહારાજ, હું ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરીશ. - **સિદ્ધાનંદ સ્વામી**

૪૧. હરિ, આજ અમારે ટાઢું ધરા જેવું થયું. - **સિદ્ધાનંદ સ્વામી**

૪૨. સ્વામી, અમને સેવા કરવામાં થાક નથી લાગ્યો. - **પૂ.ઉત્તમચરણ સ્વામી અને પૂ. રામચરણ સ્વામી**

૪૩. તમને થાક લાગ્યો ન હોય, પરંતુ મહારાજ તમને દિવ્યરૂપે પવન નાંખે છે, તેને થાક લાગ્યો હશે. - **પૂ.સિદ્ધાનંદ સ્વામી**

૪૪. સ્વામી, હું વાવણીએ ન ગયો. હું વાવણી કરું તો મંદિરે સેવાનું કામ અધુરું રહે. - **લાઠીદડના જેરાજ પટેલ**

૪૫. સ્વામી, આ કામ હું પૂરું કરી દઈશ. આપ હવે સુખેથી મહારાજ પાસે જાવ. - **નિત્યાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને**

૪૬. તું જાને ધામમાં, કેને મહારાજને કે મને ધામમાં લઈ જાય. - **ગોપાળાનંદ સ્વામી કેશવ સ્વામીને**

૪૭. રણમલજી ઘોડું હારે લ્યો ને ! - **શ્રીજી મહારાજ**

૪૮. હે મહારાજ, હે મારા નાથ, તમારું ગમતું જ કરવું છે. - **અલૈયા મોડાના રાજકુમાર રણમલજી**

૪૯. અમારું ગમતું કરવું હોય તો આ કાશીદાસનું હળ હાંકજો. - **શ્રીજી મહારાજ**

૫૦. પ્રભુ આ તો હીર છે, સાચું સોનુ છે; ક્યાંય દરબારપણું નથી. - **બોચાસણના કાશીદાસ પટેલ**

૫૧. “મને હવે ભાગવતી દિક્ષા અપાવો તો ઠીક ” - **રાજકુમાર રણમલજી (પાર્ષદ)**

૫૨. ચોમાસું નજીક આવે છે તો અમને કામળીઓ અપાવો તો સારું. - **પાર્ષદો**

૫૩. તને રાજ્યમાં બંધન છે, તું મરીને કુતરી થઈશ ! - **શ્રીજી મહારાજ**

૫૪. કહો મહારાજ ! કહો ! મને આજ દિન સુધી તમારા જેવો કહેતલ મળ્યો નથી. - **ધરમપુરના રાણી કુશળકુંવરબાઈ**

૫૫. “અરે ! ગુરુ માટે મારે મંદિરનું કામ છે, મારે એક ઘડીની પણ નવરાશ નથી.” - **સદ્. અક્ષરાનંદ સ્વામી**

૫૬. “તમે મારી સાથે જૂનાગઢ ચાલો” - **સદ્ શ્રી ગોપાળાનંદ સ્વામી**

૫૭. “અમારે એક સિગરામ જોઈએ છે.” - **આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ**

૫૮. “હમણાં કોઈ બળદ નવરા નથી.” - **સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામી**

૫૯. “જે ચરણ ભેટ આવે તે લઈ લેજે, અહીં મંદિરમાં જોઈએ છે.” - **સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી**

૬૦. “સ્વામી, આ ભૂદેવને બસો રૂપિયા આપજો.” - **શ્રીજી મહારાજ**

૬૧. “જતો રહેજે પાછો ! મહારાજને મોઢું બતાવતો નહીં.” - **સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી**

૬૨. "મારે પણ ગઢાળી જવું છે ને જોડ નથી, તો આપણે બંને જોડ, ચાલો." **- સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામી**

૬૩. "અક્ષરાનંદ ! મંદિરનું કામ એક માસ સુધી બીજાને સોંપી દો અને મારી સાથે તમારે આવ્યા વગર છૂટકો જ નથી." **- સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી**

૬૪. "હે સ્વામી ! હે ગુરુજી ! હું આજ સત્સંગી થયો" ! **- સદ્ શ્રી. અક્ષરાનંદ સ્વામી**

૬૫. અલ્યા કલ્યાણદાસ ! અમારા હરિહરિયાનંદ સ્વામી આવે ત્યારે ધર્માદાના આઠ આના આપજો. **- શ્રીજી મહારાજ**

૬૬. ક્રોધ ન જ કરવો, જો આવી આંટી પાડીએ તો ક્રોધ થાય જ નહીં. **- જયાનંદ સ્વામી**

૬૭. જીવ તો સત્સંગ કરીને બહુ સમર્થ થાય છે. **- ગોપાળાનંદ સ્વામી**

૬૮. "હું તમારા ઉપશમ ધ્યાનથી ખૂબ રાજી થયો છું." **- શ્રીકૃષ્ણ ભગવાન**

૬૯. "અમે જેમ કહીએ તેમ તમે કરશો તો આલોક અને પરલોકમાં સુખીયા થઈ જશો." **- ગોપાળાનંદસ્વામી**

૭૦. "સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે એમ જાણીને નિત્ય એમનું ભજન કરો." **- ગોપાળાનંદસ્વામી**

૭૧. "આ ચારેય વિષ્ણુ હિરણ્યગર્ભ છે." **- ગોપાળાનંદસ્વામી**

૭૨. ફૂલન કી પાઘ, ફૂલન કે તોરા, ફૂલન કે હાર; વાહ ! વાહ ! વાહ ! આ ગયે હરિ ઓરા. **- પૂ.ગુરુજી**

૭૩. આહા ! મસ્ત મજાનાં બે તરબુચ કેટલાં સરસ છે, મહારાજ માટે લઈ જાવ. **- ભગુ પટેલ**

૭૪. અમે ઉતાવળ નથી કરતા, આ ભગાનો ભાવ ઉતાવળ કરાવે છે. **- શ્રીજીમહારાજ**

૭૫. હું તો પુરુષોત્તમ સાથે પરણીશ. **- ભગુ પટેલ**

૭૬. વાહ ગુરુ, ને વાહ ચેલા, વાહ અનોખી વાત; વાહ સ્નેહ, વાહ ભક્તિ, વાહ શક્તિ સાક્ષાત્. **- પૂ. ગુરુજી**

૭૭. વાહ ભગવાનદાસ ! તમે તો આજે બહુ વરસાદ કર્યો, તમે તો આજે પ્રલય કરવા ધાર્યો છે ? - **ગુણાતીતાનંદ સ્વામી**

૭૮. ઉપદેશ દઈને આઘા રહેવું, એનાં ડોળમાં ભળવું નહીં. - **ગોપાળાનંદ સ્વામી**

૭૯. પૂજા ડોડીયા જેવા કોઈક જ સત્પુરુષ હોય છે, બીજા સાથે ઓળખીને હેત કરવું, બાકી બીજાથી ચેતતા રહેવું. - **ગોપાળાનંદ સ્વામી**

૮૦. આ જીવની વૃત્તિ છે તે આખાં બ્રહ્માંડમાં છાઈ રહી છે. - **ગોપાળાનંદ સ્વામી**

૮૧. કાલે સવારે કાળ આવી જશે, એક થપાટે હતું નહોતું થઈ જશે, અહીંથી કંઈ લેવાશે નહીં. - **ગોપાળાનંદ સ્વામી**

૮૨. સિંહણનું દૂધ સાચવવું હોય તો સોનાનું પાત્ર જોઈએ. - **ગુણાતીતાનંદ સ્વામી**

૮૩. દાસ ન થાય તેનાથી ધ્યાન ન થાય. - **ગોપાળાનંદ સ્વામી**

૮૪. જીવન જીવવામાં એક જ ઈન્દ્રિયની જરૂર છે રસની. - **મોહનપ્રસાદ સ્વામી-ધોરાજી**

૮૫. નિર્માની અને દાસ થયા વિના ભગવાનમાં નહિ જોડાવાય. - **ગોપાળાનંદ સ્વામી**

૮૬. માન તજી સંતન કે મુખસે, પ્રેમ સુધારસ પીજે...હો નિશદિન, સંત સમાગમ કીજે. - **બ્રહ્માનંદ સ્વામી**

૮૭. શ્રીજી મહારાજ અને શ્રીજી મહારાજના એકાંતિક સાધુ એ બે જીવાત્માના કલ્યાણ માટે શ્રેષ્ઠ છે. - **ગોપાળાનંદ સ્વામી**

૮૮. જીવનું કલ્યાણ કેવી રીતે થાય ? - **ભાદરણના ભગુભાઈ**

૮૯. મહારાજ કર્તા થકા અકર્તા છે. - **ગોપાળાનંદ સ્વામી**

૯૦. સત્પુરુષના આશરે સ્વભાવ ટાળવા સહેલા છે. - **ગોપાળાનંદ સ્વામી**

૯૧. અસહ્ય થાય તે જતું રહે છે. - **સ્વામી શરણાનંદજી**

૯૨. હું ભગવાન પુરુષોત્તમ નારાયણનો પરમ સેવક છું. - **પૂ. ગુરુજી**

૯૩. મને કોઇ તલવારે કાપે તોપણ તેના પ્રત્યે દ્વેષ ન થાય. - **જનકરાજા**

૯૪. હું અક્ષરધામ છું. ભગવાનનો દાસ છું. - **પૂ. ગુરુજી**

૯૫. જે વચનામૃત બહુ વાંચશે તેને અમે તેના અંતર આત્મામાં રહીને સમજાવશું. - **શ્રીજી મહારાજ**

૯૬. જગત અને જગતના સુખ અસારરૂપ છે. - **શ્રીજી મહારાજ**

૯૭. જો તમે સુધા સાવધાન નહિ રહો તો તમારો પગ સત્સંગમાં નહિ ટકે. - **શ્રીજી મહારાજ**

૯૮. જે દિવસે હિંમત રહિત વચન બોલાય તે દિવસે ઉપવાસ કરવો. - **શ્રીજી મહારાજ**

૯૯. જેમ છે એમ જાણવું એ દેખવા કરતાં પણ શ્રેષ્ઠ છે. - **સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામી**

૧૦૦.સાકાર વિના કર્તાપણું હોય નહીં. - **સ્વામિનારાયણ ભગવાન**

૧૦૧.ભગવાન વિના જીવ તો સાવ જડ જેવો છે. - **સદ્. ગોપાળાનંદ સ્વામી**

૧૦૨.કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારી લેવો, કદાચ કરોડ કામ સુધર્યા પણ મોક્ષ બગડી ગયો તો શું કર્યું ? - **ગુણાતીતાનંદ સ્વામી**

૧૦૩.આટ આટલી વાત કરીએ છીએ તોપણ કોઈનેય ચટકી ચઢતી નથી. - **ગોપાળાનંદ સ્વામી**

૧૦૪.અભાગ્યા જીવોને બીજી વસ્તુ મેળવવાની જેવી ચાડ છે તેવી અવિનાશી પદ મેળવવાની ચાડ નથી. - **નિષ્કુળાનંદ સ્વામી**

૧૦૫.કરોડો જન્મ ગયા આ જીવ નિર્માની દાસ થઈને કોઈ દિ ખુલ્લે ખુલ્લો જેવો હોય તેવો સંત આગળ નિષ્કપટ થયો નથી. માટે એ લખચોરાશીમાં રખડે છે, નહિ સમજે તો પાછો ભટકશે. - **મુક્તાનંદ સ્વામી**

૧૦૬.ભટડા, રૂક્ષ્મણીનો જેમ હાથ ઝાલ્યો ને ! એમ મારો હાથ પુરુષોત્તમ આવીને ઝાલે, તે દી હું મારી જાતને ધન્ય માનું. - **કુશળકુંવરબા**

૧૦૭.એક બ્રહ્માંડની ક્રિયાને હું હસ્તામળ દેખું છું. - **સ્વરૂપાનંદ સ્વામી**

૧૦૮.હું અનંત કોટી બ્રહ્માંડને હસ્તામળ દેખું છું. - **વ્યાપકાનંદ સ્વામી**

૧૦૯.ગોપાળાનંદસ્વામી, “તમે તો અક્ષરમુક્ત છો અને તમારા એક રુંવાડામાં પૂર્ણાનંદ મુક્ત ઉડતા ફરે છે; એવો તો તમારો મહિમા છે.” - **શ્રીજી મહારાજ**

૧૧૦.ક્યાંક ક્યાંક અષ્ટભુજ ને ચર્તુભુજરૂપે દેખાય છે તે તો અમારી ઇચ્છાથી દેખાય છે. - **શ્રીજી મહારાજ**

૧૧૧.તારે કલ્યાણની ઇચ્છા હોય તો હું કહું એમ કર. - **શ્રીકૃષ્ણ ભગવાન**

૧૧૨.બોલો પ્રભુ, તમે જેમ કહો તેમ કરું. - **વડોદરાના વલ્લભભાઈ**

૧૧૩.તારું આત્યંતિક કલ્યાણ ગોપાળાનંદ સ્વામી કરશે. - **શ્રીકૃષ્ણ ભગવાન**

૧૧૪.હું અને ગોપાળાનંદ સ્વામી બન્ને જુદા નથી, એક જ છીએ. - **જગન્નાથજી**

૧૧૫.આ દાડમ ભલે અહીંયાં પડ્યાં, તેના લેનારા ચાલ્યા આવે છે. - **સ્વામિનારાયણ ભગવાન**

૧૧૬.જો આપણું કપટ કળી જાય તો એ મોટાપુરુષ સાચા. - **ગામ ધારીના વાણિયા**

૧૧૭.જો આ મારી પાસે તલવાર અને બંદૂક છે એને જોઈને ગોપાળાનંદસ્વામી એમ કહે કે, "આ શું બંદૂક આને તલવાર પાસે રાખ્યા છે આમા કોઈ માલ નથી." - **ગામ ધારીનો મેરામ માંજરીયો**

૧૧૮.સંતો-ભક્તોને રાજી કરીએ એવા આપણા જીવન બન્યા હોય તો એ મહારાજની કૃપાથી બન્યા છે. - **પૂ.ગુરુજી**

૧૧૯.સ્વામી આ સિદ્ધિઓ કહેવાય છે તે સિદ્ધિઓ કેવી હશે ? - **દયાળજી ભગત**

૧૨૦.અણીમા સિદ્ધિનો મને અનુભવ કરાવો એવું કોણ બોલ્યું ? - **સુંદરલાલ નાગર**

૧૨૧.સર્વે અમારી પેઠે ભગવાનની મૂર્તિ ધારીને જમજો. - **ગોપાળાનંદસ્વામી**

૧૨૨.અન્ય ધામમાં ચાર ચરણની ઉપાસના છે અને અક્ષરધામમાં દ્વિભુજ અને દ્વિચરણની ઉપાસના છે. - **ગુણાતીતાનંદ સ્વામી**

૧૨૩.સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનના આ ભક્ત છે અમારી જેવા દેવોને આવા ભક્તોના દર્શન દુર્લભ છે. - **શિવ ભગવાન**

૧૨૪.જેને અમારામાં પ્રીત થાય એને અમારા વિના બીજો સંકલ્પ થાય તો બળબળતો કપાળમાં ડામ દે એવું વસમું લાગે છે. - **સ્વામિનારાયણ ભગવાન**

૧૨૫.વનમાં રહેવું ત્યારે પણ પચાસ સાધુને સાથે રાખવા. કેમ જે સાધુ વગર સ્વભાવ કોણ ઓળખાવે ? - **ગુણાતીતાનંદ સ્વામી**

૧૨૬.“કોણ બળે ? તું શરીર નથી, આત્મા છો, આત્મા કોઈ દિવસ બળે નહીં.” - **શ્રીજી મહારાજ**

૧૨૭.મહારાજ ઘણો સમય થઈ ગયો તમારા દર્શન કરવા મારે અવાણું નથી; એવો વ્યવહારે રૂંધી રાખ્યો છે. - **શોભારામ શાસ્ત્રી**

૧૨૮.“દોરી દેખી મ ડગાવો દિલ, સમજીને સંગ કરો.” - **નિષ્કુળાનંદ સ્વામી**

૧૨૯.દરેકને પોતાના ઘરનો સત્સંગ જોઈએ. - **ગુણાતીતાનંદ સ્વામી**

૧૩૦.સત્સંગને જીવમાં પ્રવેશ કરાવવો જોઈએ. - **ગોપાળાનંદ સ્વામી**

૧૩૧.કોઈ વીંધે આવી કાનને રે, કરીને કળ છળ, પણ સમજો એના તાનને રે, પહેરાવશે કુંડળ. - **નિષ્કુળાનંદ સ્વામી**

૧૩૨.“ઉભયાશ્રમ સુભોવતારમ્ સમર્પીતમ્ વન્દેહમ.” - **પૂ.ગુરુજી**

૧૩૩.પાંચ મળીને પૂછતા મને, કરતો હું કારભાર, નથી લીધો ભૂખે ભેખ. - **શ્રી નિષ્કુળાનંદ સ્વામી**

૧૩૪.અમારાય ઉપરી, કારણ આ સ્વામિનારાયણ ભગવાન છે એમને પકડો. - **સર્વે અવતારો, દેવો**

૧૩૫.હું નિર્માનીપણાની પરાકાષ્ઠા અનુભવું છું. - **મુક્તાનંદ સ્વામી**

૧૩૬.હું ગોલાપણાની પરાકાષ્ઠા અનુભવુ છું. - **દાદાખાચર**

૧૩૭.હું મહિમાની પરાકાષ્ઠા અનુભવું છું. - **પર્વતભાઈ**

૧૩૮.ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી એ બેમાં મોટું કોણ ? - **હરિસ્વરૂપદાસજી સ્વામી**

૧૩૯.સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે કેમ ઓળખવામાં આવે ? - **અક્ષરાનંદ સ્વામી**

૧૪૦.કથા સાંભળતા હોય ત્યારે બીજાને ભૂલીને જે વાત આવે તે પોતાને અડાડવી જોઈએ. - **પૂ. ગુરુજી**

## ❋ એક વાક્યમાં ઉત્તર આપો.

**૧. ચાર પુરુષાર્થ કયા કયા છે ?**

જ : ધર્મ, અર્થ, કામ, મોક્ષ.

**૨. ભગવાન જે કાંઈ ગ્રહણ કરે છે તે શા માટે કરે છે ?**

જ : જીવના કલ્યાણને અર્થે

**૩. ભગવાનની શું ઈચ્છા છે ?**

જ : પોતાની મૂર્તિમાં જોડવા ને દર્શન દેવા તે છે.

**૪. જીવનો સ્વભાવ કેવો છે ?**

જ : ભગવાનની સાથે ભગવાન સિવાયનું બીજું ઈચ્છવું તે.

**૫. મહારાજનો આ લોકમાં આવવાનો હેતુ શો છે ?**

જ : અક્ષરધામમાં લઈ જાવા માટે આત્યંતિકી મુક્તિ - સર્વોચ્ચ આનંદ પ્રાપ્ત કરાવવા માટે આ લોકમાં આવ્યા હતા.

**૬. ચૈતન્યાનંદ સ્વામીના ગુણો લખો.**

જ : ચૈતન્યાનંદ સ્વામી પ્રથમથી જ ભણેલ-ગણેલ, સદ્ગ્રંથના અભ્યાસી, વ્યવહારમાં કુશળ અને સત્સંગ પ્રેમી હતા.

**૭. દુર્લભમાં દુર્લભ કઈ ત્રણ વસ્તુ છે ?**

જ : ૧. મનુષ્યત્વ ૨. મુમુક્ષુપણું ૩. મોટા સત્પુરુષનો આશરો

**૮. દેશકાળાદિકમાં સૌથી બળવાન કોણ છે ? કેમ ?**

જ : દેશકાળાદિકમાં સર્વ કરતાં સત્પુરુષનો સંગ બળવાન છે. કેમકે, સત્પુરુષનો સંગ હોય તો દેશકાળાદિક રૂડાં થઈ જાય છે.

**૯. દેશકાળે મોટા પુરુષમાં અભાવ જેવું આવ્યું હોય તો શું વિચારે તો અભાવ ઊડી જાય ?**

જ : એવું વિચારે કે આમનું તાન તો ભગવાનને પામવાનું ને બીજાને પમાડવાનું છે; માટે આ તો બહુ મોટા છે. એમ વિચારે તો દેશકાળે આવેલ અભાવ ઊડી જાય.

**૧૦. આ જીવની વાસનાને કોણ કેવી રીતે છેદી નાંખે છે ?**

જ : આ જીવની વાસનાને સત્પુરુષો જ ઉપદેશ વાક્યો વડે છેદી નાંખે છે.

**૧૧. બળદેવજીને દિક્ષા આપી મહારાજે એમનું નામ બાલમુકુંદાનંદ કેમ પાડ્યુ હતું ?**

જ : બળદેવજીને બાલમુકુંદ ભગવાને સત્સંગમાં મોકલ્યા હતા; માટે એમનું નામ મહારાજે બાલમુકુંદાનંદ પાડ્યુ હતું.

**૧૨. મદદનીશ કોઠારીની સેવા સ્વીકારવા બદલ ઉદ્ધવવલ્લભદાસજી સ્વામીને શું ભેટ મળી હતી ?**

જ : પાંચ જોડ ચરણારવિંદ અને ગોપાળાનંદ સ્વામી જે ચાદર ઓઢતા હતા એ ચાદર ભેટમાં મળી હતી.

**૧૩. આચાર્ય રઘુવીરજી મહારાજે ભક્તિવલ્લભ સ્વામીને કોઠારી પદ સ્વીકારવા કહ્યું ત્યારે તેમણે કઈ શરતે સ્વીકારવાની હા પાડી ?**

જ : ભક્તિવલ્લભ સ્વામીએ કહ્યું કે ગોપાળાનંદસ્વામીના મંડળના કોઈ સંત મારી મદદમાં રાખો તો જ હું ગોપીનાથજીના મંદિરનો વહીવટ સંભાળી શકીશ.

**૧૪. ઉદ્ધવવલ્લભદાસજી સ્વામીને ભેટમાં મળેલ ચાદર આજે કોની પાસે છે? કેવી રીતે?**

જ : તે ચાદર પ.પૂ.ગુરુજી પાસે છે. આસોદર ગામમાં મહોત્સવ થયો હતો. એ પ્રસંગમાં પૂ.ગુરુજી ગયા હતા, ત્યારે ઉદ્ધવ વલ્લભદાસજીની પરંપરામાં આવેલ વિષ્ણુપ્રસાદ સ્વામીએ ગુરુજીને ભેટમાં આપી હતી.

**૧૫. આધ્યાત્મિક માર્ગમાં મુમુક્ષુ માટે જરૂરી એવા કયા પ્રશ્નો ગોપાળાનંદ સ્વામીએ સિદ્ધાનંદ સ્વામીને પૂછ્યા ?**

જ : (૧) તમે ધ્યાન કેમ કરો છો ? (૨) ધ્યાન કર્યા પછી ક્રિયા કરતી વખતે ભગવાનમાં વૃત્તિ કેમ રાખો છો ?

**૧૬. જીવમાં પુરુષોત્તમપણું ક્યારે પ્રગટે ?**

જ : જ્યારે જીવ પોતાપણાનો ત્યાગ કરે ત્યારે એનામાં પૂરેપૂરું દાસપણું પ્રગટે; પૂરેપૂરું દાસપણું પ્રગટે તો જ જીવમાં પુરુષોત્તમપણું પ્રગટ થાય છે.

**૧૭. કાળની વાસ્તવિકતા બતાવતી કઈ પંક્તિ પૂ. ગુરુજીને અતિ પ્રિય છે ?**

જ : કેતા દિન કરેંગા મોજું, ચડી હે કાલ કી ફોજું.

**૧૮. ઘડિયાળનો "ટક ટક" અવાજ આપણને શું સૂચવે છે ?**

જ : તારી આયુષ્ય કટ કટ થઈ રહી છે. ભગવાનને પામવામાં હે જીવ ! તું હવે ઝટ ઝટ કર.

**૧૯. આપણે માયાનો ત્યાગ કેમ કરી શકતા નથી ?**

જ : કેમ કે, માયાનું સ્વરૂપ - દુ:ખદાયી, નાશવંતપણું, તુચ્છપણું-અસારપણું જેમ છે તેમ સમજાયું નથી.

**૨૦. મહારાજને પકડવાની કેમ આપણને ઉતાવળ થતી નથી ?**

જ : કેમ કે, મહારાજનું સ્વરૂપ, તેમનો આનંદ, સુખ, શાંતિ, કાલાતીત, (કાળથી પર) અલૌકિક, મહાસુખ, અપાર આનંદ, તેને જેમ છે તેમ સ્પષ્ટરૂપે આપણે સમજી શકતા નથી.

**૨૧. જીવ ક્યારે પુરુષોત્તમને વળગી પડશે ?**

જ : કથા સાંભળતા સાંભળતા આવા પડકારા ઝીલતા ઝીલતા ખુમારી ચઢશે, માયા માથે આપણને દાઝ ચઢશે, પ્રભુમાં પ્રેમ વધશે, પછી થોડાક કાળમાં જીવ પુરુષોત્તમને બધું મૂકીને વળગી પડશે.

**૨૨. જ્ઞાન કેવી રીતે થાય ?**

જ : મોટા પુરુષના મુખથી જ્યારે પ્રેમથી ભગવત્ કથા-વાર્તા સાંભળે ત્યારે તેની કૃપાથી જ્ઞાન થાય.

**૨૩. યથાર્થ જ્ઞાન ન હોય તો શું કરવું ?**

જ : કોઈ એવા મોટા ડાહ્યા પુરુષ સાથે જોડાઈ રહેવું ને તેનો વિશ્વાસ રાખવો.

**૨૪. આ જગતમાં સુખી કોણ છે ?**

જ : એક જ્ઞાની ને બીજો જ્ઞાનીનો વિશ્વાસી એ બે જ સુખી છે.

**૨૫. આપણે ભગવાનને ક્યારે બહુ વહાલા લાગીએ ?**

જ : જ્યારે કોઈ તકલીફ ન હોય અને ભગવાન અખંડ સાંભરે.

**૨૬. શ્રીજી મહારાજ સાથે આવેલા મુક્તોએ એમના જીવનમાં પ્રસંગો ઊભા કરી શું બતાવ્યું અને શા માટે ?**

જ : મુક્તોએ એમના જીવન દ્વારા નાટક કરી બતાવ્યું અને એ પણ આપણા જેવા ભટકી ન જાય એવા ઉપદેશ માટે.

**૨૭. માન અને સત્તા આવતા આપણામાં ફેર શા માટે પડી જાય છે ?**

જ : કારણ કે, એ આપણને ગમે છે, ત્યાં આપણને વાસના છે, આપણા કારણ શરીરમાં એ બધું ચોંટ્યું છે, એટલે એ બધું મળતા ચિત્ત ચળે છે ને ફેર પડી જાય છે.

**૨૮. જ્યારે અંતર તપાસ કરીએ ત્યારે શું ખબર પડે ?**

જ : અંતર તપાસીએ તો ખબર પડે કે મારે ઘણી બધી ભૂલો છે, ઘણું અજ્ઞાન છે, ઘણો બધો બીજો રાગ પણ છે.

**૨૯. આપણને શું નથી પચતું ?**

જ : આપણને થોડીકેય લોકચાહના, માન-સન્માન, સત્તા જરીકે પચતાં નથી.

**૩૦. આપણે મનધાર્યું કરવા જઈએ તો શું થાય ?**

જ : તો મન મૂર્તિ બારું જાય અને મન જાય એટલે આપણને પણ લઈ જાય છે.

**૩૧. અનુવૃત્તિ શબ્દનો અર્થ સમજાવો.**

જ : નિજધાર્યું પ્રલય થાય ત્યારે અનુવૃત્તિમાં જીવાય છે. અનુવૃત્તિમાં જીવાણું તો તેમાં અખંડવૃત્તિ, ધર્મ, જ્ઞાન, સેવા બધા ગુણો આપમેળે આવે છે. જેમાં ભગવાન અને સંતો આખેઆખા સમાઈ જાય છે. કોઈ પણ ગુણ કે સાધન એનાથી બહાર રહેતાં નથી.

**૩૨. ભગવાનમાં પ્રેમ વધારવા શું કરવું પડે ?**

જ : ભગવાનમાં પ્રેમ વધારવો હોય તો ભગવાનના કોન્ટેક્ટમાં રહેવું પડે. સંતો-ભક્તોના કોન્ટેક્ટમાં રહેવું પડે, એમનો ગુણ લેવો પડે.

**૩૩. કાયમ આનંદ પ્રાપ્ત કરવાના ચાર ઉપશમનાં નામ આપો.**

જ : (૧) ઇન્દ્રિયનું ઉપશમ (૨) મનનું ઉપશમ (૩) અંતઃકરણનું ઉપશમ (૪) આત્માનું ઉપશમ

**૩૪. રામપ્રતાપભાઈ દામોદરને રોજ તિરસ્કારે, અપમાન કરે, ઠપકો આપે તોપણ શું ન આવ્યું ?**

જ : દામોદરને સત્સંગનો પણ અભાવ ન આવ્યો અને રામપ્રતાપભાઈનો ક્યારેય અવગુણ ન આવ્યો.

**૩૫. કોનો સમાગમ કરવો ?**

જ : જેને પોતાના દોષ ટાળવાની ચાડ હોય એવી આપણા દોષ ટાળવાની ચાડ હોય તેનો સમાગમ કરવો.

**૩૬. ગોપાળાનંદ સ્વામીએ દામોદર ભક્તને પ્રતિલોમ ધ્યાનની શું રીત શીખવી ?**

જ : દામોદર ભક્તને એમ માનવાનું કહ્યું કે, હું શરીર નથી, મારું નામ નથી, આકાર નથી, હું સત્તામાત્ર આત્મા છું. પછી એમ કહ્યું આત્મામાં મહારાજની મૂર્તિ ધારવી. અને પછી એમ કહ્યું કે અંગોઅંગમાં મૂર્તિ ધારવી.

**૩૭. ચાર દેશકાળાદિક અતિ પ્રબળ છે તે કયા ?**

જ : દેશ, કાળ, ક્રિયા અને સંગ

**૩૮. નિંદક વર્ગથી આપણને શું ફાયદો થાય છે ?**

જ : નિંદક વર્ગથી આપણને અભિમાન, શ્રેષ્ઠપણું નથી આવતું. તે આપણી ભૂલ બતાવીને આપણા પર દયા કરે છે.

**૩૯. આ દુનિયામાં જે મોટા માણસો થઈ ગયા તેમને પોતાની નિંદા ટીકા કરનારમાં શું જોયું છે ?**

જ : આપણે આમાંથી સુધારવા જેટલું કેટલું છે તે જોયું છે.

**૪૦. નરશીભાઈમાં કેવા ગુણો હતા ?**

જ : નરશીભાઈમાં સચ્ચાઈ, નીતિમત્તા, હોંશિયારી અને પાવરફુલ વ્યક્તિત્વ હતું.

**૪૧. ગોપાળાનંદ સ્વામીએ નરશીભાઈને શું આજ્ઞા કરી ?**

જ : તું સંસારમાં રહીને સાંખ્યયોગ પાળજે. અને માણસામાં મોટું મંદિર બનાવજે. અને કીધું કે મારું આ વચન માનીશ તો ભગવાન તને બહુ જ સુખ આપશે.

**૪૨. લક્ષ્મીરામભાઈને મહારાજનો દૃઢ નિશ્ચય ક્યારે થયો ?**

જ : લક્ષ્મીરામ વ્યાસે સર્વે દેવો, અવતારોને સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરતા જોયા. અને પછી સૌને શ્રીહરિની મૂર્તિમાં લીન થતા જોયા. આવાં અલૌકિક દર્શન થવાથી લક્ષ્મીરામભાઈને સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય થયો.

**૪૩. લક્ષ્મીરામભાઈએ તેના પિતાશ્રીને શું કહ્યું ?**

જ : જેનો જેને આશરો તેની તેને લાજ, એ ન્યાયે આપણે આનંદમાં રહેવું.

**૪૪. માર્કંડેય પુરાણ શું કહે છે ?**

જ : મંત્ર, તીર્થ, દેવ, જ્યોતિષ, વેદમાં અને ગુરુમાં જેટલી શ્રદ્ધા રાખો તેટલું ફળ મળે છે.

**૪૫. લક્ષ્મીરામે કથા કરી તેનાથી વૈષ્ણવોને શું પ્રભાવ પડ્યો ?**

જ : લક્ષ્મીરામે કથા કરી તેનાથી વૈષ્ણવોને એવો પ્રભાવ પડ્યો કે જાણે તેના મુખથી વ્યાસજી કે શુકદેવજી કથા કરી રહ્યા હોય !

**૪૬. ગોપાળાનંદ સ્વામીએ ચાર હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બનાવડાવી તે કોને-કોને આપી ?**

જ : ૧. ઈડર મંદિરમાં પધરાવવા આપી ૨. ભુજ મંદિરમાં આપી ૩. ગોંડલ મંદિરમાં આપી ૪. પોતાના શિષ્ય માંડવીના ભક્તરાજ લક્ષ્મીરામને આપી.

**૪૭. આપણને સામેવાળામાં કેમ દોષ દેખાય છે ?**

જ : સામેવાળામાં દોષ કલ્પીએ છીએ તે હકીકતે આપણામાં જ હોય છે એટલે સામેવાળામાં દેખાય છે.

**૪૮. આપણી સાથે રહેનારા સંતો-ભક્તોમાં દોષ દેખાય તો શું કરવું ?**

જ : ભગવાન પાસે અને સંતો-ભક્તો પાસે માફી માગવી. બહુ મોટું પાપ થઈ ગયું, એવો ભાવ કરીને માફી માગવી.

**૪૯. જ્યારે દોષ પીડે ત્યારે શું કરવું ?**

જ : દોષ પીડે ત્યારે મોટા પાસે જઈને કહી દેવું તો દોષને પણ ડર લાગશે, આ મારું નામ મોટા સંત પાસે જઈને કહી દીધું.

**૫૦. ઝવેરબાઈએ શું ટેક અડગ રાખી ?**

જ : ઝવેરબાઈને આંખે ઝામર થયો, છતાં તેણે ઓપરેશન ન કરાવ્યું, અને પરપુરુષને નહિ અડવાની ટેક અડગ રાખી.

**૫૧. આપણને આ જગત કેવું મનાય છે ? કારણ શું ?**

જ : આપણને આ જગત સાચું મનાય છે. કારણ કે કોઈ ધામમાં જતા રહે ત્યારે આપણને આશ્ચર્ય કે દુઃખ થાય છે.

**૫૨. અચિંત્યાનંદ બ્રહ્મચારીના પિતાનું નામ શું હતું ? માતાનું નામ શું હતું ?**

જ : તેમના પિતાનું નામ દુર્લભરામ, માતાનું નામ કમળાબા હતું.

**૫૩. ગંગારામ શંકરે શું દઢ નિરધાર કર્યો ?**

જ : ગંગારામ શંકરે પરણેતરના પ્રથમ દિવસે આજીવન બ્રહ્મચર્ય પાળવાનો દઢ નિરધાર કર્યો.

**૫૪. ભગવાન છે પણ અનુભવાતા કેમ નથી ?**

જ : આપણામાં પાત્રતા નથી, શુદ્ધિ નથી એટલે અનુભવાતા નથી.

**૫૫. ભગવાન આપણામાં ક્યાં સુધી રહે છે ?**

જ : જ્યાં સુધી આપણે બધું ભગવાનનું છે અને બધું ભગવાન કરી રહ્યા છે, એવી સ્મૃતિમાં હોઈએ ત્યાં સુધી.

**૫૬. ભગવાન ક્યારે છે અને ક્યારે નથી ?**

જ : ભગવાનની સ્મૃતિ છે તો ભગવાન છે, વિસ્મૃતિ છે તો ભગવાન નથી.

**૫૭. માન મળતું હોય એનાથી માન કેમ ટળે ?**

જ : હું છું અને હું જ કરું છું એ ભાવ ક્યારેય ન આવવો જોઈએ તો માન ટળે.

**૫૮. નવા ગામના દિનેશભાઈ મોતથી કેમ ન ડર્યા ?**

જ : કારણ કે તેમને એવી સમજણ હતી કે બધું મહારાજનું છે અને મહારાજ કર્તા-હર્તા છે.

**૫૯. આ દુનિયામાં સુધારો કરવા જેવી કઈ જગ્યા છે ?**

જ : આ દુનિયામાં સુધારો કરવા જેવી એક જ જગ્યા છે એ આપણે પોતે છીએ.

**૬૦. ભગવાન અને ગોપાળાનંદ સ્વામીની કઈ દેન છે ?**

જ : આત્મા-પરમાત્માનું જોડાણ કરાવે તે.

**૬૧. ધ્યાન કેટલાં પ્રકારનાં છે ? કયાં કયાં ?**

જ : ચાર પ્રકારનાં છે. ૧. સાંગ, ૨. ઉપાંગ, ૩. સલીલ અને ૪. સપાર્ષદ.

**૬૨. ઉપાંગ ધ્યાન કોને કહેવાય ?**

જ : ભગવાનનાં અંગો ઉપરાંત વસ્ત્રોનું ધ્યાન કરવું તેને ઉપાંગ ધ્યાન કહેવાય. જેમકે, સુરવાળ, જામો, હારતોરા વગેરે.

**૬૩. અદ્‌ભુતાનંદ સ્વામીને મહારાજે કઈ ત્રણ વસ્તુ આપી ?**

જ : ૧. કાનટોપી સહિત મોળીયું, ૨. બુરાનપુરી શેલું, ૩. પોતાની પૂજાના શાલીગ્રામ

**૬૪. આપણી અંદરના અદ્‌ભુત ભૂત કોણ કોણ છે ?**

જ : આપણાં કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, આશા, તૃષ્ણા આપણી અંદર રહેલાં અદ્‌ભુત ભૂતો છે.

**૬૫. મૂર્તિ મેળવવી હોય તો શું કરવું જોઈએ ?**

જ : મૂર્તિ મેળવવી હોય તો પાછી વૃત્તિ વાળી આત્મામાં પરમાત્મા ધારી સ્વામિનારાયણ કરવું, ભગવાનમાં હેત કરવું.

**૬૬. આપણે આપણા જીવનમાં કઈ વાત યાદ રાખવી અને કઈ વાત ભૂલ જવી જોઈએ ?**

જ : આપણે જેટલા કંઈ સારા છીએ એ મોટાની કૃપાથી છીએ એ વાત યાદ રાખવી. હું મારી આવડત, કળા, કુશળતા, બુદ્ધિથી સારો કે મહાન છું એ વાતને હંમેશાં ભૂલી જવી જોઈએ.

**૬૭. ત્રણ વ્યક્તિ એવા છે જેને ભૂત વળગતાં નથી, એવું મહારાજ કોના માટે કહેતા ?**

જ : ૧. મહારાજને, ૨. સદ્.ગોપાળાનંદ સ્વામી, ૩. સદ્.શ્રી મુકતાનંદ સ્વામી આ ત્રણેને ભૂત વળગતાં નથી.

**૬૮. ભગવાનને રાજી કર્યાનો મોટો ઉપાય શું છે ?**

જ : પોતે મોટા હોવા છતાં નાના સંતો-ભક્તોની આગળ નિર્માની રહેવું, પોતાનો કોઈ વજન પોતાને ન લાગે એવા હળવાફૂલ રહેવું, એ મહારાજને રાજી કર્યાનો મોટો ઉપાય છે.

**૬૯. કોનાથી વધારે સાધનનો ભાર રખાય નહીં ?**

જ : ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોથી

**૭૦. ડાહ્યા માણસો પોતાનો સમય શેમાં વિતાવે છે ?**

જ : ડાહ્યા માણસો જ્ઞાન, વૈરાગ્ય, મહિમાએ સહિત ભક્તિ કરવામાં પોતાનો સમય પસાર કરે છે.

**૭૧. સદા સુખી કોણ અને સદા દુ:ખી કોણ ?**

જ : સદા સુખી એ છે જેને ભગવાન સિવાયનું કંઈ જોઈતું નથી અને સદા દુ:ખી એ છે જેને ભગવાન સિવાયનું બીજું જોઈએ છે.

**૭૨. સ્વામિનારાયણ ભગવાન ગોપાળાનંદસ્વામી વિશે શું કહેતા ?**

જ : મહારાજ કહેતા કે, આ તો અમે પૃથ્વી ઉપર છીએ તેથી ગોપાળાનંદ સ્વામી સાધુ છે, બાકી અમે ન હોઈએ તો એ જ આખા જગતમાં ભગવાન ગણાય.

**૭૩. કોને કાળ કર્મ ને માયા કંઈ કરવાને સમર્થ નથી ?**

જ : સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે આવો માહાત્મ્ય જ્ઞાને યુક્ત જેને નિશ્ચય હોય તેને.

**૭૪. ભગવાન કોને બહુ પ્રેમ-સહાય કરે છે ?**

જ : ભજન, સ્મરણ બહુ કર્યું હોય, જીવ શુદ્ધ કર્યો હોય, બહુ દાસત્વ સિદ્ધ કર્યું હોય, માન-અહંકારને ધકેલી મૂક્યાં હોય તો ભગવાન એને બહુ પ્રેમ આપે છે, સહાય કરે છે.

**૭૫. ભગવાન કોના પર બહુ રાજી થાય છે ?**

જ : જે ભગવાનને સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વના કારણ સમજે તેના પર બહુ રાજી થાય છે.

**૭૬. આપણે કોના માટે કુરબાન થવું ?**

જ : આપણને જે ટૂંકા ઝાલી આપણા દોષો ટળાવે, કુટેવો મેલાવે ને ભગવાન પમાડે એવા સંતો-ભક્તો માટે કુરબાન થવું.

**૭૭. રવિસભાનો લાભ લેવાથી શા ફાયદા થાય છે ?**

જ : આપણા આત્માને ભગવાનમાં ખૂબ પ્રેમ થાય, માયામાંથી પ્રેમ ઘટે, ખોટા મિથ્યા વહેમ ઘટે અને ભગવાનમાં પ્રેમ વધે છે.

**૭૮. હરિજયંતી વ્રતનું ફળ શું છે ?**

જ : જે સ્ત્રીપુરુષ હરિજયંતી કરે તેના છોકરા સત્સંગી થાય, સંસ્કારી રહે, સંતોની, ભગવાનની, માતા-પિતાની ખૂબ સેવા કરે, આજ્ઞા પાળે, આખા કુટુંબનું ભરણપોષણ કરે અને સદ્‌લક્ષ્મી કમાય આવા બને.

**૭૯. સહકુટુંબ રવિસભાનો લાભ લેવાથી શું ફાયદો થાય ?**

જ : સંપ, સમૃદ્ધિ, શાંતિ ને સંસ્કાર આવે, તેની આબરૂ વધે, તેને સારા સગા મળે.

**૮૦. મહારાજની મૂર્તિ કયાં દિવ્ય ગુણે યુક્ત છે ?**

જ : તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ, સત્ય સંકલ્પ, સ્વરાટ એવા અનેક દિવ્ય ગુણે યુક્ત છે.

**૮૧. કયાં સાત વાનાં દૃઢ કરવા અભ્યાસ કરવો ?**

જ : શ્રદ્ધા, જ્ઞાન, માહાત્મ્ય, વિશ્વાસ, પ્રીતિ, આશ્રય અને અનુવૃત્તિ તે અધિક અધિક સમજાય તેવો શાંતપણે અભ્યાસ કરવો.

**૮૨. ભગવાનના ભક્તોએ શું કરવું ?**

જ : ભગવાનની આજ્ઞા પાળવી, ભગવાનનું ધ્યાન-ભજન કરવું ને સત્સંગ કરવો.

**૮૩. આત્મા કેવો છે ?**

જ : આત્મા દેહથી અલગ, ચિદ્‌રૂપ, સુખરૂપ, ચૈતન્ય વસ્તુ છે. એ તો અજર, અમર, અછેદ્ય છે.

**૮૪. દેહભાવમાંથી શું જાગે છે ?**

જ : દેહભાવમાંથી કુબુદ્ધિ જાગે છે. અહંતા, મમતા જાગે છે.

**૮૫. કેવા સ્વભાવો ભગવાનનું ધ્યાન થવા ન દે ?**

જ : રસાસ્વાદ, નિદ્રા, હિંસા, ક્રૂર બુદ્ધિ, કોઈને દુ:ખવવા, આ બધા સ્વભાવો ધ્યાન ન થવા દે.

**૮૬. ગોપાળાનંદ સ્વામીના મતે કોને શ્રીહરિનું ધ્યાન થાય છે ?**

જ : જાતિ, વર્ણ, આશ્રમ ને ગુણ તેના માનનો ત્યાગ કરીને, સમગ્ર સાધુ સત્સંગીના દાસાનુદાસ રહે તેને ધ્યાન થાય છે.

**૮૭. ભગવાનનો મહિમા ખૂબ જ સાંભળીએ છીએ તોપણ ભગવાનનો મહિમા નથી થતો અને માયાનું, વિષયનું અને દેહાભિમાનનું ખૂબ જ ખંડન કરીએ છીએ તોપણ તેનો મહિમા ટળતો નથી, તેનુ શું કારણ છે ?**

જ : દંભ, ઔપચારિકતા અને ચીલાચાલુપણું

**૮૮. એકાંતિકપણાનું ફળ શું છે ?**

જ : ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહે તે.

**૮૯. કઈ ચાર બાબતો જાણીએ તો ધ્યાન થાય ?**

જ : ૧. ભગવાનનું સ્વરૂપ કેવું છે ? ૨. ભગવાનનો સ્વભાવ કેવો છે ? ૩. ભગવાનના ગુણો કેવા છે ? ૪. ભગવાનનું ઐશ્વર્ય કેવું છે ?

**૯૦. કોના પડછંદા બ્રહ્માંડમાં આવે તો અનંત બ્રહ્માંડને ફોડી નાંખે ?**

જ : ભગવાનના અંગુઠાના પ્રણવના પડછંદા

**૯૧. રહસ્યની વાત કોના સંગે સમજાય છે ?**

જ : જ્ઞાનવાન એવા જે એકાંતિક સંત તેના સંગે કરીને.

**૯૨. પુરુષોત્તમ અને બીજા અવતારને વિશે કેમ ભેદ છે ?**

જ : જેમ તીર અને તીરના નાખનારા, ચક્રવર્તી રાજા અને ખંડીયા રાજા, સૂર્ય ને સૂર્યમંડળ તેમાં ભેદ છે તેમ ભેદ છે.

**૯૩. કઈ બે વખતે માણસ બહુ ભૂંડો લાગે છે ?**

જ : ૧. પોતે પોતાના વખાણ કરે, ૨. બીજાની નિંદા કરે

**૯૪. જે ભગવાનને જાણે છે એ કેમ વર્તે ?**

જ : પોતાનું અસ્તિત્વ બહાર કોઈને દેખાય નહિ એવી રીતે ડૂબીને.

**૯૫. આત્મનિષ્ઠા ક્યારે ન જાય ?**

જ : આપણે જો પાકું કર્યું હોય કે હું શરીર નથી, આત્મા જ છું તો એ આત્મનિષ્ઠા જાય નહીં.

**૯૬. સત્સંગી કેવો હોય ?**

જ : જેના દર્શનથી પાપમાત્ર બળી જાય એવો.

**૯૭. આપણને કઈ બાબતો ખૂબ હેરાન કરે છે ?**

જ : ભગવાનને નથી ગમતી એવી ઈચ્છાઓ.

**૯૮. ક્યારથી ભગવાનનું સુખ, કથા-કીર્તનનું સુખ ઘટવા લાગે છે ?**

જ : માન-સન્માન ગમવા માંડે ત્યારથી

**૯૯. કોઈ વખાણ કરે, માન આપે તો શું કરવું ?**

જ : મુરજાઈ જવું ને એમ વિચારવું કે મારો જીવનધ્યેય આ નથી. હું તો મહારાજને પામવા માટે સત્સંગી થયો છું. મને કોઈક ભગવાન આપો, માન નહીં. માન-સન્માન વિના હું સુખી છું.

**૧૦૦.આપણે ભગવાનને પામવાની ઈચ્છા હોય તો શું કરવું ?**

જ : ભગવાનની જેમ ઈચ્છા હોય એમ કરવું. બીજા સંકલ્પો ન કરવા.

**૧૦૧.આપણે કેવી ઈચ્છા રાખવી જોઈએ ? જેના કારણે ભગવાનમાં આપણી આસક્તિ તીવ્ર બને છે ?**

જ : મને મહારાજની મૂર્તિનું અખંડ સુખ મળે, ભગવત્સ્વરૂપ સાથે અખંડ તન્મયતા થાય, એવી તીવ્ર ઈચ્છા રાખવી જોઈએ.

**૧૦૨.પુરુષોત્તમ નારાયણનો નિર્વિકલ્પ અતિ ઉત્તમ નિશ્ચય પ્રાપ્ત કેવી રીતે થાય ?**

જ : જેવું જોઈએ એવું પરમાત્માનું માહાત્મ્યજ્ઞાન જો થાય તો.

**૧૦૩.વચનામૃતમાં મહારાજે વઢવા વિશે શું કહ્યું છે ?**

જ : વચનામૃતમાં મહારાજે કહ્યું હતું કે, વગર વાંકે વઢે તોપણ રાજી થવું કે મારા એવા ભાગ્ય ક્યાંથી કે મને વઢી શકે.

**૧૦૪.ભગવાનને કેવા લોકો ઉપર ત્રણેય અવસ્થામાં પણ હેત રહ્યા કરે છે ?**

જ : જેનો તિરસ્કાર કરીએ, ગમે તેટલો વચનના ભીડામાં લઈએ તોપણ જે મૂંઝાય નહીં તેવા લોકો ઉપર.

**૧૦૫.મહારાજનો કેવો મહિમા સિદ્ધ કરીએ તો બધાં કામ થઈ જાય ?**

જ : ભગવાનનો મહિમા વાંચી-વિચારી, મનન કરીને નિદિધ્યાસ દ્વારા અખંડ મહિમા સિદ્ધ કરીએ તો બધું કામ થઈ જાય.

**૧૦૬.આપણો જીવ ભગવાનમાં જોડાણો છે એવું ક્યારે લાગે ?**

જ : પૂજા, માનસી, ધ્યાનમાં કેટલો સમય જતો રહ્યો તેની ખબર ન રહે ત્યારે.

**૧૦૭.ભગવાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણને કારણે શું છે ?**

જ : ભગવાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણને કારણે જ આપણે ઉન્નતિ, પ્રગતિ અને હૈયામાં શાંતિ છે.

**૧૦૮.કેટલા પ્રકારના વિષયો છે ? તેનાં નામ જણાવો.**

જ : બે પ્રકારના વિષય છે. ૧. સ્થૂળ, ૨. સૂક્ષ્મ

**૧૦૯.સ્થૂળ વિષયનાં લક્ષણો જણાવો.**

જ : જેની ઉપર ભાવ ન હોય અને સહેજે ન જોઈતા હોય અને તે આવે તો તેની ઉપર પોતાને ભાવ પણ ન થાય અને અભાવ પણ ન થાય એવા જે વિષય તેને સ્થૂળ વિષય કહેવાય છે. અને એવા વિષયનો ત્યાગ કરવો અતિશય કઠણ પણ નથી.

**૧૧૦.સૂક્ષ્મ વિષયનાં લક્ષણો જણાવો.**

જ : જેના ઉપર પોતાના મનને અતિશય રુચિ હોય અને અતિશય વ્હાલા લાગતા હોય તે સૂક્ષ્મ વિષય છે. તેને ત્યાગ કરવા બહુ કઠણ છે.

**૧૧૧.કોનો ભાવ અને કોનો અભાવ ન લેવો જોઈએ ?**

જ : માયિક પંચવિષયોનો ક્યારેય ભાવ ન લેવો અને ભગવાન તથા સંતોભક્તોનો ક્યારેય અભાવ ન લેવો જોઈએ.

**૧૧૨.કોની કોની ઉપર ક્રોધ કરીએ તે હિતકર છે ?**

જ : ઈન્દ્રિયો-અંતઃકરણ, મન, પોતાને વિષયની વાસના હોય તો તેના પર દાઝ કરીએ તે હિતકર છે.

**૧૧૩.કોણ વિવેકરહિત અને મૂર્ખ છે ?**

જ : જે હિતકર ક્રોધ અને અહિતકર ક્રોધ વચ્ચે સભાનપણું ન રાખે તે.

**૧૧૪.સત્ય કેટલા પ્રકારના છે ? કયા-કયા ?**

જ : સત્ય બે પ્રકારના છે. ૧. વ્યવહારિક, ૨. પરમાર્થિક

**૧૧૫.કેવું સત્ય જે મહારાજની દૃષ્ટિએ સત્ય નથી.**

જ : ઉપલક અને દેખીતી દૃષ્ટિએ સાચું હોય, પરંતુ તેમાં પોતાને અને બીજાને નુકસાન જ થતું હોય તો એ સત્ય મહારાજની દૃષ્ટિ એ સત્ય નથી.

**૧૧૬.વ્યવહારિક સત્ય સમજાય તો તેના ફાયદા શું છે ?**

જ : કોઈની પર ક્રોધ ન થાય, કોઈની સાથે ઝઘડો પણ ન થાય, શાંતિ રહે અને વિરોધ પણ ન થાય.

**૧૧૭.ભગવાન, ભગવાનનું ધામ અને ભગવાનના મુક્તો એ સિવાયનું બીજું મિથ્યા શા માટે કહેવાય ?**

જ : કારણ કે તે કાળે કરીને ઉપજે છે અને કાળે કરીને નાશ પામે છે.

**૧૧૮.લૌકીક દયા કોને કહેવાય ?**

જ : આલોકમાં દેહે કરીને સુખિયો રહે એવી દયા કરે અને એ દયાથી તો જીવનું પરલોક બગડે ને તેને બંધન થાય તેને લૌકીક દયા કહેવાય.

**૧૧૯.વિહિત વિષય ભોગ કોને કહેવાય ?**

જ : શાસ્ત્રમાં વિધાન કહેલા કે છૂટ આપેલા વિષયો ભોગવવા તેને વિહિત વિષય ભોગ કહેવાય.

**૧૨૦.અહં-મમત્વ કેટલા પ્રકારના છે ? કયા કયા ?**

જ : અહં-મમત્વ બે પ્રકારના છે. ૧. દેહ સંબંધી, ૨. હરિ સંબંધી

**૧૨૧.આ બ્રહ્માંડમાં તત્ત્વ કેટલા પ્રકારનાં છે ? કયા-કયા ?**

જ : આ બ્રહ્માંડમાં તત્ત્વ ત્રણ પ્રકારનાં છે. ૧. જીવ, ૨. ઈશ્વર, ૩. માયા

**૧૨૨.કેવુ અહં-મમત્વ રાખીએ તો તે નડે નહીં ?**

જ : ભગવાન સંબંધી જેટલી બાબતો છે તે મોક્ષ કરનારી છે. માટે તે સંબંધી અહં-મમત્વ રાખીએ તો તે નડે નહીં.

**૧૨૩.મોક્ષ અને કઠણાઈ શેમાં રહેલાં છે ?**

જ : મહારાજની મૂર્તિને પોતાનું સુખ માનીએ તો તેમાં મોક્ષ રહેલો છે. જગત, ઈન્દ્રિય, વિષય, દેહના સુખને પોતાનું માનીએ તો એમાં કઠણાઈ રહેલી છે.

**૧૨૪.ભગવાન સંબંધી મમત્વ કયું કયું છે ?**

જ : મૂર્તિ, મંદિર, આચાર્ય, સંપ્રદાય, ગાદી, સાધુ, શાસ્ત્રો, ભક્તો.

**૧૨૫.વર્ણાશ્રમના ધર્મનું ફળ શું છે ?**

જ : વર્ણાશ્રમના ધર્મથી આલોકમાં યશ અને વિખ્યાતી થાય તથા પરલોકમાં વિષયને પમાડે તે.

**૧૨૬.એકાંતિક ધર્મનું ફળ શું છે ?**

જ : એકાંતિક ધર્મ પાળવાથી જીવ ભગવાનના અક્ષરધામને પામે છે.

**૧૨૭.કેવા ભક્ત ભગવાનની નાત અને સગા છે ?**

જ : જે ભક્તને દૃઢ સત્સંગ હોય અને ગમે તેટલાં દુ:ખ આવી પડે અથવા ગમે તેટલું અપમાન થાય, તોપણ તેનું મન કોઈ રીતે સત્સંગમાંથી પાછું હઠે જ નહીં; એવા ભક્ત ભગવાનની નાત અને સગા છે.

**૧૨૮.કોનો અવગુણ લેવો અને કોનો અવગુણ ન લેવો ?**

જ : ભગવાનનો ભક્ત ગમે તેટલા વાંકમાં આવ્યો હોય તોપણ તેનો અવગુણ ન લેવો. અને પોતાના દોષનો અવગુણ લેવો.

**૧૨૯.સાચા મિત્રનું લક્ષણ શું છે ?**

જ : સાચો મિત્ર એને જાણવો જે પોતાના હિતની વાત દુ:ખ લગાડીને પણ કહે.

**૧૩૦.આત્મસત્તારૂપ રહીએ છીએ કે નહિ તેની પરીક્ષા શું ?**

જ : કામ, ક્રોધ, લોભ, મદ, મત્સરાદિક શત્રુ તે પીડ્યા વગર રહે તો આપણે આત્મસત્તારૂપ રહીએ છીએ. અને જો દોષો પીડે તો આત્મસત્તારૂપ રહેતા નથી.

**૧૩૧.દાસત્વની શક્તિ શું છે ?**

જ : મોટા થઈને કોઈ ભગવાનને મળી શકતા નથી. દાસ થઈને તરત ભગવાનને મળી શકાય છે. દાસત્વમાં આટલી શક્તિ રહેલી છે.

**૧૩૨.ગૃહસ્થાશ્રમનો નિયમ શું ?**

જ : જાત મહેનત કરી, નીતિમત્તાથી પોતે કમાય અને જે કાંઈ ભગવાને કમાણીમાં આપ્યું હોય તેમાંથી થોડું ઘણું સેવા કરતાં લોકોને દાન દેવું.

**૧૩૩.શ્રેષ્ઠ ધ્યાન કોને કહેવાય ?**

જ : આત્માને ઈન્દ્રિયો, અંતઃકરણ રહિત અક્ષરરૂપ માનીને હૃદયમાં ભગવાનને પ્રતિલોમવૃત્તિએ કરીને ધ્યાન કરવું તેને.

**૧૩૪.શા માટે ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત દૃઢ કરવું જોઈએ ?**

જ : કેમકે ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત દૃઢ કર્યા વગર પુરુષોત્તમનારાયણની સેવામાં, તેના મહાઆનંદમાં આપણાથી રહી શકાતું નથી.

**૧૩૫.કયા ચાર સાધને કરીને માણસ નિર્વાસનિક થાય છે ?**

જ : ધર્મનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાથી માણસ નિર્વાસનિક બને છે.

**૧૩૬.ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત સિદ્ધ કેવી રીતે થાય ? અને તેનું ફળ શું છે ?**

જ : સત્તારૂપ થઈને જીવાત્માને વિશે ભગવાનની મૂર્તિને ધારીએ તો તે વ્રત સિદ્ધ થાય. તેનું ફળ ભગવાનની સેવામાં રહેવું.

**૧૩૭.આપણામાં અને ભગવાનમાં શો ફેર છે ?**

જ : આપણે જે કાંઈ કરીએ એ બધું આપણા સ્વાર્થ માટે કરીએ છીએ. અને ભગવાન જે કરે છે એ બધું આપણા માટે નિસ્વાર્થભાવે કરે છે.

**૧૩૮.જીવાત્માઓના ભેદ કઈ રીતે પડ્યા ?**

જ : માયાના યોગે કરીને જીવાત્મામાં જે જે કાંઈ કર્મો, ભાવનાઓ, વાસનાઓ અંદર ઘૂસી ગયાં એને લઈને વિષયી, પામર, મુમુક્ષુ અને મુક્ત એવા ભેદ પડી ગયા.

**૧૩૯.ભગવાને સુખ અને દુઃખનું સર્જન શા માટે કર્યું ?**

જ : સુખ ભગવાને સૃષ્ટિ ચલાવવા માટે બનાવ્યું અને દુ:ખ જીવાત્માઓને વૈરાગ્ય પમાડવા બનાવ્યું; પરંતુ સુખ અને દુ:ખના સર્જનની પાછળ મહારાજનો આશય એ જ હતો કે જીવાત્માનું આત્યંતિક કલ્યાણ થાય.

**૧૪૦.સાચું શૂરવીરપણું કોને કહેવાય ?**

જ : ગમે તેવી જીવનમાં ઉથલપાથલવાળી પરિસ્થિતિ આવે તોપણ "મારો નાથ બેઠો છે, મારું કાંઇ બગડવા નહિ દે" એવી અંદરથી ખુમારી, વિશ્વાસ અને તાકાત છે તે સાચું શૂરવીરપણું છે.

**૧૪૧.મુક્તિ ક્યારે થઇ કહેવાય?**

જ : જ્યારે કારણ શરીર પડી જાય અને પુરુષોત્તમનારાયણના શરીરરૂપી શરીર મળી જાય ત્યારે મુક્તિ થઇ કહેવાય.

**૧૪૨.આપણું કોને કહેવાય ?**

જ : જે આપણી પાસે હતું અને કાયમ રહેશે તે આપણું કહેવાય. હક હોય તે આપણું કહેવાય.

**૧૪૩.ભગવાનના વચન યથાર્થ સત્ય કોને મનાય ?**

જ : જીવાત્માને મનન દ્વારા અક્ષરના સાધર્મ્યપણાને પમાડ્યો હોય અને સત્તારૂપે વર્તતો હોય અને જગતની સર્વ ક્રિયાને સ્વપ્નતુલ્ય અને નાશવંત માનતો હોય તેનાથી ભગવાનના વચન યથાર્થ સત્ય મનાય.

**૧૪૪.કર્મ કોને વળગતું નથી ?**

જ : શ્રીહરિને અલૌકિક અને અકર્તા સમ્યક પ્રકારે સમજીને પણ સ્મરણ કરે છે તેને કર્મ વળગતું નથી.

**૧૪૫.કઇ વાત સર્વ શ્રેઠ છે ?**

જ : પોતાને પણ અકર્તા માને અને પુરુષોત્તમનારાયણને પણ સર્વકર્તા થકા અકર્તા જ માને, એ વાત સર્વ શ્રેષ્ઠ છે.

**૧૪૬.નિર્વિકલ્પ કનિષ્ઠ નિશ્ચય કોને કહેવાય ?**

જ : ભગવાનને કર્તા થકા અકર્તા માનીએ ત્યારે નિર્વિકલ્પમાં કનિષ્ઠ નિશ્ચય કહેવાય.

**૧૪૭.નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય કોને કહેવાય ?**

જ : જ્યારે પોતાને જે અક્ષરમાં અનંત બ્રહ્માંડો અણુની જેમ ઉડે છે એવું જે પુરુષોતમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોતમનારાયણની ઉપાસના કરે તેને નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય થયો કહેવાય.

**૧૪૮.જ્ઞાની પુરુષનું લક્ષણ શું છે ?**

જ : સહજ સ્વભાવે, પ્રારબ્ધ પ્રમાણે એમનો દેહ નિર્વાહ થયા કરે છે. પ્રારબ્ધ પૂરું થાય એટલે દેહ પડી જાય છે અને આત્મા પરમેશ્વરને પામે છે. આ જ્ઞાની પુરુષનું લક્ષણ છે.

**૧૪૯.અજ્ઞાની જીવને અંતસમો આવે ત્યારે કેવી અનુભૂતિ આવે છે ?**

જ : અજ્ઞાની જીવને અંતસમો આવે ત્યારે જમના દૂત દેખાય, દેહની વિસ્મૃતિ થઈ જાય. પછી યમના દૂત દેહ મુકાવીને, મારીને જીવને જુદો કરે ત્યારે એ જીવને પ્રેતનો દેહ બંધાય. પછી તે દેહે કરીને જમપુરીના કષ્ટને ભોગવે છે.

**૧૫૦.ભગવાન કેવા છે ?**

જ : ભગવાન તો ભગવાન છે, નિર્લેપમૂર્તિ છે, કર્તા થકા અકર્તા છે. તે કોઈ કુળ-કુટુંબને વશ કે આધીન નથી. એ તો માયાથી પર પુરુષોત્તમનારાયણ છે.

**૧૫૧.જ્ઞાન ઉપજ્યાનું કારણ શું છે ?**

જ : શ્રીહરિજી અને આત્માનું જ્ઞાન ઉપજ્યાનું કારણ તો સત્પુરુષનો ને સત્શાસ્ત્રનો સંગ છે.

**૧૫૨.જ્ઞાનનું સ્વરૂપ શું છે ?**

જ : સત્પુરુષ ને સત્શાસ્ત્રની જેમ છે તેમ સ્થિતિ પોતાની બુદ્ધિમાં નિરંતર રહ્યા કરે તે જ્ઞાનનું સ્વરૂપ છે.

**૧૫૩.ખૂબ જ કઠણ શું છે ?**

જ : જીવને મોક્ષના માર્ગે ચાલવામાં હજારો વિઘ્ન આવે છે, તેથી નિર્વિઘ્ન મોક્ષ થવો તે બહુ જ કઠણ છે.

**૧૫૪.ત્યાગી થયા પછી શું કઠણ છે ?**

જ : ત્યાગી થયા પછી પણ એકાંતિક ધર્મવાળા અને ભગવાનની મરજીવાળા સાધુ ઓળખવા બહુ કઠણ છે.

**૧૫૫.જીવને કસર કેમ રહી જાય છે ?**

જ : જીવ પોતાની સમજણ મોટાપુરુષ પાસે દિક્ષીત કરાવતો નથી, તેથી કસર રહી જાય છે.

**૧૫૬.મોક્ષમાર્ગમાં આવતા વિઘ્નો ક્યારે ઉલ્લંઘાય ?**

જ : જ્યારે આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસપણું એ ત્રણેય અંગે યુક્ત એવા સાધુનો સંગ થાય ત્યારે.

**૧૫૭.ગોપાળાનંદ સ્વામીની વાતો કેવી છે ?**

જ : સ્વામીની વાતો મુમુક્ષુ માટે સગીમાના દૂધ કરતાં પણ વધારે પુષ્ટિદાયક, નિરોગી ને બળિયા કરનાર અદ્‌ભુત અમૃત છે.

**૧૫૮.રાજનીતિના ચાર વાના કયા છે ?**

જ : સામ, દામ, દંડ અને ભેદ.

**૧૫૯.સમજુ કોને કહેવાય અને સ્વભાવવશ કોને કહેવાય ? વ્યાખ્યા આપો.**

જ : ધર્માદિક પાયાને જડપણે નહિ પણ સમજીને રાખે, ને જ્યાં ન રાખવી ઘટે ત્યાં આંટી ને આગ્રહ ન રાખે તો સમજુ કહેવાય, નહિતર સ્વભાવવશ કહેવાય.

**૧૬૦.સુંદર સમાજનું નિર્માણ ક્યાં થાય છે ?**

જ : જે સમાજમાં માણસો ક્યાં સરળતા રાખવી ને ક્યાં અકડતા, એ જાણતા હોય ત્યાં સુંદર સમાજનું નિર્માણ થાય છે.

**૧૬૧.ગોપાળાનંદ સ્વામીએ વિપત્તિ કાળમાં ધીરજ રહે તે માટે કયા બે ઉપાય બતાવ્યા છે ?**

જ : માહાત્મ્યજ્ઞાન અને પોતાના આત્માનું જ્ઞાન પક્વ કરવાનો ઉપાય બતાવ્યો છે.

**૧૬૨.કોનાથી સાવધાન રહેવું ?**

જ : જેની વાતથી આપણો રંગ અને આપણો ઉત્તમ પ્રસંગ નબળો પડી જાય એનાથી સાવધાન રહેવું.

**૧૬૩.કોના કોના ઋણમાંથી જીવ કદી છૂટતો નથી ?**

જ : ભગવાનના, ગુરુના, મોટાપુરુષના અને માતા-પિતાના ઋણમાંથી જીવ કદી છૂટતો નથી.

**૧૬૪.ભૂંડા સ્વભાવ ક્યારે ટળી જાય છે ?**

જ : મોક્ષમાં વિઘ્નકર્તા કામક્રોધાદિક ભૂંડા સ્વભાવને વિશે વૈરબુદ્ધિ થાય તથા જે સંત તે કામક્રોધાદિકની નિંદા કરે તેને હિતકારી માને તો ભૂંડા સ્વભાવ ટળી જાય છે.

**૧૬૫.આપણને કેવો સ્વભાવ ઝેર જેવો લાગવો જોઈએ ?**

જ : ભગવાન ભજવામાં અને સત્સંગમાં હરિભક્તો સાથે સંપીને રહેવામાં નડતો હોય એવો સ્વભાવ.

**૧૬૬.કોનું કલ્યાણ થઈ ગયું છે ?**

જ : જેને પ્રગટ ભગવાન કે ભગવાનના પ્રગટ સાધુ મળ્યા હોય તેનું કલ્યાણ થઈ ગયું છે.

**૧૬૭.ભગવાને મગજ કેમ આપ્યું છે ?**

જ : ભગવાન, સંતો-ભક્તોનો મહિમા વિચારવા આપ્યું છે.

**૧૬૮.ભગવાન ને મોટા સંતોનો ફોર્સફૂલી (મુખ્ય) આગ્રહ શું છે ?**

જ : તમે આત્મા છો, તમારામાં ભગવાન મૂર્તિમાન રહ્યા છે, માટે તમે અક્ષરધામ છો એવું માનવાનો આગ્રહ છે.

**૧૬૯.મનમાં ઉદાસીપણું હોય ત્યારે શું કરવું ?**

જ : મનમાં ઉદાસીપણું હોય ત્યારે ચાર પ્રકારના પ્રલયનો વિચાર કરીને પદાર્થની તુચ્છતા કરવી. જગતથી ઉદાસ થવું.

**૧૭૦.જ્યારે મન આનંદમાં હોય ત્યારે શું કરવું ?**

જ : ઉપશમ કરીને ભગવાનનું ધ્યાન કરવું. કેમ કે, એ ધ્યાન કરવાનો ઉત્તમ સમય છે.

**૧૭૧.રામાનુજાચાર્યનો મત કેવો છે ?**

જ : જીવ, માયા પુરુષોત્તમ નિત્ય છે. પુરુષોત્તમ જીવ-માયાના નિયંતા છે,

સર્વના કારણ છે ને પોતાના ધામમાં સદા દિવ્ય આકારે છે ને સર્વ અવતારના અવતારી એવા પુરુષોત્તમનારાયણની ઉપાસના કરવી.

**૧૭૨.શ્રીકૃષ્ણ ભગવાનમાં મહારાજને કેમ હેત વધારે છે ?**

જ : એમાં અવતાર અવતારીનો ભેદ નથી અને આ અવતાર બહુ મોટો છે. સામર્થી ને સર્વ કળાએ યુક્ત છે તેથી વધારે હેત છે.

**૧૭૩.કોની સાથે સ્વામિનારાયણ ભગવાનને સુવાણ થાય છે ?**

જ : જેનામાં કામ, ક્રોધાદિક દોષ ન હોય, ધર્મશાસ્ત્ર પ્રમાણે જે ધર્મ પાળતો હોય ને એક ભગવાનમાં જ હેત હોય તેની સાથે સુવાણ થાય છે.

**૧૭૪.જીવ કોની સાથે અને કેવી રીતે કપટ રાખે છે ?**

જ : ભગવાન, સત્પુરુષ ને સંત-ભક્ત આગળ અંતરના દોષ જાણતો હોવા છતાં કહે નહીં ને બીજી બધી વાતો કરે.

**૧૭૫.નિર્બંધન રહેવું એટલે શું ?**

જ : કોઈ જીવને તેના મોક્ષ માટે ખરેખરી વાત સમજાવવી જોઈએ, પણ તેને કલ્યાણની વાત સમજાવતાં તે બાઈ-ભાઈ કુટુંબમાં બંધન ન થાય તે નિર્બંધન રહ્યા કહેવાય.

**૧૭૬.ભગવાનને વિષે અભિનિવેશ એટલે શું ?**

જ : ભગવાનને વિષે દૃઢ સંબંધ થાય અને ક્યારેય ભાવ ફેર થાય નહીં અર્થાત્ ભગવાનનો ક્યારેય અભાવ આવે નહીં.

**૧૭૭.ભગવાનને કઈ બે વાત જ ગમે છે ?**

જ : શરીરને પોતાનું રૂપ ન માનો અને ભગવાનને જેમ છે તેમ ઓળખો આ બે વાત જ ગમે છે.

**૧૭૮.સર્વે પ્રકારે સત્સંગ સમજવા શું કરવું ?**

જ : સત્પુરુષનો સમાગમ કરી, પોતાને અડતી વાત જાણવી પડે ને તે દ્વારા અજ્ઞાનમાત્ર, કસરમાત્ર ટાળવી પડે.

**૧૭૯.પ્રહ્લાદ શેનાથી ડરતા હતા ?**

જ : મન, ઈન્દ્રિયો, ચિત્ત ને અહંકારથી બીતા હતા.

**૧૮૦.કેવા માણસોની તરક્કી-પ્રગતિ ન થાય ?**

જ : દુનિયાના મોટા ભાગના માણસો પોતે જે કાંઈ કરે છે તેમાં એકરસ થતા જ નથી; તેવા માણસોની.

**૧૮૧.કેવી રીતે કથા કરીએ તો તે વાત વક્તા/શ્રોતા બન્નેને લાભદાયક બને ?**

જ : કથા જો કરવા ખાતર ઉપરછલ્લી કરવામાં આવે તો તે લાભદાયક થતી નથી. પણ જો કથા તન્મયતાથી કરવામાં આવે, અતિ પ્રેમ, ઉત્સાહ, ભાવથી કરવામાં આવે તો લાભદાયક થાય છે.

**૧૮૨.જેને ઘરનો સત્સંગ હોય તો તેનું વર્તન કેવું હોય ?**

જ : જેને ઘરનો સત્સંગ હોય તેનું જોડાણ પુરુષોત્તમની મૂર્તિ સાથે થઈ ગયું હોય, તેને ભગવાન પામવાની ભૂખ જાગી ગઈ હોય, તેને ઘરનો સત્સંગ છે તેમ કહેવાય.

**૧૮૩.સત્સંગ ઉપરછલ્લો થાય છે તે કેવી રીતે જાણવું ?**

જ : જેને સત્સંગ કરાવવો પડે, પોતાની જાતે ન કરે તેને કહેવાય કે સત્સંગ ઉપરછલ્લો છે.

**૧૮૪.સંસારી જીવ આ જગતની કઈ ભ્રમણાઓમાં જીવે છે ?**

જ : સંસારી જીવ માને છે કે સ્ત્રીમાં/પુરુષમાં, બહુ પૈસામાં, માન મળવામાં જ પરમ શાંતિ અને સુખનો પાર નથી; એવી ભ્રમણાઓમાં જીવે છે.

**૧૮૫.આપણે (જીવ) ભગવાન સિવાય બીજે ક્યાં જોડાઈ જતા હોય છે ?**

જ : આપણે દેહ, ઈન્દ્રિયોમાં, જગતના વિષયસુખમાં, દેહનાં સગા-સંબંધીઓમાં, રૂપિયામાં, માનમાં જોડાઈ જઈએ છીએ.

**૧૮૬.મુમુક્ષુએ પોતાની જીવનની હર ક્ષણ ક્યાં વાપરવી જોઈએ ?**

જ : પરમેશ્વરના સ્વરૂપમાં પોતાની વૃત્તિઓને એકાકાર કરવામાં પોતાની હર ક્ષણ વાપરવી જોઈએ.

**૧૮૭.સત્સંગી હોવા છતાંય આપણામાં કઈ કઈ નબળાઈઓ રહેતી હોય છે ?**

જ : આપણને કોઈનામાં ભગવદ્‌ભાવ નથી રહેતો, બધાયને જડ-માયારૂપે,

દેહરૂપે, નાત-જાતના, સારા-મોળા ભાવરૂપે જોઈએ છીએ, બધાયમાં ભગવાન છે ત્યાં સુધી આપણી દૃષ્ટિ જતી નથી વગેરે.

**૧૮૮.સાંસારિક સુખોની પ્રાપ્તિ માટે જીવ કયાં આધ્યાત્મિક સાધનો કરે છે ?**

જ : ભગવાનની સ્તુતિ-પ્રાર્થના ભક્તિ કરે, સંતોને રસોઈ દે છે, મહાપૂજા કરે છે, સંતો પાસે બેસે છે કે મને એમાંથી ઉગારો.

**૧૮૯.ભગવાન અને સંતોને કેવા માણસો બહુ વહાલા છે ?**

જ : જેને ભગવાન અને સાધુ બહુ વહાલા હોય.

**૧૯૦.સાચા મુમુક્ષુને કેવી સમજણ દૃઢ કરવી શ્રેષ્ઠ છે ?**

જ : હું આત્મા છું, બ્રહ્મ છું, અક્ષરધામ છું, શરીર કોઈ કાળે નથી, હું ત્યાગી-ગૃહી નથી, વર્ણાશ્રમથી પર શુદ્ધ ચૈતન્ય અક્ષરધામ છું, મારા રોમેરોમમાં શ્રીહરિ વિલસી રહ્યા છે એવી લોઢા જેવી સમજણ.

**૧૯૧.પાંચ જ્ઞાનેન્દ્રિયોના નામ અને તેના વિષયો કહો.**

જ : આંખ, નાક, કાન, જીહ્વા, ત્વચા. જોવું, સ્વાદ લેવો, સૂંઘવું, સાંભળવું, સ્પર્શ કરવો.

**૧૯૨.જીવને કોણ ભગવાન સુધી પહોંચાડે છે ?**

જ : ભગવાન મેળવવાની ભડભડતી ભૂખ જ.

**૧૯૩.ગોપાળાનંદસ્વામીના મતે અંદર જેવું બહાર સુખ કેમ કરે તો રહે ?**

જ : જેમ માંહી વર્તીએ છીએ, ને સુખ રહે છે, તેમ જ દેહમાં આવીએ ત્યારે વર્તીએ તો દુ:ખ થાય જ નહિ અને સુખ રહે.

**૧૯૪.ગોપાળાનંદ સ્વામીના મતે અંદર રહેવું એટલે શું ?**

જ : અંદર રહેવું એટલે આત્મામાં રહેવું, આત્મસ્વરૂપે સ્થિર રહેવું, આત્માના આત્મા શ્રીહરિરૂપે રહેવું, ત્યાંથી વૃત્તિ બહાર ન જવા દેવી. પોતાના ચિત્તને ભગવાનના સ્વરૂપમાં સ્થિર કરી દેવું.

**૧૯૫.ગોપાળાનંદસ્વામીના મતે બહાર રહેવું એટલે શું ?**

જ : બહાર રહેવું એટલે સંસારમાં રહેવું, વ્યવહારમાં રહેવું, દેહમાં રહેવું, દેહાભિમાને યુક્ત રહેવું, જગતને સાચું માની વહીવટ કર્યા કરવો.

**૧૯૬.કોને અખંડ આનંદ રહે ?**

જ : શ્રીહરિ જ મારી સંપત્તિ અને શ્રીહરિ જ મારું સુખ, એમ બધું જ ભગવાનમાં માની લે તેને અખંડ આનંદ રહે.

**૧૯૭.જીભનો ઉપયોગ કેવી રીતે કરવો ? કેવી રીતે ન કરવો ?**

જ : જીભનો ઉપયોગ ભગવાનનો પ્રસાદ લેવો તથા ભગવાનનાં ગુણ-જ્ઞાન ગાઈ શકાય તે છે, તેનો ઉપયોગ જગતનાં કોઈપણ ખાન-પાનાદિકમાં ન કરવો. દુનિયાની કોઈ વાતોમાં ન કરવો.

**૧૯૮.નાકનો ઉપયોગ કેવી રીતે કરવો ? કેવી રીતે ન કરવો ?**

જ : નાકનો ઉપયોગ ભગવાનને ચઢેલા ફુલ, અત્તર વગેરેની સુગંધી લેવા માટે છે; પણ વિષયી જીવે ચોપડેલા અત્તર-સુગંધી લેવા માટે નથી.

**૧૯૯.ભગવાનના ભક્તમાં અભાવ આવે તો શું થાય ?**

જ : ભગવાનના ભક્તમાં અભાવ આવે તો તેનું અંતઃકરણ ધોવાઈ જાય અને સુખ બધું જતું રહે.

**૨૦૦.ભગવાનના ભક્તને પંચવિષયમાં ભાવ થાય તો શું થાય ?**

જ : પંચવિષયમાં ભાવ થાય તો તેનું અંતઃકરણ ધોવાઈ જાય અને સુખ બધું જતું રહે.

**૨૦૧.ભગવાનનો ભક્ત હૃદયમાં ઠંડક ક્યારે અનુભવે છે ?**

જ : ભગવાનનો ભક્ત ઠાઠ-માઠ, મોજ-શોખ, ડોળ કર્યા વગર સમજણથી ભક્તિમય રહેવાય તો હૃદયમાં ઠંડક અનુભવે છે.

**૨૦૨.પૂ.ગુરુજી મોટી કૃપા કોને માને છે ?**

જ : પૂ.ગુરુજીના મતે, ભગવાનના સંતો-ભક્તો બહુ ગમે, તેમની સાથે રહેવા મળે, તે મોટી કૃપા છે.

**૨૦૩.આપણી જવાબદારી શું છે ?**

જ : આપણા જીવને દેહાકાર મટાડીને ભગવદાકાર બનાવી અનાદિમુક્તની સ્થિતિ પામવાની જવાબદારી આપણી છે.

**૨૦૪. કાર્ય-અકાર્યનો વિવેક ન રહે તો શું થાય ?**

જ : કાર્ય-અકાર્યનો વિવેક ન રહે તો તે વ્યક્તિ કરવાનું કામ ન કરે અને ન કરવાનું કામ કરે.

**૨૦૫. મોટા સંતને યથાર્થ જાણ્યા પછી પણ કોઈકની વાત સાંભળીને તે મોટા સંતનો અવગુણ આવવાનું કારણ શું ?**

જ : બે કારણો નીચે મુજબ છે.

૧. તે વ્યક્તિને મોટા સંત જેવા છે તેવા ઓળખાયા નથી અને તે સાધુ પ્રત્યે જેવી જોઈએ તેવી નિષ્ઠા હજી સુધી થઈ નથી.

૨. તે ભાઈની બુદ્ધિમાં સ્થિરતા નથી અને તેથી તે રજોગુણ અથવા તમોગુણ પ્રધાન જીવતા હોય.

**૨૦૬. અસ્થિર બુદ્ધિને સ્થિર કરવા શું કરવું ?**

જ : જ્યારે રજ-તમને ટાળીને શુદ્ધ સત્વગુણ વધારીએ ત્યારે બુદ્ધિ સ્થિર થાય; એટલે કે રજોગુણ અને તમોગુણને આપણામાંથી હટાવીને કેવળ સત્વમય અંતઃકરણ બનાવી સાત્વિક જીવન જીવવાથી જ બુદ્ધિ સ્થિર થાય.

**૨૦૭. આહાર કેટલા છે ? કયા કયા ?**

જ : આહાર પાંચ છે. ૧. શબ્દ, ૨. સ્પર્શ, ૩. રૂપ, ૪. રસ, ૫. ગંધ.

**૨૦૮. બુદ્ધિ સ્થિર થાય પછી શું કરવું ?**

જ : પછી આપણે જેને કામ, ક્રોધાદિક ભૂત ન વળગ્યા હોય અને જે મોટા એકાંતિક સંત હોય તેમનો સંગ કરવો. તે આપણને જેમ યુક્તિ બતાવે તેમ ઈન્દ્રિયો અંતઃકરણ જીતીને ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી. તેમાં નડતર બને તેનો ત્યાગ કરવો.

**૨૦૯. આપણને કઈ બાબતનો ખ્યાલ હોવો જોઈએ ?**

જ : આપણે બહુ મોટું કામ કરવાનું છે, આપણા આત્માને દેહાકાર મટાડી ભગવદાકાર કરવાનો છે.

**૨૧૦. કેવા કુટુંબ સાથે સંબંધ રાખવા વિશે પૂ.ગુરુજીની સલાહ છે.**

જ : સારા વ્યક્તિ જે સત્યપ્રધાન હોય અને તમોગુણી ન હોય અને સારા ધાર્મિક કુટુંબીઓ સાથે વ્યવહાર રાખવો.

**૨૧૧.સત્વગુણ વર્તે ત્યારે કયા ગુણો આપણામાં આવે ?**

જ : શમ, દમ, તિતિક્ષા, કોઈને માફ કરી દેવાના ગુણો આવે.

**૨૧૨.તમોગુણ વર્તે ત્યારે શું થાય ?**

જ : પ્રમાદ, મોહ, આળસ, નિદ્રા આ ચાર દોષો વર્તે છે.

**૨૧૩.દીર્ઘસૂત્રી કોને કહેવાય ?**

જ : એક કલાકનું કામ હોય એમાં પાંચ કલાક કરે, એવો ટાઢો હોય એને દીર્ઘસૂત્રી કહેવાય.

**૨૧૪.પ્રમાદ કેવી રીતે ટળે ?**

જ : પ્રમાદ શુદ્ધ જ્ઞાન થાય તો ટળે, એટલે કે હું આત્મા છું, મારે વિશે પરમાત્મા છે, આ શરીર જડ છે એવું થાય તો પ્રમાદ જાય.

**૨૧૫.મોહ કેવી રીતે ટળે ?**

જ : મોહ તો શુદ્ધ જ્ઞાન થાય, ને અખંડ જાણપણામાં રહે તો મોહ જાય.

**૨૧૬.આળસને કેમ ટાળવી ?**

જ : ભગવાનનો મહિમા સમજી નવ પ્રકારની ભક્તિ કરવી, સેવા કરવા મંડવું ને એમ વિચારવું જો હમણા નહિ કરું તો મારું કલ્યાણનું કામ અધુરું રહી જાશે.

**૨૧૭.નિદ્રા ટાળ્યાનો શો ઉપાય ?**

જ : જરૂર પુરતી નિદ્રા લેવી પણ બીજા સમયે એટલે કે માનસી, ભજન, કથામાં ઊંઘ આવે તો ઉભા થવું, તાળી પાડી ભજન કરવું, કથા સાંભળવી, પોતાના કામની વાત ધ્યાનમાં રાખીને લખવું એ આદિક ક્રિયા કરે તો નિદ્રા જીતાય છે.

**૨૧૮.શુદ્ધ સત્વગુણને કેવી રીતે જીતાય ?**

જ : શુદ્ધ સત્વગુણને જીતવા માટે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું, ધ્યાન વિના ન જીતાય.

**૨૧૯.તમોગુણરૂપી ક્રોધ કેવી રીતે ટળે ?**

જ : લાજ રાખીએ, એટલે કે મારે આવું શોભે નહિ, હું ભૂંડો લાગું, જરા શરમ હોય તો ક્રોધ ટળે. સાંખ્ય વિચાર કરીને કોઈકને જ તમોગુણ ટળે છે પણ સૌથી વધારે લાજે કરીને તમોગુણ ટળે છે.

**૨૨૦.વિષયનું ખંડન કઈ ચાર જગ્યાએ છે ?**

જ : ૧. બદ્રિકાશ્રમ, ૨. શ્વેતદ્વિપ, ૩. અક્ષરધામ, ૪. સત્સંગમાં

**૨૨૧.જીવમાં બળ કેવી રીતે આવે ?**

જ : નિયમ રાખીને જીવન જીવે તો

**૨૨૨.નિયમ કેવી રીતે લેવા ?**

જ : નિયમ બને તો બધાની સામે અથવા મોટાની આગળ દિક્ષીત કરીને નિયમ લેવા. આ નિયમ વિશે ચાર-પાંચ હરિભક્તોને કહેવું.

**૨૨૩.શ્રીજીમહારાજે વ્યવહાર વિશે શી આજ્ઞા કરી છે ?**

જ : મહારાજે આજ્ઞા કરી છે કે, મારા સત્સંગીએ રોજ આવક-જાવકનો હિસાબ રાખીને રોજેરોજ તેનું નામુ લખવું જોઈએ.

**૨૨૪.વિષય બહુ મોટા દુ:ખ ક્યારે લાગે ?**

જ : મહારાજની મૂર્તિની ભૂખ, તેમના દિવ્ય આનંદને માણવાની ભૂખ જાગે તો વિષય બહુ મોટા દુ:ખ લાગે છે.

**૨૨૫.વિષય કેવા છે ?**

જ : વિષય નાશવંત, સ્વપ્નતુલ્ય અને અતિશય તુચ્છ છે.

**૨૨૬.જીવ અખંડ સુખીયો ક્યારે થાય ?**

જ : જ્યારે સત્પુરુષનો સંગ કરીને શુદ્ધ આત્મસત્તારૂપે ભગવાનનું ભજન કરે ત્યારે

**૨૨૭.ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કેવી રીતે થાય છે ?**

જ : રસના, નેત્ર, વાક, શ્રોત્ર, ઘ્રાણ વગેરે ઈન્દ્રિયોને જ્યારે કુમાર્ગે ન જવા દે ત્યારે ઈન્દ્રિયોના આહાર શુદ્ધ થાય છે.

**૨૨૮.ગુરૂજી વેકેશનમાં બાળકો કુંડળમાં રહેવા આવ્યા છે તેમને કેવા ભાગ્યશાળી ગણે છે ?**

જ : ગુરૂજી કહે છે, આ બાળકોના બહુ મોટા ભાગ્ય છે. લખચોરાશી અને જમપુરી પર ચોકડી મારી અક્ષરધામની ટિકીટ પાકી કરે છે.

**૨૨૯. ગુરૂજીએ કેવા સંકલ્પ સાથે ગૃહત્યાગ કર્યો ?**

જ : શાક રોટલા મળે ગમે ત્યાં ખેતરમાં સૂવા મળે પણ લખચોરાશી અને જન્મમરણ ટાળવું છે. એવા બળે કરીને ગૃહત્યાગ કર્યો.

**૨૩૦. ગોપાળાનંદ સ્વામીના મતે પ્રમાદ કોને કહેવાય ?**

જ : ન કરવાનું કરવું, કરવાનું ન કરવું તેવું વર્તે તેને પ્રમાદ કહેવાય.

**૨૩૧. ગોપાળાનંદ સ્વામીના મતે મોહ એટલે શું ?**

જ : ગોપાળાનંદ સ્વામીના મતે મોહ એટલે જેને હોય બીજું અને જણાય બીજું તેને મોહ કહેવાય.

**૨૩૨. ગોપાળાનંદ સ્વામીના મતે દંભ કોને કહેવાય ?**

જ : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ત્યાગ લોકોને દેખાડવા માટે કરીએ તેને દંભ કહેવાય.

**૨૩૩. જ્ઞાનના ગુણથી કયો ફાયદો થાય છે ?**

જ : આત્મા અનાત્માના વિવેકને યથાર્થ સમજતો હોય તો માન-અપમાનથી તથા સુખદુ:ખે કરીને દુખિયો થાય નહીં.

**૨૩૪. વૈરાગ્યના ગુણથી કયો ફાયદો થાય ?**

જ : શ્રીજી મહારાજ તથા તેના સંત વિના પ્રકૃતિ પુરુષથી લઈ તૃણ પર્યંત ક્યાંય પ્રીતિ થાય નહીં.

**૨૩૫. મહિમાના ગુણથી કયો ફાયદો થાય ?**

જ : પુરુષોત્તમનો મહિમા સારી પેઠે સમજતો હોય તો અક્ષરથી લઈને વૈરાજ પુરુષ પર્યંત કોઈની મોટપ મનમાં પેસે જ નહીં.

**૨૩૬. ભક્તિના ગુણથી જીવને શો ફાયદો થાય ?**

જ : ભક્તિને મૂર્તિમાં ચોંટવાનો સ્વભાવ છે. આકાર વિના નિરાકાર વિશે શાસ્ત્રે કરીને કોઈ કાળે પ્રતીતિ આવે જ નહીં.

**૨૩૭. ગુરુજીના મતે ધર્મ પાળવાથી આપણને વિશેષ કયા ફાયદા થાય છે ?**

જ : (૧) નિર્ભયપણું આવે (૨) શરીર તંદુરસ્ત રહે (૩) અંતઃકરણ પવિત્ર રહે (૪) જાતીય એઈડસ્ જેવા રોગ ન થાય. (૫) વ્યક્તિનો ભાર કુટુંબમાં, સમાજમાં, ગામમાં બહુ જ રહે અને એની આબરૂ વધતી રહે. (૬) સ્વર્ગ, સત્યલોક, ભૌતિક સુખ મળે. (૭) સર્વ લોકોને સુખદાયી જીવન હોય.

**૨૩૮. કેવળ ધર્મ પ્રધાન થવાથી શું મુશ્કેલી રહે ?**

જ : (૧) બીજાનો અભાવ અવગુણ આવ્યા કરે (૨) સ્વભાવ ચીડીયો, અશાંત રહે, ભજનમાં સુખ ન આવે. (૩) પોતાનામાં સ્વશ્રેષ્ઠતા મનાય.

**૨૩૯. ગોપાળાનંદ સ્વામીના મતે જ્ઞાનનો શો ફાયદો થાય ?**

જ : (૧) જ્ઞાની માંદો પડે તો મુંઝાઈ નહિ. હું આત્મા છું, દેહ માંદો પડ્યો છે એવી સમજ રાખે. (૨) ખોટા હર્ષ-શોક ન થાય (૩) વિષયમાંથી પ્રીતિ હટી જાય. (૪) જ્ઞાનીને જીવમાં શાંતિ બહુ રહે.

**૨૪૦. ગોપાળાનંદ સ્વામીના મતે વૈરાગ્યના ફાયદા જણાવો.**

જ : (૧) વિષયનું દીનપણું જતું રહે (૨) ભગવાન સંતોનું દીનપણું આવે. (૩) વધારે ન ખવાઈ જાય. (૪) ભગવાન તરફ ચાલવાની સ્પીડ વધે.

**૨૪૧. ગોપાળાનંદ સ્વામીના મતે મહિમાના ગુણથી શો ફાયદો થાય ?**

જ : મહિમાથી સુખ બહુ જ થાય. હૈયું ભીનું રહે. અહો અહો રહે. જીવમાં આનંદ કેફ અને સુખ જ રહે.

**૨૪૨. ગોપાળાનંદ સ્વામીના મતે ભક્તને હરિ ભજવામાં શું શું નડતરરૂપ છે ?**

જ : ગૃહસ્થને ગામ, ગરાસ, વાહન, ખાનપાન, વિષય રાજ્યનો વ્યવહાર વગેરે ભક્તિમાં નડતરરૂપ છે.

**૨૪૩. ગોપાળાનંદ સ્વામીના મતે ભક્તને હરિ ભજવામાં પડતી મુશ્કેલી કયા ઉપાયે દૂર કરી શકાય ?**

જ : ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિ, તેણે યુક્ત સત્પુરુષને ઓળખી તેમની અનુવૃત્તિમાં રહે, સમાગમ કરે તો હરિ ભજવામાં કોઈ મુશ્કેલી ન પડે.

**૨૪૪. ગોપાળાનંદ સ્વામીના મતે દુઃખના કેટલા પ્રકાર છે ? કયા કયા ?**

જ : ગોપાળાનંદ સ્વામીના મતે દુ:ખના ત્રણ પ્રકાર છે. (૧) પ્રારબ્ધ દુ:ખ (૨) ક્રિયમાણ દુ:ખ (૩) ધીરજ પરીક્ષાનું દુ:ખ

**૨૪૫.ગોપાળાનંદ સ્વામીના મતે માંદાના ચાર પ્રકાર કયા કયા છે ?**

જ : (૧) દેહથી માંદો (૨) મનથી માંદો (૩) દેહ અને મનથી માંદો (૪) સાજો-માંદો

**૨૪૬.ઉણી આંચ કોને આવતી નથી ?**

જ : સંતો, ભક્તો, આચાર્યો જે ભગવાનની આજ્ઞા પાળશે અને ભગવાનને સર્વોપરી માનશે એને ઉણી આંચ આવશે નહીં.

**૨૪૭.ગુણાતીતાનંદ સ્વામીએ ગોંડલમાં કઈ ત્રણ વાતો કરી હતી ?**

જ : (૧) સત્તાની લાલચમાં ફસાશો નહીં. (૨) સ્વામિનારાયણની આજ્ઞા પાળજો, (૩) સ્વામિનારાયણ ભગવાન સર્વે અવતારોના અવતારી છે, આ પાકું રાખજો.

**૨૪૮.અનંતાનંદ સ્વામીની સ્વભાવ પ્રકૃતિ કેવા હતાં ?**

જ : સ્વામી ખૂબ દયાળુ, ખૂબ ગરીબ પ્રકૃતિના હતા અને તેમને કોઈ શત્રુ કે મિત્ર ન હતા.

**૨૪૯.વૃત્તિના કેટલા પ્રકાર છે ? કયા કયા ?**

જ : ૧. અહંમ વૃત્તિ અને ૨. મમત્ત્વ વૃત્તિ

**૨૫૦.વૃત્તિ સંકેલી કોને કહેવાય ?**

જ : કોઈ વાતનો હર્ષશોક ન થાય ત્યારે વૃત્તિ સંકેલી કહેવાય. જેમ કે, મંદિર બાંધે, સંસ્થા નાંખે, સત્સંગ કરાવે, દેશ-વિદેશ ફરે, પણ જ્યારે વૃત્તિને સંકેલે ત્યારે જે ક્રિયા કરેલી હોય તેનો હર્ષ શોક ન થાય તેને વૃત્તિ સંકેલી કહેવાય.

**૨૫૧.વૃત્તિ એકાગ્ર થવાનાં સાત સાધનો જણાવો.**

જ : ૧. એકાંતિક સાધુનો સમાગમ, ૨. પૂર્વનાં સારાં સંસ્કાર, ૩. રૂડા દેશકાળ, ૪. વૃત્તિ સંકેલવાની હેતે સહિત શ્રદ્ધા, ૫. કહેનારા જે

મોટાપુરુષ હોય તેને વિશે આત્મબુદ્ધિ, ૬. મોટાપુરુષમાં વિશ્વાસ, ૭. ભગવાનનો પ્રતાપ.

**૨૫૨.દેશકાળમાં શેનો શેનો સમાવેશ થાય છે ?**

જ : દેશ, કાળ, ક્રિયા, સંગ, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને ઉપદેશ આ આઠનો સમાવેશ થાય છે.

**૨૫૩.આપણે ભગવાનની કૃપા સાચવવા શું કરવું ?**

જ : ભગવાનની કૃપા સાચવવા નિર્ગુણ, અક્ષરધામ રૂપ આપણે થવું જોઈએ, તો કૃપા સચવાય અને એ જ પાત્રતા છે.

**૨૫૪.સંતો-હરિભક્તોના રાજીપારૂપી સાધનથી આપણે અવશ્ય મેળવવા જેવી બાબત કઈ છે ?**

જ : પુરુષોત્તમનારાયણની પ્રસન્નતા એ આપણું સાધ્ય છે, એ મેળવવા જેવી બાબત છે.

**૨૫૫.ભગવાનની કૃપા ક્યારે જાણવી ?**

જ : ભગવાન જ્યારે આપણા આત્મામાં સાક્ષાત્ પ્રગટ થઈ કહે કે મારી મૂર્તિ તને દાનમાં દઉં કે જેને મોટા દેવો ઈશ્વરો પણ પામ્યા નથી. ત્યારે ભગવાનની કૃપા જાણવી.

**૨૫૬.પાર્ષદવર્ય મોનજી ભગતે કોની કોની સેવા કરીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરેલા ?**

જ : તેઓએ રઘુવીરજી મહારાજ, વિહારીલાલજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, સિદ્ધાનંદ સ્વામી વગેરેની સેવા કરીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

**૨૫૭.વાસુદેવ માહાત્મ્યનો કયો સિદ્ધાંત સાંભળી પ્રભુ અત્યંત રાજી થયા ?**

જ : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની અદ્ભુત વાત લખેલી આ ચાર સાધનથી જીવનું પરમ કલ્યાણ થાય છે એવો સિદ્ધાંત વાસુદેવ માહાત્મયમાં લખેલો છે. તે સાંભળી શ્રીજીમહારાજ ઘણું રાજી થયા હતા.

**૨૫૮.ગોપાળાનંદ સ્વામીના મતે ધ્યાન કેવી રીતે કરવું ?**

જ : સ્વસ્તિક આસને કરીને, નાસાગ્રવૃત્તિ રાખીને, દેહને સમ રાખીને, નેત્રને મીંચીને, પ્રતિલોમવૃત્તિએ અંતરમાં મૂર્તિને સન્મુખ રહીને ધ્યાન કરવું.

**૨૫૯.શ્રીહરિનો કેવો મહિમા અતિ દ્રઢ કરીને સમજે તો ધ્યાન થાય ?**

જ : અનંત અપાર ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તેનું સમગ્ર સુખ ભેળું કરીએ તોપણ શ્રીહરિજીના એક રોમના સુખની બરાબર પણ ન આવે. આવા મારા સ્વામિનારાયણ મહાપ્રભુ, મારા આત્મામાં સદાય મૂર્તિમાન બિરાજમાન છે. આવો દ્રઢ મહિમા કરે એને ધ્યાન થાય.

**૨૬૦.તિનકે દાસ ક્યારે થવાય ?**

જ : ભગવાનનો મહિમા સમજીએ ત્યાર પછી જ તિનકે દાસ થવાય.

**૨૬૧.સ્વભાવનું નામ શું છે ?**

જ : માયિક ટેવ, રોજનું રુટીન, વલણ અને આદર તે સ્વભાવનું નામ છે.

**૨૬૨.સ્વભાવ ટાળવા હોય તેને કોના પક્ષમાં ભળવું ને કોના પક્ષમાં ન ભળવું ?**

જ : સ્વભાવ ટાળવા હોય તેને તો તે સ્વભાવ ટળાવનારના પક્ષમાં ભળવું, પણ પોતાના સ્વભાવના પક્ષમાં ન ભળવું.

**૨૬૩.જેને પોતાની સ્વાભાવિક પ્રકૃતિ ટાળવી હોય તેણે ટળાવનારામાં કેવો ભાવ રાખવો ?**

જ : જેણે પોતાની સ્વાભાવિક પ્રકૃતિ ટાળવી હોય તેણે તો સ્વભાવ ટળાવનાર ગમે તેવા તિરસ્કાર કરે કે ગમે તેવા દુ:ખવીને કઠણ વચન કહે તોપણ કોઈ રીતે કહેનારાનો અભાવ આવવા દેવો નહીં.

**૨૬૪.ભગવાનનો સાચો ઉપાસક કોણ છે ?**

જ : જેને ભગવાન વિના બીજો ઘાટ જ ન થાય, સ્મૃતિ જ ન થાય એ જ ભગવાનનો સાચો ઉપાસક છે.

**૨૬૫.આપણને કેવો સ્વભાવ ઝેર જેવો લાગવો જોઈએ ?**

જ : આપણને જે ભગવાન ભજવામાં અને સત્સંગમાં હરિભક્તો સાથે સંપીને રહેવામાં નડતો હોય એવો સ્વભાવ આપણને ઝેર જેવો લાગવો જોઈએ.

**૨૬૬.ભગવાને આપેલ મોટામાં મોટી કૃપાવશાત ભેટ કઈ છે ?**

જ : ભગવાને બધાને પ્રેમ આપ્યો છે ને પોતાનામાં પ્રભુભાવ કરાવ્યો છે, તે મોટામાં મોટી કૃપાવશાત આપેલ ભેટ છે.

**૨૬૭.મોટા મોટા મુક્તોએ ભગવાન પાસે શું માગ્યું છે ?**

જ : મોટા મોટા મુક્તોએ પણ એવું માગ્યું છે કે મને કૃપા કરી તમારામાં ગાઢ પ્રેમ થાય.

**૨૬૮.ભગવાન આપણી ઉપર રાજી કુરાજી ક્યારે થાય છે ?**

જ : આપણે કોઈને રાજી કરીએ છીએ ત્યારે ભગવાન આપણી ઉપર રાજી થાય છે ને કોઈને કુરાજી કરીએ ત્યારે ભગવાન આપણા ઉપર કુરાજી થાય છે.

**૨૬૯.આપણા દેહને અને સત્પુરુષના દેહને કેવો માનવો ?**

જ : આપણા દેહને માયિક પંચભૂતનો માનવો, પણ મોટા પુરુષનો દેહ તો અમાયિક, દિવ્ય, નિર્ગુણ માનવો.

**૨૭૦.આપણે માયા પર ક્યારે થઈશું ?**

જ : ભગવાનના સંતો-ભક્તોને દિવ્ય, બ્રહ્મની મૂર્તિ, ગુણાતીત, નિર્ગુણ ને માયા પર માનીશું ત્યારે જ માયા પર થઈશું.

**૨૭૧.ગુણવાન ક્યારે થવાશે ?**

જ : બીજાના અવગુણને હેઠે બેસાડી બીજાના ગુણ જ જોઈશું ત્યારે એકબીજાના પ્રભાવે ને પ્રગટના પ્રેશરથી ગુણવાન થવાશે.

**૨૭૨.ધીરજ પરીક્ષાનું દુઃખ કોને કહેવાય ?**

જ : ભગવાન પોતાના ભક્તની પરીક્ષા કરી, ભક્તને ઉપલી કક્ષામાં લઈ જવા જે દુઃખ આપે તેને ધીરજ પરીક્ષાનું દુઃખ કહેવાય.

**૨૭૩.ગુરુજીના મતે ધીરજ પરીક્ષાનું દુઃખ કેમ શ્રેષ્ઠ છે ?**

જ : કારણ તેમાં મહારાજનો રાજીપો હોય છે. અને ભક્તનું કલ્યાણ હોય છે માટે.

**૨૭૪.ગોપાળાનંદ સ્વામીના મતે ચાર દોષો કયા છે ?**

જ : (૧) લય (૨) વિક્ષેપ (૩) રસાસ્વાદ (૪) કસાઈ

**૨૭૫. ગોપાળાનંદસ્વામીના મતે રસાસ્વાદ કોને કહેવાય ?**

જ : ભજનમાં બેઠા હોય અને ખાવાના ઘાટ થાય, જીભને ચટકો લાગે તેને રસાસ્વાદ કહેવાય.

**૨૭૬. ગોપાળાનંદ સ્વામીના મતે લય ટાળવાનો ઉપાય શું છે ?**

જ : મહારાજની લીલાનું ચિંતવન તથા સ્વામિનારાયણ નામ ઉચ્ચારણ એ લય ટાળવાના ઉપાય છે.

**૨૭૭. ગોપાળાનંદ સ્વામીના મતે વિક્ષેપ ટાળવાનો ઉપાય શું છે ?**

જ : મહારાજના મહિમાનો તથા આત્મા-અનાત્માનો વિચાર કરવો, મારામાં મહારાજ સાક્ષાત વિરાજમાન છે; એવી સમજણથી વિક્ષેપ ટળે છે.

**૨૭૮. ગોપાળાનંદ સ્વામીના મતે રસાસ્વાદ ટાળવાનો શો ઉપાય છે ?**

જ : નિયમમાં યથાર્થ વર્તે, આ નથી ખાવું એવો દૃઢ સંકલ્પ કરે તો રસાસ્વાદ ટળે.

**૨૭૯. ગુરુજી વાસનાનું સ્વરૂપ સમજાવવા કયા વચનામૃતથી આપણને જ્ઞાન આપે છે ?**

જ : પૂર્વે જે વિષય ભોગવ્યા હોય તેને વાસના કહેવાય, બ્રહ્મરૂપે ભગવાનની ઉપાસના કરવી. પ્ર.૧૧ના વચનામૃતથી.

**૨૮૦. ગોપાળાનંદસ્વામીના મતે દિવ્યદેહ ક્યારે બંધાય છે ?**

જ : ગોપાળાનંદસ્વામીના મતે મહારાજમાં અખંડ સ્મૃતિ રાખવાથી, મહારાજ સદૈવ મારા જ છે. મહારાજમાં હેત, મમતા, ઉપાસના દૃઢ કરવાથી દિવ્ય દેહ બંધાય છે.

**૨૮૧. દિવ્ય દેહને વિશે ઐશ્વર્ય ક્યારે આવતા જાય છે ?**

જ : ધર્મ-જ્ઞાનાદિક સાધન જેમ જેમ પક્વ થાતાં જાય તેમ તેમ દિવ્ય દેહને વિશે ઐશ્વર્ય આવતાં જાય છે.

**૨૮૨. ગુરુજીએ આપણને દિવ્ય દેહ રાખવાની કેવી રીત સમજાવી છે ?**

જ : ગુરુજીએ આપણને શીખવ્યું છે કે આપણે અનાદિ મુક્ત છીએ. મહારાજ આજે પણ પ્રત્યક્ષ દિવ્ય સ્વરૂપે હાજર જ છે. જો એવી સમજણ રાખીએ તો આપણી દિવ્ય સમજણ અને દિવ્ય દેહ રહે.

**૨૮૩.વચ. લોયાના ૧૨ મુજબ નિશ્ચય આજ જન્મે ક્યારે યથાર્થ થાય છે ?**

જ : શ્રોતાને શ્રેષ્ઠ શ્રદ્ધા ઉપજે અને ઉત્તમ જ્ઞાનવાળા વક્તા મળે, ને દેશકાળ સારા હોય તો આજ જન્મે યથાર્થ નિશ્ચય થાય.

**૨૮૪.જે કાંઈ ભેદ જણાય છે તે ક્યાં રહ્યો છે ?**

જ : ભેદ આત્મા ને પોતાના જ્ઞાનમાં રહ્યો છે. સમજણમાં છે. ભગવાનના સ્વરૂપમાં કોઈ ભેદ નથી.

**૨૮૫.સવિકલ્પ નિશ્ચયમાં મધ્યમ ભેદ કયો છે ?**

જ : મનુષ્ય થકી બમણા કામાદિકને વિશે અધિક પ્રવર્તે ત્યાં સુધી પણ નિશ્ચય રહે તે.

**૨૮૬.નિર્વિકલ્પ મધ્યમ ભક્ત કયો કહેવાય ?**

જ : શ્વેતદ્વીપને વિશે રહ્યા જે ષડૂર્મિએ રહિત એવા નિરન્નમુક્ત તે જેવો પોતે થઈને વાસુદેવની ઉપાસના કરે તે.

**૨૮૭.ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા ભક્ત કયા કહેવાય ?**

જ : અષ્ટાવરણે યુક્ત એવા જે કોટી કોટી બ્રહ્માંડ તે જે અક્ષરને વિશે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમનારાયણનું ધામ રૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે.

**૨૮૮.સિદ્ધાનંદસ્વામીને ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં રહેવામાં-સમાગમ કરવામાં સાત વર્ષ કેમ લાગી ગયા ?**

જ : સિદ્ધાનંદસ્વામી એવું વિચારતા કે, ગોપાળાનંદસ્વામી બે ગાદીના મધ્યસ્થી ઉપરી છે. જો હું એમની નજીક જાઉં તો મને કોઈ પ્રવૃત્તિમાં જોડી દે અને પછી મારાથી મહારાજમાં અખંડવૃત્તિ ન રાખી શકાય. તેથી તેઓ નજીક જતા નહીં.

**૨૮૯.આત્યંતિક કલ્યાણ માટે શું અતિ જરૂરી છે ?**

જ : ભગવાન શ્રીહરિની સર્વોપરી, નિર્વિકલ્પ નિશ્ચયે યુક્ત માહાત્મ્ય જ્ઞાનવાળી અતિશય દૃઢ નિષ્ઠા અતિ જરૂરી છે.

**૨૯૦.કલ્યાણ જોઈતું હોય તો શું કર્યા વગર છૂટકો જ નથી ?**

જ : પુરુષોત્તમનારાયણ અને એમના સાધુમાં દેહ અને દેહના સંબંધી કરતાં વધારે પ્રીતિ, તેમનો પક્ષ દૃઢ રાખવો જ પડશે એના વગર છૂટકો જ નથી.

**૨૯૧.અલૈયામોડાના રાજકુમાર રણમલજીમાં કાશીદાસ પટેલે કયા ગુણો જોયા ?**

જ : ભક્તપણું, દાસપણું, મુક્તપણું, સમર્પિતપણું, પ્રેમીપણું જેવા ગુણો જોયા પણ દરબારપણું, અહંપણું, ઈર્ષ્યાપણું ન દેખ્યું.

**૨૯૨.ભગવાન શ્રીહરિ ૬૮ ની સાલમાં વિચરણ વખતે શું કહેવા નીકળ્યા હતા ?**

જ : આવતી સાલ ટીપુંય વરસાદ પડવાનો નથી. ઘોડા વગેરે પશુ કાઢી નાંખજો. મોટાઈ પડી મેલી ઘરમાં જે કાંઈ હોય તેના દાણા ખરીદી લેજો નહિ તો ભૂખ્યા ખૂબ દુ:ખી થશો.

**૨૯૩.શ્રીહરિએ અક્ષરાનંદસ્વામીને મંડળધારી શા માટે કર્યા ?**

જ : શ્રીહરિએ એમને અતિશય નિર્માની, સેવાભાવી, ગુણિયલ જાણી થોડા સાધુ આપી ગુરૂપદ આપી મંડળધારી કર્યા.

**૨૯૪.મોટાનો સમાગમ અતિ આવશ્યક છે; તે સિદ્ધાંત વાર્તા કઈ રીતે છે ?**

જ : મોટા પુરુષનો મન-કર્મ વચને સમાગમ કર્યા સિવાય ખોટ ઓળખાય પણ નહિ અને ટળે પણ નહિ માટે એ સિદ્ધાંત વાર્તા છે.

**૨૯૫.આપણે દાસ ક્યારે થઈ જઈએ છીએ ?**

જ : ભગવાનની આજ્ઞા, મરજીમાં આનંદથી રહીએ, પરાણે નહિ ત્યારે તેમની આજ્ઞા મરજી એ જ આપણો આનંદ બની જાય છે અને દાસ થઈ જવાય છે.

**૨૯૬.હરિહર્યાનંદ સ્વામીનો ભગવાન પ્રત્યેનો સ્નેહ વર્ણવો.**

જ : સ્વામીને દિવસમાં જ્યારે જ્યારે શ્રીજી મહારાજ સાંભરે ત્યારે આંખમાંથી આંસુ વહેવા માંડતા. વળી, કોઈના મુખથી શ્રીહરિનું નામ સાંભળે ત્યારે પણ આંખમાં આંસુ આવી જતા એવો સ્નેહ હતો.

**૨૯૭.તપસાનંદ સ્વામી અને જયાનંદ સ્વામી જોડીયા સાધુ કેમ કહેવાતા ?**

જ : એ બે સાધુ જ્યાં જાય ત્યાં લગભગ જોડે જ રહેતા, તેમને સાથે સાથે રહેવું જ ગમતુ. તેમના તપ અને ભજનપરાયણ જીવન હતા તેથી.

**૨૯૮.દેહભાવને કારણે આપણને શું ગેરફાયદો થાય છે ?**

જ : દેહભાવને લઈને આપણી ઈન્દ્રિયો જીતાય નહી, દોષો ટળે નહિ, વાસના ટળે નહિ, સંકલ્પો જીતાય નહિ.

**૨૯૯.ગોપાળાનંદસ્વામી એ કેવા સાધુનો સમાગમ કરવાની વાત કરી છે ?**

જ : જે પોતે ભગવાનને સંભારે અને બીજાને ભગવાન સંભારાવડાવી દે એવાનો સમાગમ કરવાનું કહ્યું છે.

**૩૦૦.આપણો ધ્યેય કેવો હોવો જોઈએ ?**

જ : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ દૃઢ કરી પુરુષોત્તમનારાયણનાં સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી. ભગવાન સ્વામિનારાયણને રાજી કરી મહારાજના મહા આનંદને માણવો એવો ધ્યેય હોવો જોઈએ.

**૩૦૧.ભગવાનને કેવી ભક્તિ ગમે છે ?**

જ : બ્રહ્મરૂપે થઈને કરેલી ભક્તિ ભગવાનને ગમે છે.

**૩૦૨.સંતોમાં ગાઢ પ્રીતિ કેમ નથી થતી ?**

જ : જ્યાં સુધી સંત અનુગ્રહ ન કરે ત્યાં સુધી પાપ ન ટળે અને પાપ ન ટળે ત્યાં સુધી દેહ ને દેહનાં સંબંધીમાં ગાઢ પ્રીતિ છે એવી ભગવાનના સાધુમાં ગાઢ પ્રીતિ થતી નથી.

**૩૦૩.નિર્વિઘ્ન કલ્યાણ કેમ થાય ?**

જ : જેના ઘરમાંથી સત્સંગ માટેનો ખુબ સારો સાથ સહકાર હોય, ખુબ મહિમા, પ્રેમ, શ્રદ્ધા અને નિષ્ઠા હોય તો આખા કુટુંબનું ભગવાન અને સંતો સાથે જોડાણ અકબંધ રહે છે અને નિર્વિઘ્ન કલ્યાણ થાય.

**૩૦૪.જીવ ભગવાનના ધામમાં કેમ કરીને પહોંચે ?**

જ : ભગવાન સાંભરતા હોય અને એ સમે જો દેહ પડી જાય તો જીવ સીધો ભગવાનના ધામમાં પહોંચી જાય.

**૩૦૫.જીવાત્માની નાની-મોટી સ્થિતિનું કારણ શું છે ?**

જ : જીવાત્માની નાની-મોટી સ્થિતિનું કારણ પરમેશ્વરની નિષ્ઠા અને ઉપાસના છે.

**૩૦૬.સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે કેમ ઓળખવામાં આવે ?**

જ : જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે વિષયમાં ન લેવાય અને જેને સવિકલ્પ નિશ્ચય હોય તે વિષયનો ત્યાગ કરવા જાય તોપણ વિષયમાં એકરસ થઈ જાય.

**૩૦૭.માયિક અહં-મમત્વ શું કરે ત્યારે મુકાય ?**

જ : માયિક અહં-મમત્વ મુકવા માટે ભગવાન અને ભગવાનના સંતમાં અહં-મમત્વ કરવું.

**૩૦૮.સાચું સુખ ક્યાં છે ?**

જ : સુખ તો ભગવાન સ્વામિનારાયણના શરણમાં છે.

"સુરપુર નરપુર નાગપુર, ઈન તીનોમેં સુખ નાહિ;

કાં સુખ હરિકે ચરણમેં, કાં સંતનકે માંહી.

**૩૦૯.સુખી થવાનો શ્રેષ્ઠ ઉપાય કયો છે ?**

જ : ભગવાન સ્વામિનારાયણનો મહિમા હૃદયમાં ઊતરી જાય તો જીવ શ્રીહરિ જેવો સુખી થઈ જાય.

**૩૧૦.અનાદિમુક્તની સ્થિતિમાં કોણ રહી શકે છે ?**

જ : ભગવાનના દાસ જે થાય છે ભગવાનને જ આત્મા સમર્પિ દે છે એ જ મહારાજને માણવારૂપ અનાદિમુક્તની સ્થિતિમાં રહી શકે છે.

**૩૧૧.ભગવાનનું માહાત્મ્યજ્ઞાન કોણે જાણ્યું કહેવાય ?**

જ : જેને ભગવાનના બધા જ ચરિત્રો દિવ્ય લાગે અને એમ જાણે જે મહારાજને તો કોઈ પદાર્થ જોઈતું નથી એ તો પૂર્ણકામ છે અને ભગવાન જે જે ગ્રહણ કરે છે તે તો કેવળ દયા કરીને જીવના કલ્યાણને અર્થે કરે છે તે તો જ કરે છે એને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન જાણ્યું કહેવાય.

**૩૧૨.દરેક ક્રિયા પાછળ પરમાત્માનો આશય શું હોય છે ?**

જ : દરેક ક્રિયા પાછળ પરમાત્માનો આશય આત્માનું ભલું કરવું એ જ હોય છે.

## ✵ બે થી ત્રણ વાક્યમાં જવાબ લખો.

**૧. ગોપાળાનંદ સ્વામીએ લક્ષ્મીરામને મૂર્તિ આપી ત્યારે શું આશીર્વાદ આપ્યો ?**

જ : ગોપાળાનંદ સ્વામીએ આશીર્વાદ આપીને કહ્યું કે, "લક્ષ્મીરામ ! તમે આ મૂર્તિની નિત્ય સેવા પૂજા કરજો. મહારાજ તમારા સર્વે મનોરથ પૂરા કરશે. તમારો ભાવ જોઈ પ્રત્યક્ષ જમવા પધારશે. અને તમે સંકલ્પ કરશો તે પ્રમાણે આ હરિકૃષ્ણ મહારાજ સહુ ભક્તોના દુ:ખ હરશે."

**૨. મહારાજે ઝવેરબાને આંખનો જામર મટાડ્યો તે ઘટનાનું વર્ણન કરો.**

જ : શ્રીજીમહારાજ સ્ત્રીનું રૂપ લઈને એમની સાથે સાથે પ્રદક્ષિણા ફરવા લાગ્યા અને કહ્યું કે, મારી પાસે દવા છે, એમ કહીને ઝવેરબાને આંખમાં ટીપા નાખ્યા અને જામર મટી ગયો ને આંખે બધું દેખાવા માંડ્યું. પછી ઝવેરબાએ મહારાજ સામું જોઈને કહ્યું આ સ્ત્રી નથી; ત્યારે એ જ વખતે મહારાજે પોતાનું સાક્ષાત્ દર્શન દીધું અને માથે હાથ મુક્યો અને પછી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

**૩. કયો આત્મા મોટો કહેવાય ?**

જ : જે ભગવાનને વહાલો હોય, જે ભગવાનને રાજી કરવા જીવતો હોય, જે ભગવાનના સ્વરૂપને ઓળખીને ભગવાનનાં સ્વરૂપમાં રસબસ રહેતો હોય એ જ આત્મા મોટો કહેવાય.

**૪. ગોપાળાનંદસ્વામીએ ગંગાશંકરને શું કહ્યું ?**

જ : તમે પૂર્વના ખૂબ સંસ્કારી છો, તમને એકાંતિક ધર્મ ગમે છે. વળી, તમારું મન ભગવાનને મળવા પ્યાસું બન્યું છે તેનું કારણ એ છે કે તમે પૂર્વે મહાન ઋષિ હતા અને પુરુષોત્તમને પામવા માટે ધરતી પર જન્મ્યા છો.

**૫. ત્રાટક ધ્યાન કોને કહેવાય ?**

જ : શ્રીહરિની મૂર્તિ નેત્રની આગળ રાખી એક વૃત્તિએ ભગવાનના સ્વરૂપ સામે જોઈ રહીને ભગવાનના નામનું સ્મરણ કંઠમાંથી પોતાના કાન સુધી સંભળાય એટલા અવાજમાં મંત્રજાપનું સાતત્ય જાળવી રાખવું અને મૂર્તિ સામું મટકું માર્યા વિના જોઈ રહેવું તેને ત્રાટક ધ્યાન કહેવાય.

**૬. પ્રીતિવાળાનાં લક્ષણો જણાવો.**

જ : ભગવાન વિના બીજો ઘાટ થાય તો બળબળતો ડામ દીધા જેવું વસમું લાગે. તથા ગમે એવો થાકી ગયો હોય, ગમે એવો રાજસમૃદ્ધિથી અવરાઈ ગયો હોય, ગમે એવું અપમાન થયું હોય ને એમાં જો કોઈ ભગવાનની વાત કરે તો જાણે કાંઈ જ થયું નથી, એમ બધું ભૂલીને પરમેશ્વરની કથા-વાર્તામાં એકરસ થઈ જાય ત્યારે સમજવું કે આ પ્રીતિવાળો છે.

**૭. ભગવાનની મૂર્તિનું ધ્યાન કોનાથી થાય છે ?**

જ : દેહ અને દેહસંબંધી પદાર્થને કાકવિષ્ટા તુલ્ય જાણે અને કોઈના ગુણ-દોષમાં ન ભળે ને નિંદા-સ્તુતિનો ત્યાગ કરે અને નેત્ર-શ્રોત્ર અને વાણીને જીતે અને ઠેકડી-મશ્કરી, આળસ-પ્રમાદને ટાળે તેને મૂર્તિનું ધ્યાન થાય છે.

**૮. સૂક્ષ્મ વિષય ટાળવાના ઉપાયો જણાવો.**

જ : સ્ત્રી, ધન, માન, સ્વાદ આદિક જે ઉપર પોતાના મનને રુચિ હોય, ગમતું હોય, વહાલુ લાગતું હોય, જે જે વિષયોમાં સુખ મનાતું હોય તે વિષયોને વિશે દોષબુદ્ધિનો વિચાર કરી તેનો ત્યાગ કરે તો તે વિષયો ટળે છે.

**૯. ભગવાન પોતાના ભક્તની શું શું સેવા કરે છે ?**

જ : ભગવાન પોતાના ભક્તના સામાજિક, કૌટુંબિક, વેવારિક, શારીરિક, માનસિક, આલોક-પરલોકનાં બધાં કામ કરે છે. વળી જીવને સંતો સાથે જોડીને કથા-વાર્તામાં રુચિ કરાવી, રોજ રોજ સારું સારું જ્ઞાન આપી, દોષો ટળાવી, પોતાની મૂર્તિમાં હેત કરાવી ભક્તને મુક્ત બનાવે છે.

**૧૦. ભગવાનના ધારક બનવાનો ઉપાય શું છે ?**

જ : દેહભાવ, સ્ત્રીભાવ, પુરુષભાવ, વિષયભાવ, મૈથુનગ્રંથી, સ્પર્શગ્રંથી, રૂપગ્રંથી આ બધાને આત્મામાંથી કાઢીને પોતે અતિ શુદ્ધ ચૈતન્ય બનીને પોતાની તમામ વૃત્તિ ભગવાનમાં જોડીએ તો ભગવાનના ધારક બનાય છે.

**૧૧. જીવ ભગવાનનો મહામુક્ત કેવી રીતે બની શકે ?**

જ : જીવ ભગવાનને શરણે થાય, સત્સંગમાં નિર્માની થઈ દાસનુદાસ થઈને પડ્યો રહે, સંતો-ભક્તો જેમ કહે એમ કર્યા કરે અને પોતાના સ્વભાવ ટાળે અને ભગવાનમાં પ્રેમ વધારે અને પોતાને ભગવાન સિવાયના જે કાંઈ સંકલ્પો થાય તેને સમજીને ખોટા કરતો રહે; તો જીવ અવશ્ય ભગવાનનો મહામુક્ત બની જાય.

**૧૨. કેવા પુરુષને કર્મફળ વળગતું નથી ?**

જ : જે પોતાને ધામરૂપ માની અને પોતાની વૃત્તિઓ પુરુષોત્તમની મૂર્તિને વિશે ધારે અને પુરુષોત્તમનારાયણને જ સર્વકર્તા થકા અકર્તા માને, અતિ નિર્લેપ ને જ્ઞાનાકાર દિવ્ય માને ત્યારે એવા જ્ઞાની પુરુષને કર્મફળ વળગતું નથી.

**૧૩. જ્ઞાની ભગવદ્‌ભક્તને અંત સમે કેવી અનુભૂતિ થાય છે ?**

જ : જ્ઞાની જ્યારે દેહ છોડે છે ત્યારે ભગવાન કે સંત દેખાય છે અને તેને પણ દેહની વિસ્મૃતિ તો થઈ જાય અને મૂર્છા અવસ્થા આવી જાય છે. પછી તે ભક્ત પ્રેમથી દેહને મૂકીને દેહથી જુદો થાય છે. પછી ભગવાન એ ભક્તને ભાગવતી તનુ આપે છે અને એ દિવ્ય દેહે કરીને તે ભક્ત ભગવાનના ધામને વિશે રહી સદાકાળ મહા આનંદને ભોગવે છે.

**૧૪. ગોપાળાનંદ સ્વામીએ જ્ઞાની ભક્તનું લક્ષણ કહ્યું છે તે જણાવો.**

જ : જ્ઞાની એવો જે યોગીપુરુષ જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો અને પ્રાણ દ્વારા જોવું, સાંભળવું, સ્પર્શ કરવો, ગંધ લેવો, ચાલવું, સૂવું, શ્વાસ લેવો, બોલવું વગેરે ક્રિયાઓને કરતો થકો પણ હું કાંઈ કરતો નથી પણ સર્વે ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં પ્રવર્તે છે. હું તો સર્વેથી જુદો શુદ્ધ ચૈતન્ય આત્મા છું એમ માને છે.

**૧૫. શ્રીજી મહારાજે ગોપાળાનંદસ્વામીને શી આજ્ઞા કરી હતી ?**

જ : શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે, “અમે પૂર્ણ પુરુષોત્તમ અક્ષરધામના અધિપતિ છીએ. આ બ્રહ્માંડમાં અમે પહેલી વાર આવ્યા છીએ. અમે ઘણી વખત તમને કહ્યું છે કે અમે જેવા છીએ તેવા તમે કેમ બોલતા નથી ? જ્યાં

સુધી અમારું પુરુષોત્તમપણું પ્રવર્તાવશો નહિ ત્યાં સુધી હું ધામમાં નહિ લઈ જાઉં. એ કામ પૂરું કરશો પછી જ ધામમાં તેડી જઈશ.

**૧૬. શ્રીહરિએ ગોપાળાનંદસ્વામીમાં કેવો પ્રતાપ મૂક્યો હતો ?**

જ : અનેક સંતો-ભક્તોને જેમ છે એમ શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા સમજાવી દીધો. અને અતિશય વાતો કરી તેથી મોટા-મોટા સદ્‌ગુરુઓ અને અનેક સંતો-ભક્તોના અંગ બદલાઈ ગયા. પાયામાંથી આખા જાણે નવા ઘડીને બનાવ્યા હોય એવા સ્વામીએ બનાવી દીધા.

**૧૭. બંને ચૈતન્યાનંદસ્વામીમાં શું સામ્યતા હતી ?**

જ : (૧) બંનેને ભગવાન સ્વામિનારાયણે સદ્‌ગુરુ બનાવ્યા હતા. (૨) બંને ગઢડામાં જ રહેતા હતા. (૩) એકના સેવકનું નામ બાલમુકુંદદાસ અને બીજાના સેવકનું નામ બાલમુકુંદાનંદ હતું.

**૧૮. શ્રીજીમહારાજ ધામમાં ગયા ત્યારે ગોપાળાનંદસ્વામીને પરમ ચૈતન્યાનંદસ્વામી વિષે શું કહ્યું હતું ?**

જ : શ્રીજીમહારાજે કહ્યું હતું કે, "આ પરમ ચૈતન્યાનંદસ્વામી હવે કોઈ શિષ્ય રાખતા નથી. માટે એમની વૃદ્ધ અવસ્થા થાય ત્યારે એક સેવક રાખી એની સેવા કરાવજો."

**૧૯. પરમ ચૈતન્યાનંદસ્વામીએ ૬૦ જોડ ચરણારવિંદ જ્યારે ગોપાળાનંદસ્વામીને આપ્યા ત્યારે ગોપાળાનંદસ્વામીએ તે ચરણારવિંદનું શું કર્યું ?**

જ : ગોપાળાનંદસ્વામીએ એમાંથી ૩૦ જોડ ચરણારવિંદ ગોપીનાથજી મહારાજના મંદિરમાં આપ્યાં. ૧૦ જોડ બાલમુકુંદદાસજી સ્વામીને આપ્યાં. અને ૨૦ જોડ ગુણાતીતાનંદસ્વામીને આપીને કહ્યું કે, " જૂનાગઢ મંદિરની સુખશૈયામાં પધરાવજો.

**૨૦. જૂનાગઢ મંદિરમાં શિવ પધરાવવા પાછળનો ભગવાન સ્વામિનારાયણનો શું હેતુ હતો ?**

જ : જૂનાગઢ મંદિરમાં નાગર બ્રાહ્મણો ખૂબ દર્શન કરવા આવતા. અને શિવજી ભગવાનના સગુણ અવતાર છે અને મોટા છે. અને જ્યારે નાગરો દર્શન કરવા આવે ત્યારે દર્શન કરી એમને ગુણ આવે કે, વાહ

મારા ભોળાનાથ, પાર્વતીના પતિ બેઠા છે. આમ નાગરોનું સારું થાય, કલ્યાણ થાય એવો શુભ હેતુ હતો.

**૨૧. શ્રીજી મહારાજ વખતના સંતો-ભક્તો રાગ-દ્વેષથી પર હતા તે શાના આધારે કહી શકાય ?**

જ : એ સંતો-ભક્તોને (૧) પ્રગટ પુરુષોત્તમનો સ્વીકાર હતો. (૨) પ્રગટ પુરુષોત્તમના આશ્રિતોનો સ્વીકાર હતો. (૩) પ્રગટ પુરુષોત્તમની કૃતિઓ (શાસ્ત્રો)નો સહર્ષ સ્વીકાર હતો અને સંતો-ભક્તો એકબીજાને પરસ્પર બિરદાવી શકતા હતા. તેથી કહી શકાય તેઓ રાગ-દ્વેષથી પર હતા.

**૨૨. ગોપાળાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને કયા બે પ્રશ્નો પૂછ્યા ? અને તેનો જવાબ તેમણે શું આપ્યો ?**

જ : ગોપાળાનંદ સ્વામી કહે, (૧) "તમે ધ્યાન કેવી રીતે કરો છો ? (૨) ધ્યાન કર્યા પછી ક્રિયા વખતે ભગવાનમાં કેવી રીતે વૃત્તિ રાખો છો ?" ત્યારે સિદ્ધાનંદ સ્વામી કહે, "ધ્યાનમાં હેતે કરી જોડાઉ ત્યારે વૃત્તિ બરાબર રહે છે. પરંતુ ક્રિયા કરું ત્યારે જેટલી વૃત્તિ રહે તેટલી રાખું છું, બહુ નથી રહેતી."

**૨૩. ગોપાળાનંદસ્વામીના મતે શું કરવાથી મૂર્તિ નવી ને નવી રહે અને સુખ બહુ આવે ?**

જ : (૧) ઇન્દ્રિયો-અંતઃકરણ અને જીવની વૃત્તિઓ એકાગ્ર થઈને ભગવાનની મૂર્તિ વિશે લીન થાય તો મૂર્તિ નવી ને નવી રહે અને સુખ બહુ આવે.

**૨૪. પોતે ખરાબ દેશકાળ સેવ્યા કોને કહેવાય ?**

જ : (૧) અયોગ્ય પંચવિષયનો યોગ થાય. (૨) આપણા નિયમ ધર્મથી વિરુદ્ધ પંચવિષયનો યોગ થાય. (૩) અને આપણે ત્યાં ઉભા રહી, તેને આવકારી તેનો લાભ લઈએ ત્યારે પોતે ખરાબ દેશકાળ સેવ્યા કહેવાય.

**૨૫. ધ્યાન કરતાં પહેલાં શું વિચારવું જોઈએ ?**

જ : ધ્યાન કરતાં પહેલાં જે કાંઈ સેવા-ક્રિયા કરી હોય તેનો ફેર ઉતારી દેવો જોઈએ. તે કેમ ? તો હું શુદ્ધ, ચેતન એવો આત્મા છું આ કોઈ ક્રિયા

મેં કરી જ નથી, ક્રિયા અને સંકલ્પ મારાથી ભિન્ન છે, મારામાં અખંડ મહારાજ બિરાજ્યા છે. આમ આત્મા-પરમાત્માનો વિચાર કરી, ક્રિયાનો ફેર ઉતારી પછી ભગવાનના ધ્યાનમાં જોડાવું.

**૨૬. ધ્યાન કરીને થોડો હરુંફરું પછી સુખ આવે. - સિદ્ધાનંદસ્વામીની આ વાતથી પૂ.ગુરુજી આપણને શું સમજાવે છે ?**

જ : જીવ ભગવાનને પામવા માટે કાંઈક સાધન કરતો હોય તેમાં પણ માન મળે એવી ઈચ્છા તો રાખે જ છે. જીવે કાંઈક ધ્યાન-ભજન-ચાંદ્રાયણ આદિક કર્યું હોય તેના કોઈક પાસેથી થોડાક વખાણ સાંભળે પછી સુખ આવે. માટે આપણે જે કાંઈ કરવું તે કેવળ ભગવાનને રાજી કરવા જ કરવું પછી કોઈ વખાણે કે ન વખાણે.

**૨૭. આપણા કલ્યાણની બાબતમાં આધુનિક ટેકનોલોજીનો ફાયદો-ગેરફાયદો શું છે તે જણાવો.**

જ : આધુનિક ટેકનોલોજીથી જે વાત કથામાં આવી હોય અને આપણને ન સમજાણી હોય તો વારેવારે સાંભળીને આપણે તે વાતની જલ્દીથી દૃઢતા કરી શકીએ છીએ. અર્થાત્ આધુનિક ટેકનોલોજીનો સવળો ઉપયોગ વધુ ને વધુ કરીએ તો સડસડાટ કલ્યાણ થાય. અને આ જ ટેકનોલોજીનો ન જોવાનું જોવામાં, ન સાંભળવાનું સાંભળવામાં દુરુપયોગ કરીએ તો સડસડાટ વહેલામાં વહેલા નરકમાં જવાય છે.

**૨૮. અજ્ઞાનને કારણે આપણે કઈ કઈ પરિસ્થિતિમાં આપણું આપણાપણું છોડી શકતા નથી અને ભગવાનનું ભગવાનપણું સ્વીકારી શકતા નથી ?**

જ : (૧) અંદરથી આત્મા કહે કે તું ભૂલમાં છો. (૨) અંદરથી પરમાત્મા ટોર્ચરીંગ કર્યા કરે. (૩) પોતાની ભૂલો પડે એવી ઘટના ઘટે. (૪) પોતાની ભૂલ પડી હોય એવા સ્વપ્ના આવે. (૫) ભગવાન કોઈકના મુખેથી બોલીને ઝબકારો કરાવે તોપણ આપણાપણું છોડી ભગવાનપણું સ્વીકારી શકતા નથી.

**૨૯. મગ-હીરાના દૃષ્ટાંત વડે મોક્ષમાર્ગની આપણી વાસ્તવિકતા સમજાવો.**

જ : આપણે બે હાથમાં (સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિ, માનરૂપી) માયારૂપી મગની

મુઠ્ઠી વાળી છે. અને મહારાજરૂપી હીરા પણ હાથમાં જોઈએ છે. તે મગની મુઠ્ઠી ખોલ્યા વગર હીરા હાથમાં આવે નહીં. તેમ માયા છોડ્યા વિના પરમેશ્વર હાથમાં આવે નહીં. માયા છોડીને બે હાથ ખુલ્લા કરી માત્ર ને માત્ર પરમેશ્વરનો આશરો કરીએ તો ભગવાન આપણને મળે.

**૩૦. આપણે ભગવાનનો કેવી રીતે ઉપયોગ કરીએ છીએ ?**

જ : જ્યારે દેહ અને દુનિયા આપણા હાથમાં ન રહે, દેહ અને દુનિયાના સુખમાં જ્યારે પંક્ચર પડી જાય એટલે કે માયિક સુખમાં ભંગ પડે, અપમાન થાય, આપણું કાંઈ ચાલે એવું ન રહે ત્યારે આપણે ભગવાનનો ઉપયોગ સ્પેર વ્હીલ તરીકે કરીએ છીએ.

**૩૧. આપણે મોક્ષ માર્ગે જાગતાં રહેવાનું છે; કારણ કે ?**

જ : જ્યારે ભગવાન ચારે કોરથી સુખ આપી દે ત્યારે પૈસા, વ્યવહાર ને સત્તા, માન-મોટપ ને વિષય ને એશઆરામ કરવામાં પડી જવાય છે. પછી ભગવાનમાં લગની રહેતી નથી. મોક્ષનો ટ્રેક, જીવનધ્યેય ફરી જાય છે. અડખે-પડખે માણસો એવા આવી જાય કે જે આપણને ભગવાનને પામ્યાના તાનમાં ટકવા ન દે, બીજે ધંધે ચડાવી દે. બહુ લોકોને એવું થયું છે. આપણે એવું ન થાય એના માટે જાગતાં રહેવાનું છે.

**૩૨. સદ્. અક્ષરાનંદ સ્વામીના ગુણો ટૂંકમાં વર્ણવો.**

જ : સદ્.અક્ષરાનંદજીને શ્રીહરિનાં લીલાચરિત્રોમાં ખૂબ તાન હતું. પોતે ચરિત્રો બહુ કહેતા અને કહેરાવતા, ખૂબ ખપવાળા અને મહાન હતા. મોટા સદ્ગુરુ પાસે નિર્માની થઈ સ્વરૂપ નિષ્ઠાની દૃઢતા કરતા. શ્રીહરિનું ખૂબ માહાત્મ્ય સમજી અતિ સેવા કરતા હતા.

**૩૩. ગઢપુર મંદિરની મહંતાઈ બાબતે કયા બે સંતો ભાગ્યા અને શા માટે ?**

જ : મહંતાઈ પોતાને સોંપશે અને નથી જોઈતી એવા વૈરાગ્યના વેગથી નિષ્કુળાનંદ સ્વામી ત્યાંથી ભાગ્યા. અને પોતે ભણેલ-ગણેલ અને છતાં પોતાને મહંતાઈ નહિ મળે અને પેલા લાકડા છોલનારને મહારાજ મહંતાઈ આપી દેશે, એમ વિચારી નિર્વિકલ્પાનંદ સ્વામી રિસાઈને ત્યાંથી ભાગ્યા.

**૩૪. જીવ મોટાપુરુષથી શા માટે છેટો ભાગે છે ?**

જ : જીવને મનમાં એમ થાય છે કે, મોટાપુરુષ મને કાંઈક મારું ધાર્યું નહિ કરવા દે, મારા સંકલ્પ છે એ ભાંગી નાંખશે, મારે રહેવું છે એમ મને રહેવા નહિ દે, મારા માન-મોટપ છે એ ટાળી દેશે, મને ટૂંકો ઝાલશે, કાંઈક નિયમ આપી દેશે, મારું અપમાન કરશે; આવા બધા ભયથી ડરીને છેટો ભાગે છે.

**૩૫. આ દેહ કેવો છે તેનું વર્ણન કરો.**

જ : આ દેહ માયાનો બનેલો છે તેથી તે સતત પરિવર્તનશીલ, નાશવંત, જડ, દુ:ખરૂપ અને અતિ અશુદ્ધ, નરકરૂપ છે. ગમે તેવો સારો-રૂપાળો અને મજબૂત લાગતો હોય તોપણ તેને મરવા-જીવવાનો કોઈ ભરોસો નથી.

**૩૬. પુરુષોત્તમનારાયણને અનુભવવા શું કરવું જોઈએ ?**

જ : આ પિંડ-બ્રહ્માંડમાં ફેલાયેલી આપણી વૃત્તિઓને ત્યાંથી સંકેલીને પ્રેમથી પુરુષોત્તમની મૂર્તિના આકારે ઓતપ્રોત કરવી જોઈએ. એ સિદ્ધાંત વાત છે. અને ભગવાન એમાં મદદ કરે છે. મૂર્તિમાં જોડાયેલા રહેવું એ સાધકનું સાધન છે. એ રીતે ભગવાનને અનુભવવા.

**૩૭. જીવની નબળાઈ કઈ છે ?**

જ : જીવની નબળાઈ એ છે કે, તે ભગવાને આપેલા સારા વિચારો, સારા સ્વપ્ના, અલૌકિક દર્શન, કોઈ અલૌકિક દિવ્ય લાભ, કરેલી કૃપા વગેરેને પચાવી શકતો નથી. તેથી તે બધી અમૃત જેવી બાબત હોવા છતાં આપણા માટે કાતિલ ઝેર જેવી બની જાય છે. આ આપણા જીવની નબળાઈ છે.

**૩૮. વિચારને પામીને વૃત્તિ કઈ રીતે સંકેલાય ?**

જ : ઈન્દ્રિયો પોતપોતાના વિષયમાં જાય છે. જેમ કે, કાન શબ્દમાં, આંખ રૂપમાં, જીભ રસમાં જાય છે; તેને તે તે વિષયમાં અવશ્ય ઘટે તેટલી જવા દઈને; દેહ, ઈન્દ્રિયો-અંત:કરણ, પંચવિષય વગેરેથી પોતાને જુદો માની પોતાના આત્મસ્વરૂપ તથા ભગવદ્‌સ્વરૂપમાં રાખવી તે રીતે વૃત્તિ સંકેલી શકાય છે.

**૩૯. ગણપતરામના ગુણો જણાવો.**

જ : ગણપતરામને ગ્રામ્યવાર્તા ગમતી જ નહીં, ભગવાનની કથા-વાર્તામાં રસબસ રહેતા. તેમણે સંસારના સુખને ખોટા કર્યા હતા. તે સંસારી હોવા છતાં નિર્લોભી-નિષ્કામી હતા. તે મહારાજનો સર્વોપરી મહિમા સમજતા હતા. તેમને આત્મામાં સાક્ષાત્ પરમાત્મા દેખાતા હતા. તેમને સંતોમાં ઘણું જ હેત હતું.

**૪૦. શ્રીહરિનો મહિમા સમજવાની વિગત જણાવો.**

જ : કોટિ સૂર્યના તેજથી કોટિગણું તેજ તે વૈકુંઠના મુક્તમાં

છે; અને તેથી કોટિગણું તેજ ગોલોકના મુક્તમાં છે; અને તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરધામના મુક્તના રોમને વિશે છે; ને તે સર્વે મુક્તોનું તેજ તે અક્ષરધામના એક દેશને વિશે સમાઈ જાય છે. એવો અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વે ભેળો કરીએ તો સર્વે અવતારના અવતારી જે શ્રીહરિકૃષ્ણ પુરુષોત્તમના એક રોમના કોટિમા ભાગની બરોબર પણ નથી આવતો, એવો પુરુષોત્તમ શ્રીહરિનો મહિમા છે.

**૪૧. સ્વામિનારાયણ ભગવાનનો કયો સહજ સ્વભાવ ભીમજી ભગતે તેની લખેલી સ્વાભાવિક ચેષ્ટામાં વર્ણવ્યો છે ?**

જ : દુનિયામાં જે શ્રેષ્ઠ માણસો હોય, સજ્જન હોય, આબરૂદાર હોય, મોટા શ્રેષ્ઠીઓ અને ઈમાનદાર માણસો હોય તેની સાથે સંબંધ રાખવો, તેની સોબત રાખવી, તેમને ભેટ સોગાદ મોકલવી.

**૪૨. મૂર્તિમાં રમનાર મહામુક્ત કોને કહેવાય ?**

જ : (૧) ભગવાનનું કાર્ય ભગવાનને સોંપી દે. (૨) મહારાજનું કર્તાપણું સ્વીકારીને પુરુષોત્તમની મૂર્તિ આત્મામાં પ્રગટ કરે. (૩) તમામ ચેતના ભગવદ્ આકારે કરીને અનાદિ મહામુક્તની પદવીને પામે તેને મૂર્તિમાં રમનાર મહામુક્ત કહેવાય.

**૪૩. અજ્ઞાન કોને કહેવાય ?**

જ : (૧) જે પોતાને જ કર્તાપણે માને, (૨) મારા વગર તો ચાલે જ નહીં, (૩) બીજાથી આ કામ થઈ શકે જ નહીં, (૪) આ બધું મારું છે,

(૫) અપયશ બીજાને આપ્યા કરે અને જશ પોતે લીધા કરે, એવી દૃઢ વિચારધારા અપનાવેલી હોય એને જ સર્વથી મોટું અજ્ઞાન કહેવાય છે.

**૪૪. વચનામૃત લોયાના ૬ પ્રમાણે કેવા સાધુની સોબત કરવી ?**

જ : જે સંત પોતાને ટોક્યા કરે અને જે સ્વભાવ દેખાય તે ઉપર ખટકો રાખે અને ન ટળે ત્યાં સુધી વાત કર્યા કરે ને લલોચપો રાખે નહીં અને આપણા કલ્યાણ માટે દુ:ખ લગાડીને પણ સાચા મિત્ર તરીકે વાત કરે ને તે લોક વ્યવહારે મોટો ન કહેવાતો હોય તોપણ તેનો સંગ કરવો.

**૪૫. મોક્ષના માર્ગે ચાલેલા જીવને સાધનમાત્રનો અંત ક્યારે આવે ?**

જ : શ્રીજી મહારાજને સર્વ અવતારના અવતારી જાણવા. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરવો. પછી મહારાજની મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ કરીને સ્નેહ કરવો. મહારાજની મૂર્તિ વિના અક્ષરના સુખમાં પણ ન લેવાય ને અકળાઈ જાય. એક ભગવાનની મૂર્તિએ કરીને જ સુખી-આનંદિત રહે એવા મુક્ત થાય ત્યારે તેને સાધનમાત્રનો અંત આવે છે.

**૪૬. સ્વાભાવિક પ્રકૃતિ કેવી રીતે નાશ પામે ?**

જ : પોતાના સ્વભાવ ટળાવવા જે સત્પુરુષ વાત કરતા હોય તેના વચનને વિશે અતિશય વિશ્વાસ હોય, ઉપદેશ કરનારાની ઉપર સાંભળનારને અતિશય પ્રીતિ હોય અને તે સત્પુરુષ ગમે તેટલા દુ:ખવીને કઠણ વચન કહે તોપણ તેને હિતકારી જ માને તો તેની સ્વાભાવિક પ્રકૃતિ હોય તે નાશ પામે છે.

**૪૭. જ્યારે મનમાં સંકલ્પ-વિકલ્પનો જોરદાર વેગ હોય ત્યારે શું કરવું ?**

જ : તે વખતે મનને આધ્યાત્મિક માર્ગ બાજુ વાળવું. કેમ ? તો, આત્મા-અનાત્માનો વિચાર કરવો, ભગવદ્‌માહાત્મ્યનો વિચાર કરવો, ધામના સંકલ્પ-વિકલ્પ કરવા, ભગવાનના સંતો-ભક્તોને નિર્ગુણ જાણીને તેમનો મહિમા વિચારવો. એમ મનના સંકલ્પ-વિકલ્પને વાળવાનો પ્રયત્ન કરવો તો એ જ વેગ ભગવાનના સંકલ્પ-વિકલ્પના રૂપમાં મનને ભગવાન તરફ ખેંચશે અને તે વેગનો લાભ મળશે.

**૪૮. સંત-ભગવંતમાં અભિનિવેશ છે કે નહિ તે ક્યારે ખબર પડે ?**

જ : શ્રીજીમહારાજ તથા સત્પુરુષ તે હજારોના વ્યવહાર ધૂળમાં ભેળવી દિયે તોપણ રાજી રહેવાય ને લગારે પણ ભાવ ફરે નહીં ત્યારે દૃઢ અભિનિવેશ થયો કહેવાય.

**૪૯. સ્વામિનારાયણ મંત્રનો મહિમા જણાવો.**

જ : સ્વામિનારાયણ મંત્રનું શ્રવણ, સ્મરણ કરવાથી નીચ જાતિનો માણસ પણ યજ્ઞ કરાવે એવો પવિત્ર થાય છે. જેની જીભે સ્વામિનારાયણ મંત્રનું રટણ રહે છે. તે નિમ્ન જ્ઞાતિનો હોય તે પણ ભગવાનની ભક્તિ વિનાના ઉચ્ચ કોમના વ્યક્તિ કરતાં પણ શ્રેષ્ઠ છે. જેણે સ્વામિનારાયણ નામ લીધું તેણે જપ, તપ, ચાંદ્રાયણ, હોમ, યજ્ઞ, તીર્થમાત્ર કર્યાં છે. તે સર્વે વેદ ભણ્યો છે અને તે જ સદાચારવાળો છે.

**૫૦. અં.૧૧ પ્રમાણે વગર સમાધિએ નિર્વિકલ્પ સમાધિ જેવી શાંતિ કેમ રહે ?**

જ : જેવી પોતાના દેહને વિશે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે.

**૫૧. સ્વામીના મતે સાધુ થયા પછી પણ કઈ મોટી ખોટ રહી જતી હોય છે ?**

જ : ભગવાન મેળવવા જ ભગવો ભેખ લીધો હોય, તોપણ મેં શા માટે ઘરનો ત્યાગ કર્યો છે એ ભૂલી એકબીજાની સંસ્થા, એકબીજાનું માન-સન્માન, પૂજા-પ્રતિષ્ઠા, એકબીજાનું કોઠારીપદ, મહંતપદ, વક્તાપદ જોઈને ભગવાન મેળવવાનો માર્ગ જ ભુલાય જતો હોય છે. મગનીરામ અને ભરતજીની જેમ કેટલાય ભગવદ્ સાક્ષાત્કાર કરવાનો પોતાનો માર્ગ ભૂલી બીજે માર્ગે વળી જતા હોય છે એ મોટી ખોટ રહી જતી હોય છે.

**૫૨. માયાથી પર થવા માટે ભગવાનને કેવા જાણવા ?**

જ : આત્મા ભગવાનને માયાથી પર જાણે તો તે માયા પર થાય છે. ભગવાનને કર્તા જાણે તો પોતે અકર્તા થાય છે. ભગવાનને પૂર્ણકામ,

નિર્લેપ, અસંગી, શુદ્ધ સમજે તો પોતે એવો જ થઈ જાય છે. ભગવાનને સમજવામાં જેટલી ન્યૂનતા રહે છે તેટલો પોતે ન્યૂન રહે છે.

**૫૩. પૂ.ગુરુજીએ "યોગ ડેજા નું આધુનિક મહત્ત્વ શું જણાવ્યું છે ?**

જ : યોગનો આધુનિક ઉપયોગ દેહ સુખી રહે તથા મનની શાંતિ માટે થાય છે. પરંતુ આત્માએ સમગ્ર વાસના-દોષો ટાળી, રાગ-દ્વેષથી પર મુક્ત થઈ ભગવાનની મૂર્તિ સાથે વૃત્તિઓ એકાકાર કરવી તે જ સાચા અર્થમાં યોગનું અંતિમ તાત્પર્ય કહેવાય.

**૫૪. ભજને કરીને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહનો નાશ કેવી રીતે થાય છે ?**

જ : ભજનના ત્રણ પ્રકાર છે : ૧. જીહ્વાએ કરીને ભજન થાય તો એક સ્થૂળ દેહનો નાશ થાય. ૨. કંઠને વિશે ભગવાનનું ભજન થાય તો સ્થૂળ અને સૂક્ષ્મ બે દેહનો નાશ થાય. અને ૩. હૃદયને વિશે શ્વાસ ઉઠે છે ત્યાં ભજન કરે તો એ ભજન સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણે દેહનો નાશ કરે છે.

**૫૫. કેવી રીતે જીવવાથી આપણી કસરમાત્ર ટળી જાય છે ?**

જ : આપણે પ્રથમ અંગો અંગમાં મૂર્તિ ધારવી. આત્મામાં મૂર્તિ ધારીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરવું. હરતા-ફરતા, ખાતા-પીતા મહારાજને જ માનવા અને પોતે દૃષ્ટા થઈને મહારાજની મૂર્તિમાં મસ્ત રહેવું એવી રીતે જીવવાથી આપણી કસરમાત્ર ટળી જાય છે.

**૫૬. ભગવાનનો અતિશય મહિમા જાણે તોપણ ધર્મમાંથી મોળો ન પડે તેનો શો ઉપાય છે ?**

જ : કામ, ક્રોધ, લોભાદિક વિકારને વિશે મારી વૃત્તિ જશે તો મારે ભગવાનના ચિંતનમાં એટલો વિક્ષેપ થશે અને ભગવાનમાંથી વૃત્તિ તૂટી જશે. કુમાર્ગ થકી અતિશે જ ડરતો રહે અને અધર્મને વિષે કોઈ કાળે પ્રવર્તે જ નહીં. એવી રીતે સમજે તો તે ધર્મમાંથી કોઈ કાળે પડે નહીં.

**૫૭. ગોપાળાનંદસ્વામીએ સાધુ થવા માટે શું કર્યું ?**

જ : એકવાર ગોપાળાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે, "મને સાધુ કરો." ત્યારે મહારાજ કહે, "બ્રાહ્મણપણાનું અભિમાન જાશે ?" ત્યારે ગોપાળાનંદ

સ્વામીએ હાથે કરીને પોતાની જનોઈ તોડી નાંખી અને બોલ્યા, "લ્યો મહારાજ, આ નાત-જાતનું અભિમાન મૂક્યું. હવે સાધુ કરો." ત્યારે મહારાજ કહે, આ તો સદ્.રામાનંદસ્વામી પાસે અમે કર્યું હતું, તેમ તમોએ પણ કર્યું. માટે તમે ખરા ગુરુનિષ્ઠ છો."

**૫૮. ભગવાનમય કેવી રીતે બનીશું ?**

જ : ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં જોડાયેલા ગોપાળાનંદસ્વામી આદિ નંદસંતો તથા પર્વતભાઈ વગેરે નિષ્ઠાવાન હરિભક્તો તથા મોટીબા વગેરે બહેનો એ સર્વેએ જેવા મહારાજને ઓળખ્યા હતા. તેઓ જેમ આજ્ઞામાં વર્ત્યા હતા, તેણે જેમ ભગવાનને સર્વસ્વ અર્પણ કર્યું હતું અને તેઓ જેમ મહારાજમય બન્યા હતા, તે જ રીતે સમજી-વિચારી-વર્તીને આપણે પણ ભગવાનમય બની શકીશું.

**૫૯. જીવ પરમેશ્વરને ક્યારે પામે છે ?**

જ : પોતે સંકલ્પ કરે કે મારે મારું કલ્યાણ કરવું છે. ગર્ભવાસ, લખચોરાશી, જન્મ-મરણ વગેરેમાં રખડવું નથી. મારે મારો આત્મા પરમેશ્વર સાથે જોડવો છે, ભગવાનના પરમદાસ થવું છે, ભગવાનના ધામમાં ભગવાનના સુખમાં રહેવું છે. એવો ઠરાવ કરી હૃદયમાં આંટી પાડે અને પછી મોટા પુરુષનો સમાગમ કરી એની પાસેથી જ્ઞાનવાર્તા શીખે. એમ કરતા ભગવાનના ધ્યાન-ભજને કરીને જીવ પરમેશ્વરને પામે છે.

## ❋ નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.

**૧. ધ્યાન કઈ રીતે કરવું તે જણાવો.**

જ : જેને ભગવાનનું ધ્યાન કરવું હોય તેમણે...

૧. પ્રથમ આસન સિદ્ધ કરીને બેસવું.

૨. નાસિકાગ્રે દષ્ટિ રાખવી અને પોતાનાં શ્વાસઉચ્છવાસને જોયા કરવા.

૩. શુભ કે અશુભ કોઈ સંકલ્પ ન કરવો.

૪. હૃદયની વચ્ચે આત્મામાં જોઈ રહેવું.

૫. પછી ભગવાનનું માહાત્મ્ય સમજીને મૂર્તિ સામું જોઈ રહેવું.

**૨. દેહ, અંતઃકરણ ને આત્માનું શૌચ કઈ રીતે છે તે સમજાવો.**

જ : ૧. **દૈહિક શૌચ** : દેહે કરીને સ્નાન કરવું-પવિત્ર રહેવું તે.

૨. **અંતઃકરણનું શૌચ** : મનમાં કામ-ક્રોધાદિકનો ઘાટ ન થવા દેવો એ મનનું શૌચ છે. ચિત્તથી ધર્મ વિરુદ્ધ કોઈને દુઃખ થાય એવું ચિંતન ન કરવું તે ચિત્તનું શૌચ. દાનનો, શરીરનો, રૂપનો, નાત-જાત આદિ બીજો કોઈ અહંકાર ન કરવો અને હું ભગવાનનો સેવક છું, દાસ છું આવું અભિમાન રાખવું એ અહંકારની શુદ્ધિ છે.

૩. **આત્માનું શૌચ** : સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી જુદો હું આત્મા છું, બ્રહ્મ છું, ભગવાનને રહેવાનું અક્ષરધામ છું એવું જ્ઞાન રાખવું. ને જીવમાં અવ્યક્ત રાગ છે તેને ટાળવા ને એક ભગવાન વિના બીજી કોઈ જાતની ઈચ્છા ન રહે, ત્યારે એમ જાણવું જે એ જીવનું શૌચ છે.

**૩. પ્રેમજીએ માયામાંથી બચવા માટે કયા પાંચ ઠરાવ નક્કી કર્યા હતા ?**

જ : ૧. હંમેશાં રાત્રે નીચે પથારી કરીને હાથમાં માળા લઈ ભજન કરવું.

૨. સ્ત્રીને અડવું જ નહીં.

૩. કોઈ દિવસ સ્ત્રી સામે જોવું નહીં.

૪. જરૂરી કામ સિવાય સ્ત્રી સાથે બોલવું નહીં.

૫. દિવસે ખેતી કામ કરીને રાત્રે ભજન કરવું.

**૪. ગોપાળાનંદસ્વામીના મતે દુર્લભમાં દુર્લભ કઈ સાત વસ્તુ છે ?**

જ : ૧. ભગવાનના સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન, ૨. તેલધારાવત્ ભગવાનમાં અખંડવૃત્તિ, ૩. ગમે તેવા સુખ-દુ:ખમાં પણ ભગવદ્આશ્રયમાં ડગમગાટ ન થવા દેવો. ૪. ભગવાનનો દૃઢ વિશ્વાસ, ૫. અનુવૃત્તિ, ૬. ગોપીઓના જેવી પ્રીતિ ૭. ઉપરની છ વાતને આત્મસાત્ કરવાની તીવ્ર શ્રદ્ધા.

**૫. ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણો જણાવો.**

જ : ૧. તે સત્પુરુષને ઓળખી કાઢે. ૨. સત્પુરુષ ઓળખ્યા પછી એને મન સોંપી દે. ૩. સત્પુરુષના સમાગમને અર્થે સર્વે પ્રકારની ભીસણ ખમે. ૪. કોઈ ઉત્તમ વિષયને વિશે લોભાવવાનો પ્રયત્ન કરે તોપણ ન ફસાય. ૫. ધર્મ-જ્ઞાનાદિક સાધનને દેશકાળ વિષમ થાય તોપણ મૂકે નહીં. ૬. આત્મા-અનાત્માનો વિચાર કરે અને સત્તારૂપ થઈને ધ્યાન કરે.

**૬. સ્થૂળ તપ અને સૂક્ષ્મ તપ વિગતવાર સમજાવો.**

જ : **સ્થૂળ તપ :** દેહ યુવાન અવસ્થામાં હોય ત્યારે વ્રત-ઉપવાસાદિકે કરીને દેહને બળહીન કરી નાંખવો અને શરીરમાં બળ ન હોય ત્યારે વિહીત ભોગનો સંકોચ કરવો અને શીત-ઉષ્ણાદિકનું સહન કરવું તેને સ્થૂળ તપ કહેવાય.

**સૂક્ષ્મ તપ :** ઈન્દ્રિયો, અંત:કરણ અને જીવ એ સર્વને એકાગ્ર કરીને ભગવાનને વિશે અખંડવૃત્તિ રાખવી તે સૂક્ષ્મ તપ છે.

**૭. જીવાત્માના પ્રકાર અને તેના લક્ષણ જણાવો.**

જ : જીવાત્માના ચાર પ્રકાર છે. ૧) પામર ૨) વિષયી ૩) મુમુક્ષુ ૪) મુક્ત.

**પામર જીવાત્માનાં લક્ષણો:-** વિષયને મૂઢપણે ભોગવે પણ સાર-અસારને, પાપ-પુણ્યને, સત્ય-અસત્યને, ધર્મ-અધર્મ તેમજ ન્યાય-અન્યાયને જાણે નહિ તે પામર. **વિષયી:-** શાસ્ત્રમાં જેવી રીતે વિષયને ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે ભોગવે અને એમ જાણે જે આવી રીતે વિષયને ભોગવીશું તો પરલોકમાં સ્ત્રીયાદિક વિષયને પામીશું. **મુમુક્ષુ:-** ધર્મ પાળવો તથા જ્ઞાન, વૈરાગ્ય શીખીને સંસારથી મુકાય અને પોતાના આત્માને તથા ભગવાનને પમાય એવી મનને વિશે ત્વરા વર્તે તથા આત્માને પામવાનાં સાધન કહ્યાં

હોય તેને શીખે. તેમજ ભગવાનને પામ્યાના સાધન શીખીને ભગવાનને રાજી કર્યાની મનમાં તીવ્ર ઈચ્છા વર્ત્યા કરે તથા ભગવાનની માહાતમ્યે સહિત ભક્તિ કરવાની મનમાં તીવ્ર ઈચ્છા વર્ત્યા કરે તે મુમુક્ષુ.

**મુક્ત :-** જે દેહ-ઈન્દ્રિયાદિકને તથા પંચવિષયને તથા ત્રણ દેહ, ત્રણ ગુણ, અને ત્રણ અવસ્થાને ગણે જ નહીં. ને તે સર્વેની ક્રિયાને પોતે દાબીને વર્તે પણ એકેયને વિશે પોતે દબાય નહીં. દેહનો કુસંગ, સત્સંગનો કુસંગ અને બહારનો કુસંગ તેને અડી શકે નહિ ને સર્વેને દાબીને પંડે સાવધાન વર્તે તે મુક્ત.

૮. **ગોપાળાનંદ સ્વામીના મતે ધીરજ ધારણ કરતા કેટલા પ્રકારના ભક્તો છે ? તે કેમ કરીને ઓળખાય ?**

જ : ૩ પ્રકારના ભક્તો છે. ૧. જેને ઉત્તમ આત્મજ્ઞાને સહિત ભક્તિ હોય તેને ઉત્તમ ધીરજવાળો ભક્ત કહેવાય. ૨. જેને મધ્યમ આત્મજ્ઞાને સહિત ભક્તિ હોય તેને મધ્યમ ધીરજવાળો ભક્ત કહેવાય. ૩. જેને થોડા આત્મજ્ઞાને સહિત ભક્તિ હોય તેને કનિષ્ઠ ધીરજવાળો ભક્ત કહેવાય.

આ ત્રણ પ્રકાર નીચે પ્રમાણે ઓળખાય છે :

૧. પહેલા વિચારે ને પછી ક્રિયા કરે તે ઉત્તમ ભક્ત. ૨. ક્રિયા કરતાં વચ્ચે વિચારે તે મધ્યમ ભક્ત. ૩. ક્રિયા થયા પછી વિચારે તે કનિષ્ઠ ભક્ત.

૯. **કેવા છ લક્ષણે યુક્ત સાધુની સેવા કર્યાથી સાક્ષાત્ ભગવાનની સેવા કર્યાનું ફળ મળે છે ? ને તેના દ્રોહથી ભગવાનનો દ્રોહ થાય છે ?**

જ : ૧. પ્રથમ મોટું લક્ષણ એ કે ભગવાનને ક્યારેય નિરાકાર ન સમજે. સદાય દિવ્ય સાકાર મૂર્તિ જ સમજે. ૨. ભગવાનની એકાંતિક ભક્તિ તેને પોતે કરતો હોય ને એ ભગવાનનું જે નામ સ્મરણ ને કથા-કીર્તન આદિ તેને કોઈ કરતા હોય તેને દેખીને રાજી થાય. ૩. ભગવાનના ભક્તમાં રહેવું હોય ને તેમાં કોઈ સ્વભાવ આડો આવે, તેને મૂકે પણ ભગવત્‌ભક્તના સંગનો ત્યાગ ન કરે. ૪. જે જે કાંઈ સારું પદાર્થ પોતાને પ્રાપ્ત થાય તેને ભગવાનના ભક્તને આપીને રાજી થાય. **૫.**

ભગવાનના ભક્તના સમૂહમાં રહેતો હોય તો એની કોરનું એમ ન થાય કે, આ તો કેટલાય વર્ષો ભેળો રહ્યો પણ એના અંતરનો તાગ આવ્યો નહીં ને આ તો કોણ જાણે કેવોય હશે ? એવો સરળ સ્વભાવ હોય. ૬. શાંત સ્વભાવવાળો હોય પણ કુસંગીની સોબત ગમે નહીં ને તે થાય તો તપી જાય.

**૧૦. લાઠીદડના જેરાજ પટેલનું દારિદ્રય કેવી રીતે દૂર થયું તે સમજાવો.**

જ : (૧) સદ્.ગોપાળાનંદસ્વામીની આજ્ઞાથી સિદ્ધાનંદસ્વામી વિવિધ સ્થળે મંદિરો બાંધતા હતા. (૨) લાઠીદડ ગામમાં મંદિર બાંધતી વખતે એક હરિભગત જેરાજ પટેલ જે વ્યવહારે બહુ ગરીબ હતા. તે પોતે ગાડી, બળદ લઈ મંદિરે સેવામાં પહોંચ્યા. (૩) ચોમાસાની ઋતુમાં બીજા પટેલોએ વાવણી કરી પરંતુ જેરાજ પટેલ વાવી શક્યા નહીં. (૪) સિદ્ધાનંદસ્વામીને આ વાતની જાણ થતાં જેરાજ ભાઈને બોલાવ્યા અને કહ્યું, " વાવણી જતી રહી ને તું વાવવા ન ગયો." ભગત બોલ્યા, "ના, સ્વામી ! હું જાઉં તો સેવા કોણ કરે ?" સ્વામી કહે, "કાંઈ વાવ્યું નહિ તો પછી તું ખાઈશ શું ? " ભગત કહે, "તમે કહો તેમ કરું." સ્વામી કહે, "તલ વાવી દે જા." પછી સ્વામીની આજ્ઞાથી તલ વાવ્યા. તે જમાનામાં ૬૦૦ મણ તલ થયા. આવી રીતે પછીનાં વર્ષોમાં પણ ખેતીમાં સારો પાક થવા લાગ્યો. સ્વામીની કૃપાથી તેઓનું દારિદ્ર ગયું અને તેઓ મોટા આસામી બન્યા.

**૧૧. સત્સંગ પાક્યો કોને કહેવાય ?**

જ : જ્યારે ચારેકોરથી સુખ હોય, ચારેકોર આપણી બોલબાલા બોલતી હોય, સૌ આપણામાં આકર્ષાઈને પ્રેમ આપતા હોય, સૌ આપણો પડ્યો બોલ જીલતા હોય, કોઈ વિરોધ ન હોય, કોઈ અપમાન-તિરસ્કાર ન હોય, શરીરમાં કોઈ રોગ ન હોય, માનસિક કોઈ મૂંઝવણ ન હોય આવી સુવર્ણ તકમાં પણ અખંડ ભગવાન પાસે જવાની ઈચ્છા થાય, ભગવાનમાં ખોવાઈ જવાની, પ્રેમ કરીને લથબથ આનંદ માણવાની ઈચ્છા થાય એનું નામ સત્સંગ પાક્યો કહેવાય.

**૧૨. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ બ્રહ્મચર્યવાળાનાં લક્ષણ જણાવો.**

જ : **ઉત્તમ બ્રહ્મચર્ય** : (૧) જે ત્રણે અવસ્થામાં બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીઓને દેખે, પણ મનમાં રાગ ન થાય ને સ્વપ્નમાં પણ વીર્યપાત ન થાય; એવો જે હોય તેને ઉત્તમ બ્રહ્મચર્યવાળો કહેવાય. (૨) ને મધ્યમ બ્રહ્મચર્ય તો એ જે, ત્રણે અવસ્થામાં ત્રણ પ્રકારની સ્ત્રીઓને દેખે પણ રાગ તથા ભોગબુદ્ધિ તો ક્યારેય પણ ન થાય, પણ ક્યારેક રજોગુણને જોગે કરીને સ્વપ્નને વિશે યુવાન સ્ત્રીને દેખે, તો કોઈ સમે મનમાં રાગ લગારેક થાય ને વીર્યપાત તો તેને ત્રણે અવસ્થામાં ન થાય; એવો જે હોય તેને મધ્યમ બ્રહ્મચર્યવાળો કહેવાય. (૩) જે જાગ્રતમાં તો એ ત્રણે પ્રકારની સ્ત્રીઓને દેખે પણ રાગ ન થાય, પણ સ્વપ્નને વિશે એ ત્રણે પ્રકારની સ્ત્રીઓને દેખીને રાગ થાય ને કોઈક સમે વીર્યપાત પણ થાય; તેને કનિષ્ઠ બ્રહ્મચર્યવાળો કહેવાય.

**૧૩. ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત પક્વ થાય તેનાં સાધન જણાવો.**

જ : ૧. મનમાં અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી. ૨. ભગવાનનો મહિમા અતિ દૃઢ કરવો. ૩. આત્મનિષ્ઠા અતિ પરિપક્વ કરવી. ૪. ઇન્દ્રિયો- અંતઃકરણને જીતીને પોતાને વશ કરીને તે થકી અતિ વિરક્ત રહેવું. ૫. દિવસે સૂવું નહીં, અર્ધી રાત ગયા પછી સૂવું; તે પણ હરણની પેઠે ફડકો રાખીને સૂવું એમાં પણ જાગી જવાય પછી સૂવું નહીં. ૬. બેસવું ત્યારે આસન વાળીને બેસવું તથા એક જગ્યાએ બેસવું. ૭. પ્રયોજન વિના જ્યાં ત્યાં ફરવું નહીં. ૮. રસના ઇન્દ્રિયને જીતવી. આ ઉપાયોને અતિ દૃઢ કરે તો ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત સિદ્ધ થાય.

**૧૪. ગોપાળાનંદસ્વામીના મતે કેમ કરીએ તો મૂર્તિનું સુખ ને દર્શન ક્યારેય મટે નહિ તે જણાવો.**

જ : ભક્ત જ્યારે રજ, તમ અને સત્વ જે માયાના ત્રણ ગુણ તથા દસ ઇન્દ્રિયો, ચાર અંતઃકરણ અને પંચભૂત અને પંચવિષય આ એકાવનનું ટોળું સર્વે થકી પોતાના આત્માને જુદો સમજે; અને પછી પ્રતિલોમપણે ધ્યાન કરે, પછી જે બહાર ભગવાનની મૂર્તિને દેખી છે, તે મૂર્તિને

આત્માને વિશે જોવે. પછી એવું ને એવું ધ્યાન પાંચ વર્ષ સુધી કરે ત્યારે એ મહારાજની મૂર્તિ જેવી બહાર દેખી છે એવી ને એવી આત્માને વિષે દેખાય પછી એ મૂર્તિ આત્માને વિશે સદાય દેખાયા કરે. પછી એ સુખ ને દર્શન ક્યારેય મટે નહીં.

**૧૫. પરમ ચૈતન્યાનંદસ્વામી ગોપાળાનંદસ્વામીની કઈ કસોટીમાંથી પાર ઉતરી તેમના વિશ્વાસુ બન્યા ?**

જ : એક દિવસ ગોપાળાનંદસ્વામી સવારના પહોરમાં વાતો કરવા બેસી ગયા. ત્યાં સદ્‌ગુરુ પરમચૈતન્યાનંદ સ્વામી બેસવા ગયા. ત્યારે ગોપાળાનંદસ્વામીએ આસન નાંખી બેસાડ્યા. પછી ચૈતન્યાનંદસ્વામીના મનમાં એમ થયુ કે, હું સ્વામીની પૂજા કરું. પછી એમના સેવકને ઈશારો કર્યો. ત્યારે બાલમુકુંદદાસજીસ્વામી હાર ને ચંદન લાવ્યા. પછી ચૈતન્યાનંદસ્વામી ઉભા થયા અને ગોપાળાનંદસ્વામીને ચાંદલો કરી પૂજા કરવા માંડ્યા. ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું કે, “તમારે અત્યારે પૂજા કરવાનું શું કામ છે ? અત્યારે તો વાતો સાંભળવી.” પછી પરમ ચૈતન્યાનંદસ્વામી પૂજા કરતા રહી ગયા એટલે પૂજા પૂરી થઈ નહીં. પછી પોતાને આસને જઈને બેઠા. પછી પરમ ચૈતન્યાનંદસ્વામી પાછા ગોપાળાનંદસ્વામી પાસે વાતો સાંભળવા આવ્યા. પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા, “સ્વામી, તમે કાલે પૂજા કરવા આવ્યા ને અમે તમને ના પાડી તો તમને કાંઈ દુઃખ લાગ્યું ?” ત્યારે પરમચૈતન્યાનંદસ્વામી બોલ્યા, “હે સ્વામીન્, કાલે તમે મને પૂજા કરવાની ના પાડી એમાં મને કાંઈ દુઃખ લાગ્યું નથી.” આમ ગોપાળાનંદસ્વામીને વિશ્વાસ આવી ગયો કે હું કાંઈ પણ કહું તો તેમને દુઃખ લાગે તેમ નથી.

**૧૬. ગોપાળાનંદસ્વામીએ પરમચૈતન્યાનંદસ્વામીને કયો પ્રશ્ન પૂછ્યો ?**

જ : ગોપાળાનંદસ્વામીએ પરમચૈતન્યાનંદસ્વામીને પૂછ્યું, “તમે મહારાજ ભેગા ઘણાં વર્ષો રહ્યા છો. અને મહારાજને ગમે તેમ સેવા કરીને મહારાજને તમે ઘણી વાર રાજી કર્યા છે. અને તમને ગામ આદરજમાં સદ્. શ્રીમુક્તાનંદસ્વામી આદિ ત્રણ સંતોની વચ્ચે બેસાડીને તમારી આરતી

ઉતારી એટલી શ્રીજીમહારાજે આ સત્સંગમાં મોટપ આપી હતી. પણ એનું આજ કાંઈ તમને સુખ છે ? તમારા આત્મામાં કાંઈ મહારાજ દેખાય છે ?”

**૧૭. કયા શાસ્ત્રોને સાંભળવા ને ભણવા અને કયા શાસ્ત્રોને ન સાંભળવા ને ન ભણવાની મહારાજે આજ્ઞા કરી છે ?**

જ : જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તથા ભગવાનના અવતારનું નિરૂપણ ન હોય, અને તે ગ્રંથ શુદ્ધ વેદાંતના હોય, ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય, ને તે ગ્રંથ સુધા બુદ્ધિ વાનના કરેલા હોય તોપણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા પણ નહિ ને સાંભળવા પણ નહીં. અને જો રણછોડ ભક્તના જેવાં કીર્તન જ હોય ને તેમાં ભગવાનની મૂર્તિનું વર્ણન હોય તો તેને ગાવવા ને સાંભળવા તથા એવી રીતના જે ગ્રંથ હોય તેને ભણવા ને સાંભળવા.

**૧૮. બાલમુકુંદાનંદ સ્વામીનો જન્મ ક્યાં થયો હતો અને એમને શામળિયા ચૈતન્યાનંદસ્વામીનો મેળાપ કેવી રીતે થયો હતો ?**

જ : બાલમુકુંદાનંદ સ્વામીનો જન્મ ભાવનગર જીલ્લાના ઉમરાળા ગામમાં થયો હતો. તેમનું નામ હતું બળદેવ. નાનપણથી જ તેઓ અતિશય મુમુક્ષુ કૃષ્ણ ભક્ત હતા. નાના એવા બાલમુકુંદની સેવા કરતા હતા. એક દિવસ સત્સંગ વિચરણ કરતા કરતા શામળીયા ચૈતન્યાનંદસ્વામી ઉમરાળા ગામમાં ગયા. એ વખતે યુવાન અવસ્થાવાળા બળદેવને ખૂબ આશ્ચર્ય થયું. રાત્રે સ્વપ્નમાં ભગવાન બાલમુકુંદે દર્શન આપ્યા અને કહ્યું, “તું નિત્ય જે પરમાત્માનાં દર્શન કરવાની ઇચ્છા રાખે છે એ પરમાત્માની પ્રાપ્તિ કરાવે એવા સંત આજ ઉમરાળા ગામમાં આવ્યા છે. માટે તું સ્વામિનારાયણના એ સંતની પાસે જા અને એમનું શરણું ગ્રહણ કર, તારો ઉદ્ધાર થઈ જશે.” એવું કહીને બાલમુકુંદજી અદૃશ્ય થઈ ગયા. બીજા દિવસે પૂજાપાઠ કરી શામળીયા ચૈતન્યાનંદસ્વામીએ જ્યાં ઉતારો કર્યો હતો ત્યાં પહોંચી ગયા ને સ્વામીનાં દર્શન કર્યાં. આવી રીતે મહારાજે એમનો મેળાપ કરાવ્યો હતો.

**૧૯. બોરવીયાળી ગામના બે પટેલ ખરીદી કરવા માંગરોળ ગયા હતા ત્યારનો પ્રસંગ વર્ણવો.**

જ : બોરવીયાળી ગામના બે પટેલ ખરીદી કરવા માંગરોળ ગયા હતા. ત્યારે ભગવાન સ્વામિનારાયણ એક ભક્તને ઘેર થાળ જમવા જઈ રહ્યા હતા. ત્યારે દુકાનદાર વાણીયાએ એવું કહ્યું, "તમે માથા પર ઓઢીને બેસી જાવ. આ સ્વામિનારાયણ નીકળ્યા છે. એમની પર નજર પડી ગઇ કે એમની નજર આપણી સાથે મળી ગઇ તો તમે મડદા જેવા થઈ જશો." પછી પટેલ માથા પર બાંધવાનું કપડું હતું તે ઓઢીને બેસી ગયા. ભગવાન સ્વામિનારાયણ આગળ ગયા ત્યારે પટેલે વાણીયાને પૂછ્યું, "આ બધામાં સ્વામિનારાયણ કોણ છે ?" ત્યારે વાણીયાએ કહ્યું, "આ બધાની વચ્ચે જે પાતળા છે તે સ્વામિનારાયણ છે." એમ પાછળથી સ્વામિનારાયણ ભગવાનનું દર્શન થયું. પછી જ્યારે એ લોકોને સત્સંગ થયો ત્યારે જાણવા મળ્યું કે જેનાં દર્શન ન થાય એ માટે અમે માથા પર ઓઢીને બેસી ગયા હતા એ જ પોતે પરમાત્મા છે.

**૨૦. શું કરવાથી મૂર્તિમાં અખંડવૃત્તિ રહે ? અથવા ધ્યાન કરવામાં કોઈ વિઘ્ન ન થાય તેવો ઉપાય કહો.**

જ : (૧) જાણી જોઈને અશુભ દેશકાળ સેવવા નહીં.(૨) કદાચ દેશકાળ ખરાબ આવી જાય તો દેહથી નોખો જે આત્મા તેનું અનુસંધાન રાખવું. (૩) પછી પરમાત્માનું મનન કરવા માંડવું જેથી વૃત્તિ મૂર્તિમાં જ રહે. (૪) એટલે તેને દેશકાળ પરાભવ કરે નહિ અને (૫) રજ-તમ આવે નહીં, સત્ત્વનું પ્રધાનપણું રહે.(૬) જ્યાં સત્ત્વ હોય ત્યાં મહારાજનું સ્મરણ સરળ બને છે. આમ વર્તાય તો મૂર્તિમાં અખંડવૃત્તિ રહે અને ધ્યાનમાં કોઈ વિઘ્ન ન થાય.

**૨૧. ગોપાળાનંદસ્વામીના મતે ધ્યાનની વાતો ટૂંકમાં સમજાવો.**

જ : (૧) મુમુક્ષુએ જાણી જોઈને અશુભ દેશકાળ સેવવા જોઈએ નહીં.(૨) સારા દેશકાળ અને સ્વચ્છ અંતઃકરણ હોય તો સરળતાથી મૂર્તિમાં જોડાવાય. (૩) મૂર્તિમાં જોડાતા પહેલાં ક્રિયાનો ફેર ઉતારી દેવો; જે મેં આ ક્રિયા

કરી જ નથી, ક્રિયા કે સંકલ્પથી હું જુદો શુદ્ધ, ચેતન એવો આત્મા છું અને મારામાં અખંડ મહારાજ રહેલા છે. આમ વિચારી ધ્યાન કરવા બેસવું. (૪) જો ખરાબ દેશકાળ આવે તો મહારાજની સ્મૃતિ તો રાખવી જ પરંતુ આત્મવિચાર પણ કરવો. તેથી રજ-તમ ટળી જાય અને સત્ત્વગુણ વર્તે. જેથી તરત મૂર્તિમાં જોડાવાય.(૫) રજ-તમનો ઘાટ થઈ આવે, ને આત્માવિચારથી શાંત ન થાય તો સચેત થાવું. ને (૬) ધ્યાનમાંથી બહાર આવી વૃત્તિને બાહ્ય મૂર્તિ સુધી લઈ જવી એ બાહ્ય મૂર્તિને ૧૦ ઇન્દ્રિયો અને ૪ અંતઃકરણ સાથે યોગ કરાવી ધીરેધીરે આત્મામાં હોમવી. (૭) માત્ર સાંભળવાથી નહિ પણ સતત ધીરજ રાખી, ભગવાનનો મહિમા વિચારી રોજ અભ્યાસ કરવાથી, ધીરેધીરે આત્માને વિશે અખંડ ભગવાન દેખાશે અને ધ્યાનની સિદ્ધિ થાશે.

**૨૨. શ્રીજી મહારાજની જાણવા જેવી આગવી વિશેષતાઓ કઈ કઈ હતી ?**

જ : (૧)શ્રીહરિ અક્ષરધામાધિપતિ, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, સર્વોપરી, સર્વે અવતારના અવતારી, કારણના કારણ, સર્વ પ્રકાશક, સર્વ નિયંતા હતા જ; પણ આપણને વધારે અસર થાય એવી **એક** બાબત એ હતી કે સર્વે ધામના બધા અવતારો અને બીજા ધામના બધા મુક્તો અહીં આવ્યા હતા. આ વાત કોઈ ખોટી કરી શકે એમ નથી. (૨) અને **બીજી** વિશેષતા એ છે કે મહારાજે જેમને પત્તર-તુંબડામાં જમાડ્યું, ખભામાં જોળી લઈ ઘેરઘેર ભિક્ષા મંગાવી એ કોઈ સામાન્ય નહીં, પણ ભરતપુરના મહારાજા નવલસિંહ, ગોંડા પ્રાંતના વીરસિંહજી મહારાજા, દંતિયા ગામના મહાપંડિત દિનમણી શંકર, અલૈયા મોડાના રાજકુમાર રણમલજી જેવા સર્વસ્વનો ત્યાગ કરી ભગવો ભેખ પહેરી શ્રીજી મહારાજની આગળ દાસાનુદાસ થઈને આજ્ઞામાં જીવતા. (૩) વળી, સાતસો ગામના રજવાડાના ધણી કુશળકુંવરબાઈ તથા સયાજીરાવ સરકારથી માંડી રાજા-મહારાજાઓ પણ શ્રીજી મહારાજની પાછળ ગાંડાઘેલાની જેમ ફરતા. (૪) અને એથી પણ અસરકારક વિશેષતા એ હતી કે એમના આશ્રિતો એ થયા હતા કે જે લોકોને પોતાના ઈષ્ટદેવ કે દેવીઓનો સાક્ષાત્કાર હતો કે જેમને પોત પોતાના ઈષ્ટદેવ કે દેવીએ દર્શન આપીને એમ કહ્યું હતું કે “આ

સ્વામિનારાયણ ભગવાન અમારા પણ કારણ છે, એમના શરણે જાવ.” આવા સાક્ષાત્કારી પુરુષો મહારાજને શરણે થયા હતા.

**૨૩. જીવનમાં કેવી આંટી પાડી રાખવી અને એના માટે શું કરવું ?**

જ : (૧) એક માત્ર મહારાજ, મહારાજની આજ્ઞા અને મોટાની મરજીમાં જ બંધાવું. આ સિવાય ક્યાંય બંધાઈ ન જવાય. આવી આંટી પાડી રાખવી. (૨) અને આવા ઠેરાવની સ્મૃતિ રખાવે એવા બે-પાંચનો સંગ રાખવો, એવા સાથે હેત રાખવું. (૩) એવાની પાસે આજીવન નિર્માની થઈને રહેવું અને વારે વારે પૂછવું કે, મા-બાપ મારામાં કાંઈ ફેર જણાતો હોય તો તમારો જાણીને કહેજો હો ! (૪) અને ભલે ભીંહ પડે તોપણ પોતાની બુદ્ધિ, સેવા, ભક્તિ, આઈડિયા, જ્ઞાન કરતાં પોતાથી જે શ્રેષ્ઠ હોય તેનું માનવું.

**૨૪. સ્વામિનારાયણ ભગવાને દયા કરીને આપણને શું શું આપ્યું છે ?**

જ : ભગવાને આપણને આવા આધ્યાત્મિક એવા ભારત દેશ, એમાંય જ્યાં સંતોના બેસણા છે એવી ગરવી ગુજરાતમાં જન્મ આપ્યો. દયા-કૃપા કરીને આપણને આલોક-પરલોક સંબંધી સુખ આપ્યું, વાતો કરી પોતાનું જ્ઞાન આપ્યું. મોટા મોટા પહાડ પણ આ વાતની આગળ અણું જેટલા લાગે એવી મોટી આ વાત છે કે એમણે આપણો હાથ ઝાલ્યો.

પ્રભુએ દયા કરીને આપણને સત્સંગમાં લીધા, એનો નિશ્ચય કરાવ્યો, એની ભક્તિ આપી, એના સંતો આપ્યા, એના ભક્તો આપ્યા અને સેવા આપી. અહો ! એમણે આપણને કેટલા બીરદાવ્યા ! કેટલા સન્માનિત કર્યા !

**૨૫. ભગવાન અને તેના મુક્તો આ બ્રહ્માંડમાં આવ્યા ત્યારથી આ બ્રહ્માંડની શું સ્થિતિ છે ?**

જ : આ બ્રહ્માંડમાં પ્રગતિ, પ્રગતિ જ છે. લાખો કે કરોડો આત્માઓ નહિ પણ અબજો આત્માઓ ભગવાન સ્વામિનારાયણને લઈને, તેમના પરમહંસોને લઈને, તેમના સત્સંગ, કીર્તનો, શાસ્ત્રોને લઈને સુખી થયા છે; અને હજી થવાના છે. બાકી જગતમાં બીજા ઘણા જીવો રાગ-દ્વેષ, કામ, ક્રોધ,

લોભ, માન, મોહ, ઈર્ષાથી પીડિત છે; ત્યારે ભગવાને આવીને એ બધા કાંટા કાઢ્યા અને આપણને મહાસુખીયા કર્યા. અને હજુ વધારે શાંતિ માણી શકીએ એવી શ્રીહરિએ આપણા ઉપર કૃપા કરી છે.

**૨૬. શ્રીહરિહર્યાનંદ સ્વામી ધર્માદો ઉઘરાવવા ગામડે જતા ત્યારે બનેલો પ્રસંગ જણાવો.**

જ : સ્વામી ગામડે જતા ત્યારે ભગવાન સ્વામિનારાયણ તેમની સાથે જ રહેતા હતા. એકવાર તોરી ગામના રામાનંદી ભક્ત કલ્યાણદાસને શ્રીહરિએ દર્શન દઈને એમ કહ્યું કે, "અલ્યા કલ્યાણદાસ ! આ અમારા હરિહર્યાનંદ સ્વામી આવે ને ત્યારે તમે એને નામના આઠ આના આપશો તો તમારું ઘર બળવાનું છે તેની અમે રક્ષા કરીશું. અમે ઘર નહિ બળવા દઈએ." કલ્યાણદાસે વિશ્વાસ રાખી; સ્વામી આવ્યા ત્યારે નામધર્માદો આપ્યો. પછી ટૂંક સમયમાં જ આ કલ્યાણદાસના પાડોશીના ઘરમાં આગ લાગી. અને એ આગ જ્યારે સળગતી સળગતી આસપાસના બધાં ઘરને લાગી, ત્યારે આખા ગામના દેખતા એ આગ કલ્યાણદાસના ઘરને ન લાગી. કેમ જે આખા ગામે ભગવાન સ્વામિનારાયણ અને હરિહર્યાનંદ સ્વામી દિવ્યરૂપે આવી આગ ઓલવી રહ્યા હતા એવું જોયું; આવા પ્રતાપી હરિહર્યાનંદ સ્વામી હતા.

**૨૭. ગોપાળાનંદસ્વામીએ કેવી રીતે લોકોને સિદ્ધિઓ બતાવી ?**

જ : સ્વામીએ પોતાની તર્જની આંગળી ચોકમાં સભા સામે લાંબી કરી તરત તેમાંથી તેજની શેડ નીકળવા લાગી અને તેમાંથી મોટી આઠ અને નાની દસ એ રીતે અઢાર સિદ્ધિઓ સ્ત્રીના આકારે લક્ષ્મીજીના જેવું રૂપ ધારણ કરી ચોકમાં પંક્તિબંધ આવીને ગોઠવાઈ ગઈ.

**૨૮. પાંચ પ્રકારના પુરુષો હોય છે તેની વિગત જણાવો.**

જ : **લક્ષણો :- પ્રથમ પુરુષ** એવો હોય જે પોતે પણ ભગવાન સંભારે અને બીજા જે પોતાને આશરે આવે તે સર્વને પણ ભગવાન સંભારાવડાવે, **બીજો પુરુષ** પોતે પોતાની મેળે ભગવાન સંભારે, **ત્રીજો પુરુષ** છે તે બીજાની ઓથે ભગવાનને સંભારે પણ સ્વતંત્ર પોતે ન સંભારે, **ચોથો પુરુષ** છે તે પોતે ભગવાનને ન સંભારે ને બીજો કોઈ ભગવાનને સંભારે

તોય ઠીક અને ન સંભારે તોય ઠીક, **પાંચમો પુરુષ** એ પોતે ભગવાનને સંભારે નહીં અને બીજા સંભારતા હોય તેને સંભારવા દે પણ નહીં. આ પાંચ પ્રકારના પુરુષો હોય છે તેનો ઓળખીને સંગ કરવો.

**૨૯. સાધુએ હરિભક્તની કઈ કઈ સેવા કરવાની હોય છે ?**

જ : સાધુએ ગામડા વિચરણ કરી હરિભક્તનું ભલું કરવું. હરિભક્તને ઘેરે થાળ-પધરામણી કરી દેવા. એમને કાંઈક દુઃખ હોય તો ભગવાનને પ્રાર્થના કરવી. હરિભક્તને જ્ઞાન મળે ને અજ્ઞાન ટળે એવી કાંઈક કથા-વાર્તા કરવી. હરિભક્તને ભગવાનના લીલાચરિત્ર સંભળાવીને એમને ભગવાનમાં હેત કરાવી ભગવાનને વિષે જોડવા અને સંસારનું હેત તોડાવી દેવું. સંબંધીમાંથી હેત તોડાવીને સંતો-ભક્તોમાં હેત કરાવવું. હરિભક્તને બ્રહ્મરૂપ કે અક્ષરરૂપ બનાવીને ભગવાનની મૂર્તિનો મહિમા દૃઢ કરાવી ભગવાનના સ્વરૂપમાં જોડી દેવા, આમ સાધુએ હરિભક્તોની સેવા કરવાની હોય છે.

**૩૦. ગોપાળાનંદ સ્વામી સરળ સ્વભાવની નબળાઈ વિશે શું કહે છે ?**

જ : બધા બોલવા માંડ્યા કે સરળ સ્વભાવ સારો. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે સરળ સ્વભાવને વિશે એક દોષ છે કે, “જે સત્પુરુષના સંગે કરીને ધર્મજ્ઞાનાદિક ગુણે સહિત શ્રીજી મહારાજની ભક્તિ કરતો હોય ને તેને અલ્પ બુદ્ધિવાળા સાધુ મળે ને આડી અવળી વાર્તા કરીને કોઈક બીજે માર્ગે ચડાવી દે તો એ ચડી જાય. માટે સર્વ ઠેકાણે સરળપણું ઠીક નહિ ને જ્યાં રાખવું ઘટે ત્યાં સમજીને રાખે તો સરળપણું ઠીક છે બાકી નુકશાન કરે છે.

**૩૧. સ્વભાવને વશ નહિ પણ સમજણને વશ વર્તાય; ઉદાહરણ આપી સમજાવો.**

જ : ભીષ્મ પિતામહ કોઈ અસુર નહોતા; ખરેખર સત્પુરુષ હતા. ઉર્ધ્વરેતા બ્રહ્મચારી મહાન વ્યક્તિ હતા; તોપણ મહાભારતના યુદ્ધનું કારણ એ બન્યા હતા. તે જો સ્વભાવને વશ ન હોત ને ધારત તો તેનાથી યુદ્ધ રોકી શકાયું હોત. તે સમજણને વશ નહિ પણ સ્વભાવને વશ હતા; તેથી તે હાર્યા ને દુઃખી થયા. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન સમજણને વશ

હતા અને પાંડવો શ્રીકૃષ્ણને વશ હતા, તો તેઓ શ્રીકૃષ્ણનું માન્યા તેથી જીત્યા અને સુખી થયા.

એમ આપણે કદાચ સમજણા ન હોઈએ તો ચાલે, પણ કોઈક સમજણાને વશ વર્તીએ તોય દુ:ખથી બચી જઈએ. પણ નથી સમજણ કે નથી સમજણવાળાની આજ્ઞામાં વર્તવાની તાકાત કે સરળતા. અને પોતાનું લુચ્ચું મન, પોતાની આંધળી બુદ્ધિ અને પોતાના કહેવાતા મૂરખ લાડલાઓ જેમ કહે તેમ મોહવશ થઈને માણસ કરે છે તે પોતે દુ:ખી થાય છે અને પોતાના સંગા-સંગાથી કે અનુયાયીઓને પણ દુ:ખી કરે છે. માટે સમજણને વશ વર્તવું સ્વભાવને વશ નહીં.

**૩૨. સંતોએ સ્વામીને પૂછ્યું કે વિષયમાં સુખ મનાય છે. એનો ગોપાળાનંદ સ્વામીએ શું જવાબ આપ્યો એ દૃષ્ટાંત સહિત સમજાવો.**

જ : ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, જ્યારે ભગવાનના સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારપછી ક્યારેય વિષયમાં સુખ મનાય નહીં. ભગવાનમાં ત્યારે જોડાવાય જ્યારે ભગવાનના સુખનું માહાત્મ્ય સમજાય. ભગવાનના સુખને અને પંચવિષયના સુખને સરખાવો ત્યારપછી નક્કી થઈ શકે કે ભગવાનમાં કેટલું સુખ છે.

**દૃષ્ટાંત :-** જેમ કોઈ રાજા હતો તેણે કોઈ એક પુરુષને એમ કહ્યું કે તું દિવસ ઉગ્યા પહેલા મારે ત્યાં આવીશ તો હું તને ૨૦૦ રૂપિયા આપીશ. ત્યારે એને રૂપિયા લેવાની ખૂબ જ ઝંખના લાગી. પછી સવારે તે જતો હતો ત્યારે રસ્તામાં ગામનો એક અણઘણ નામનો માણસ મળ્યો અને એણે કહ્યું કે તું રાજા પાસે ન જઈશ. હું તને ૧૦ રૂપિયા અને ઉપરથી જલેબી આપીશ. ત્યારે પેલા માણસને અણઘણ ઉપર ઘણો જ ગુસ્સો આવ્યો અને કહ્યું, મુરખ ! મને જવા દે, મારો રસ્તો ન રોકીશ. કેમ જે એને ૨૦૦ રૂપિયામાં દૃષ્ટિ પહોંચી હતી. આમ જેને ભગવાનના સુખમાં દૃષ્ટિ પહોંચે એને ભગવાનનું સુખ આવે.

**૩૩. લોયાના ૧૨ મુજબ ઉત્તમ સવિકલ્પ નિશ્ચયનો ભેદ સમજાવો.**

જ : ભગવાન ગમે તેવું નીચ જાતિની પેઠે આચરણ કરે તથા મદ્ય, માંસ,

પરસ્ત્રી, ક્રોધ, હિંસા ઇત્યાદિક ગમે તેવું આચરણ કરે તોપણ સંશય થાય નહીં. કેમ જે, એ ભક્ત ભગવાનને એમ જાણે છે જે ભગવાન તો સર્વના કર્તા છે ને પરમેશ્વર છે તે સર્વના ભોક્તા છે; માટે જે જે ક્રિયા પ્રવર્તે છે તે અન્વયપણે નિયંતારૂપે કરીને સર્વને વિશે રહ્યા જે ભગવાન તે થકી જ પ્રવર્તે છે; તો એ તો કાંઈક થોડીક એવી નીચ જેવી ક્રિયા કરી તેણે કરીને એમને કાંઈ બાધ નથી. કેમ જે, એ તો સર્વકર્તા છે. એવી રીતે ભગવાનને વિશે સર્વેશ્વરપણું જાણે, માટે એને ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળો ભગવદ્‌ભક્ત કહેવાય.

**૩૪. માટીના ઘડાના ઉદા. દ્વારા સ્વામી સંપૂર્ણ સત્સંગી થવા વિષે શું કહે છે ?**

જ : દૃષ્ટાંત : જેમ કુંભારે ચક્ર ઉપર માટીનો પિંડો ઘડો કરવાને અર્થે મૂક્યો, ત્યારથી તેનું નામ ઘડો પડ્યું; પણ એ ચક્રથી ઊતરશે ને તડકે સૂકવશે ને ઘડશે ને નીંભાડામાં બાળશે ને પછી પાણી ભરીને વાવરશે. તે એટલે ઠેકાણે જો નક્કી રહ્યો તો જાણીએ જે હવે આ નીવડ્યો ને નક્કી ઘડો થયો. તેમ ભગવાનના માહાત્મ્યપૂર્વક ત્રણ અંગે (ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય) સહિત ભક્તિ કરતે કરતે આત્માને વિશે જ્યારે પરમાત્માનું દર્શન થાય ત્યારે સત્સંગી સંપૂર્ણ થયો જાણવો.

**૩૫. સમાધિ કરતાં પણ સમજણ શ્રેષ્ઠ કઈ રીતે કહી છે ?**

જ : જગતના માણસ એમ માને છે કે સમાધિ એટલે ચરમ સીમાનું શ્રેષ્ઠત્વ. પણ સમજણની તોલે કોઈ ન આવે. તે સમજણ શું ? તો જનકરાજા જેવી સમજણ જે હું કોઈ કાળે શરીર નહીં, સ્ત્રી નહીં, પુરુષ નહીં, હું ત્યાગી નહીં, ગૃહી નહીં, હું બ્રાહ્મણ નહીં, શુદ્ર નહીં, હું વર્ણાશ્રમથી પર અતિ શુદ્ધ ચૈતન્ય, ચિદાકાશ આત્મા છું, બ્રહ્મ છું, અક્ષરબ્રહ્મ છું. સદા દિવ્ય સાકાર મૂર્તિ પુરુષોત્તમ નારાયણ મારા રોમરોમમાં કર્તાપણે વિલસી રહ્યા છે, સર્વત્ર વ્યાપી રહ્યા છે. આવી કોઈ કાળે ડગે નહીં એવી લોઢા જેવી સમજણ તે સમાધિ કરતાં પણ અતિ શ્રેષ્ઠ છે.

**૩૬. જીવમાં ધ્યાન કરવું એટલે શું ?**

જ : હું આ સ્થૂળ દેહ નહીં, સંકલ્પ-વિકલ્પાત્મક જે સૂક્ષ્મ શરીર જે મન,

બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ પણ હું નહીં. વળી આ બે શરીર જેમાંથી ઉત્પન્ન થાય છે એવું અવ્યક્ત રાગાત્મક કારણ શરીર એ પણ હું નહીં. હું આ ત્રણે શરીરથી પર શુદ્ધ ચેતન આત્મા તે હું છું. અને મારામાં સદા દિવ્ય સાકારમૂર્તિ શ્રીહરિ અખંડ બિરાજમાન છે, એમ ભગવાન સામુ જોઈ રહેવું તે જીવમાં ધ્યાન કર્યું કહેવાય. આવા ધ્યાન-ભજનથી કારણ શરીરનો તત્કાળ નાશ થાય છે અને તે વિના કોટી ઉપાય કરે તોપણ કારણ શરીર બળે નહિ, અને કારણ શરીર બળ્યા વિના અક્ષરધામમાં રહેવાતું નથી.

**૩૭. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણે દેહનો નાશ થાય એવી ધ્યાનની રીત વર્ણવો.**

જ : બાહ્ય લીલાચરિત્રે કરીને ભગવાનનું ધ્યાન કરે તો તેનાથી સ્થૂળ દેહનો નાશ થાય છે. મન આદિ અંતઃકરણ દ્વારા ભગવાનનું ધ્યાન કરે તો એ ધ્યાને કરીને સ્થૂળ-સૂક્ષ્મ એ બન્ને દેહનો નાશ થાય છે. ઈન્દ્રિયો-અંતઃકરણ તથા માયિકભાવ રહિત કેવળ સત્તારૂપ થઈને પોતાને અક્ષરરૂપ માનીને આત્મામાં પ્રતિલોમપણે ભગવાનની સન્મુખ રહીને ધ્યાન કરે તો તે ભક્તને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણનો ભાવ ટળી જાય છે. ત્યારે કારણ શરીર સહિત ત્રણે દેહનો નાશ થાય છે. માટે આ ધ્યાન સર્વ શ્રેષ્ઠ છે.

**૩૮. ભગવાનદાસ સ્વામીમાં કેવી કેવી ખૂબીઓ હતી ?**

જ : ૧.તેઓ જ્યારે ભજન કરવા બેસતા હતા ત્યારે તે મહારાજની મૂર્તિમાં લેલીન બની જતા હતા. ૨. નિત્ય સાંજે સૂતા પહેલાં ઘણો સમય ધ્યાન ધરતા હતા. ૩. તેઓ જ્યારે ધ્યાન કરવા બેસતા ત્યારે તેમના શરીર પર કોઈ પણ જીવજંતુ ચડે તો તેઓ ભગવાનના ધ્યાનમાંથી ચલાયમાન થતા નહીં. ૪.પોતાના સ્થૂળ શરીરની સ્મૃતિ ભુલીને જ ભગવાનનું ધ્યાન કરતા. ૫.તેઓ ગોપાળાનંદસ્વામીની કૃપાથી આત્મામાં પરમાત્માનો સાક્ષ-ાત્કાર પામ્યા હતા. ૬.શ્રીહરિ ઘણી વાર સ્વામીને સાક્ષાત્ દર્શન આપતા હતા. ૭.સ્વામીનું જીવન ખૂબ જ સરળ, સાત્વિક અને સાદગીપૂર્ણ હતું. ૮.તેઓ જરૂર પૂરતાં જ વસ્ત્રો રાખતાં. તેઓ પોતાની જરૂર પૂરતી વસ્તુ

એક તુંબડામાં રાખીને ઝાડ પર ટાંગી દેતા. ૯. તેઓ ફક્ત બાજરીની બાટી અને અડદની દાળ જમતા.

**૩૯. સત્વગુણની વૃદ્ધિ કેવી રીતે થાય ?**

જ : ૧. રજોગુણી અને તમોગુણી આહારનો ત્યાગ કરવો. ૨. સાત્વિક શાસ્ત્ર ભણવા. ૩. સાત્વિક પુરુષનો સંગ કરવો. ૪. કાર્ય કરતાં પહેલા વિચારીને કાર્ય કરવું. ૫. ભય-અભયનો વિચાર કરીને કાર્ય કરવું. ૬.બંધન-મોક્ષને જાણવા. ૭. ભગવાનની આજ્ઞા મુજબ વર્તવાથી જ ભગવાન આપણો મોક્ષ કરશે તેવુ મગજમાં પાકું કરવું.

**૪૦. નિર્વિકલ્પ કનિષ્ઠ ભક્ત કોણ કહેવાય ?**

જ : ભગવાનને સર્વ શુભ-અશુભ ક્રિયા કરતા દેખે તોપણ એમ સમજે જે, સર્વ ક્રિયા કરે છે તોપણ અકર્તા છે. કેમ જે, ભગવાન તો બ્રહ્મરૂપ છે. તે બ્રહ્મ કેવું છે ? તો આકાશની પેઠે સર્વને વિશે રહ્યું છે ને સર્વની ક્રિયાઓ તેને વિશે જ થાય છે. એવું જે બ્રહ્મપણું તે ભગવાનને વિશે જાણે. જેમ "રાસપંચાધ્યાયી"માં શુકજી પ્રત્યે પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો જે, "ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો ?" ત્યારે તેનો ઉત્તર શુકજીએ કર્યો. શ્રીકૃષ્ણ તો અગ્નિની પેઠે તેજસ્વી છે. તે જે જે શુભ અશુભ ક્રિયાને કરે છે તે સર્વે ભસ્મ થઈ જાય છે. એવી રીતે ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે તેને નિર્વિકલ્પ કનિષ્ઠ ભક્ત કહેવાય.

!! જય શ્રીસ્વામિનારાયણ !!

GOOD LUCK